ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

સમૃદ્ધિ

RNI REG. NC. 15069/1968

VOL. : 59 / ISSUE-4 / OCTOBER 2026

SGCCI
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
Business Beyond Excellence

સીટેક્ષ 2026

₹ 1680 કરોડનો ઔધોગિક હુંકાર!



THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

SGCCI

ANNUAL EVENT PARTNERS 2026-27

SINGHI FINANCIAL ADVISORS
Siddharth Pradeep Singhi

Mehta Wealth

Luthra Group
Renewing Hope
GEPIL

SOLEX ENERGY

Jainam

Liberty's

Since 1984
KP GROUP
www.kpgroup.co

SIGNATURE
RAPIER-JACQUARD-AIRJET

JBGO
JAY BHAGWAN GROUP ORGANISATION

KUMBHAT INVESTMENT BANKING
Debt | Private Equity | IPO

SARJAN
POSITION PRINTING MACHINE

SHAH PUBLICITY

D. KHUSHALBHAI
JEWELLERS -VESU

steamhouse
Community Boiler & Combined Heat and Power Solutions

ajmera
FASHION
"सम्मान भरी सुंदरता"

3 STAR
BRANDING PVT. LTD.

BHATHWARI
TECHNOLOGIES PVT. LTD.

SOHAGIA
TOURS & TRAVELS PVT LTD

anthems
CORPORATION

Alliance Fibres Pvt. Ltd.
Greenfil
Recycle for better Tomorrow

JYOTI Hydrotech Pvt. Ltd.
INTEGRATED WATER & WASTEWATER SOLUTIONS

Alliance

SHADE & LIGHT
PHOTO STUDIO PVT. LTD.

Roongta
DEVELOPERS

Globela Pharma
"Every Life Is Precious"

EXIM CONNECT
Complete Global Business Solution

SUNBOW
DYES & CHEMICALS LLP
THE WISE CHOICE
IN CATIONIC DYES

StratefiX
We are Because We IMPLEMENT

BUSINESS BEYOND EXCELLENCE

ચેમ્બરના હોદ્દેદારો



અશોક જીરાવાલા
પ્રમુખ



રવિ રાજ દેસાઈ
ઉપપ્રમુખ



નિખિલ મદ્રાસી
તત્કાલીન પૂર્વ પ્રમુખ



પરેશ લાઠીયા
માનદ્ મંત્રી



અતુલ પટેલ
માનદ્ ખજાનચી

ચેમ્બરના હોદ્દેદારો

અશોક જીરાવાલા
પ્રમુખ

રવિ રાજ દેસાઈ
ઉપપ્રમુખ

નિખિલ મદ્રાસી
તત્કાલીન પૂર્વ પ્રમુખ

પરેશ લાઠીયા
માનદ્ મંત્રી

અતુલ પટેલ
માનદ્ ખજાનચી

તંત્રી
વિપુલ સાચપરા

પ્રકાશક
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડિંગ, SIECC કેમ્પસ, ચેમ્બર ઓફ કોમર્સ રોડ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (w) www.sgcci.in

: સંપર્ક :
ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી

'સમૃદ્ધિ'ના આ અંક વિશે આપના સૂચનો આવકાર્ય છે.

Visit / Follow / Subscribe Us

અનુક્રમણિકા

01	પ્રમુખશ્રીનો સંદેશ	05
02	ઉપપ્રમુખ સ્થાનેથી...	06
03	તંત્રીની કલમે...	06
04	મશીનરી ચમકી, સુરત ધમધમ્યું!	07
05	સ્વાદ અને સુગંધને મળશે ગ્લોબલ પાંખો!	12
06	ભાડૂત બેન્ક, તો ટેક્સ ચારગણો કેમ?	14
07	મહેનત, માટી અને મહત્ત્વાકાંક્ષા	15
08	રંગોનો વૈભવ, વેપારમાં નફો!	17
09	રીલથી રિયલ બિઝનેસ	19
10	સુરક્ષા એ ખર્ચ નહીં, સપનાઓનું કવચ!	21
11	ગ્લેમર પાછળનો સંઘર્ષ!	23
12	કલ્પનાને મળ્યા કસબના રંગ	25
13	સ્વાદ, સાયન્સ અને સબસિડીનો સંગમ!	27
14	ફ્યુઅલથી ફેબ્રિક: પડકારો સામે પાંખો	29
15	માટી, શ્રદ્ધા અને પ્રકૃતિપ્રેમ	31
16	કેમ્પસથી કોર્પોરેટ સુધીનો સેતુ	33
17	ગ્રીન એનર્જી કર્ટેલમેન્ટ પારદર્શકતા અનિવાર્ય	35
18	હાસ્ય, કાવ્ય અને રાષ્ટ્રચેતના	37
19	ઘૂંટણનો ઘસારો એટલે સર્જરી જ? ના!	39
20	હારીને જીતી જાવ, સંબંધ સચવાઈ જશે	41
21	સુરક્ષિત શ્રમિક, સક્ષમ ઉદ્યોગ	43
22	પાટા પર એરપોર્ટનો વૈભવ!	45
23	વિદેશી મુરતિયો: ચકાસો, પછી પરણો	47
24	વજન વધે, તો બીમારીઓ બમણી!	49
25	પ્રવાહ સાથે નહીં, દિશા બદલી જીતો	51
26	નાના વિચાર, મોટું સામ્રાજ્ય!	53
27	એક ક્લિક, અને સિસ્ટમ હેક!	55
28	નિયમપાલન જ નફાકારક બિઝનેસની ચાવી	57
29	ટેક્સટાઇલ સેક્ટર સામે ત્રિપલ પડકાર	59
30	ઉધારી અટવાશે નહીં, વેપાર અટકશે નહીં ફેક્ટરીની જેમ ઉધારીનું પણ વીમા કવચ	61
31	અખબારી મથાળામાં ચેમ્બર	63

પ્રમુખશ્રીનો સંદેશ



અશોક જીરાવાલા
પ્રમુખ

પડકારો વચ્ચે નવી ઔદ્યોગિક ક્ષિતિજોનું સર્જન

પ્રિય સાથી સભ્યો,

સુરત અને દક્ષિણ ગુજરાતની ધરા હંમેશાં કર્મશીલતા, સાહસિકતા અને સંકલ્પબળની પ્રતીક રહી છે. ઇતિહાસ સાક્ષી છે કે આપણું શહેર ક્યારેય વૈશ્વિક મંદી કે અનિશ્ચિતતાઓ સામે ઝૂક્યું નથી; ઊલટાનું પ્રતિકૂળ સંજોગો વચ્ચેથી પણ માર્ગ કાઢી દરેક પડકારને નવી ઔદ્યોગિક તકમાં પલટાવવી એ આપણા ઉદ્યોગજગતની સાચી ખુમારી રહી છે.

વર્તમાન સમય ટેક્સટાઇલ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે નિર્ણાયક વળાંક સમાન છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલ અને યાર્નના ભાવોની વધઘટ, પાવર ટેરિફમાં **FPPPA**ના ભારણ તેમજ ગ્રીન એનર્જી ઓપન એક્સેસ પ્રોજેક્ટ્સમાં કર્ટેલમેન્ટની પારદર્શકતા જેવા પાયાના પ્રશ્નો આજે આપણી સામે ઉપસ્થિત છે. આ પડકારો વચ્ચે ચેમ્બરે **SLDC** અને નિયમનકારી તંત્રો સમક્ષ મજબૂત રજૂઆતો કરી ઉદ્યોગોના હિતોનું રક્ષણ કરવા પ્રાથમિકતા આપી છે. બિઝનેસમાં **2Q+1C**—એટલે કે ક્વોલિટી, ક્વોન્ટિટી અને કમિટમેન્ટ—જ સફળતાનો સાચો આધારસ્તંભ છે. જ્યારે જમીની અનુભવ સાથે આધુનિક ટેક્નોલોજી અને સ્પષ્ટ નીતિઓ જોડાય છે ત્યારે સામાન્ય એકમ પણ રાષ્ટ્રીય ફલક પર વિરાટ વટવૃક્ષ બને છે.

આપણું ગૌરવ છે કે ત્રિ-દિવસીય 'સીટેક્ષ-2026'માં દેશભરમાંથી 23,500થી વધુ બાયર્સે હાજરી આપી અને આગામી 6 મહિનામાં ₹1680 કરોડથી વધુનું કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ આકાર લેવા જઈ રહ્યું છે. સુરતમાં દૈનિક 6.5 કરોડ મીટર કાપડ ઉત્પાદન થાય છે, જેને આગામી 5 વર્ષમાં 10 કરોડ મીટરે પહોંચાડવાનો આપણો સંકલ્પ છે. આ સાથે જ 75 વર્ષ બાદ પુનઃનિર્માણ પામી રહેલું સુરત રેલવે સ્ટેશન 3.42 લાખ ચોરસ મીટરના વિસ્તારમાં એરપોર્ટ જેવી સુવિધાઓ સાથે 40 હજાર પેસેન્જરોની ક્ષમતા ધરાવતું આધુનિક ટ્રાન્ઝિટ હબ બનવા જઈ રહ્યું છે.

આવો, ઔદ્યોગિક ઉત્કર્ષની સાથોસાથ શ્રમિકોની સુરક્ષા, પર્યાવરણ અને પરસ્પર સહયોગને કેન્દ્રમાં રાખી સુરતની આર્થિક ઉડાનને નવી ઊંચાઈ આપીએ.

અશોક જીરાવાલા
પ્રમુખ, SGCCI

સપ્ટેમ્બર માસની સિદ્ધિઓ

- **'સીટેક્ષ-2026'નો ઐતિહાસિક રેકોર્ડ:** દેશભરમાંથી 23,500થી વધુ અધિકૃત બાયર્સ ઉમટ્યા; આગામી 6 મહિનામાં ટેક્સ્ટાઇલ મશીનરી સેક્ટરમાં ₹1680 કરોડથી વધુના કેપિટલ ઇન્વેસ્ટમેન્ટની મજબૂત સંભાવના.
- **ગ્રીન એનર્જી ઓપન એક્સેસ રજૂઆત:** કેપ્ટિવ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાં કર્ટેલમેન્ટની પારદર્શકતા અને પ્રો-રેટા પદ્ધતિ અંગે વડોદરા સ્થિત **SLDC** સમક્ષ ઉચ્ચસ્તરીય સફળ રજૂઆત.
- **ટેક્સ્ટાઇલ એસોસિએશનોનું સંયુક્ત મંથન:** ક્રૂડ-યાર્ન ભાવ વિસંગતતા, **FPPPA** યુનિટ વધારો અને લેબર કાયદાના પડકારો સામે એકસૂર થઈ સરકાર સમક્ષ રજૂઆતનો સર્વગ્રાહી તખ્તો તૈયાર.
- **સ્ટાર્ટઅપ ડેમો ડે 2.0:** **SGCCI** અને **i-Hub** ગુજરાતના સહયોગથી **AI, SaaS** અને **EdTech** ક્ષેત્રના 6 હોનહાર સ્ટાર્ટઅપ્સને ઇન્ડસ્ટ્રી કનેક્ટ અને સીડ ફંડિંગ માર્ગદર્શન.
- **ગ્લોબલ એજ્યુકેશન એક્સ્પો કર્ટેન રેઇઝર:** **VNSGU** વાઇસ ચાન્સલરની ઉપસ્થિતિમાં ડિસેમ્બર 2026માં યોજાનારા ત્રિ-દિવસીય એજ્યુકેશન એન્ડ સ્કિલ એક્સ્પોનું સત્તાવાર લોન્ચિંગ.

ઉપપ્રમુખ સ્થાનેથી...

સંસાધનોનું આયોજન, કૌશલ્ય અને ઉજ્જવળ ભવિષ્ય



રવિ રાજ દેસાઈ
ઉપપ્રમુખ

સ્નેહી સભ્યો,

કોઈપણ ઔદ્યોગિક કે વ્યાપારી સંસ્થાની ટકાઉ સફળતા ભવિષ્યલક્ષી આયોજન અને સમયસર લીધેલા સાહસિક નિર્ણયો પર નિર્ભર રહે છે. સુરત જ્યારે પરંપરાગત વેપારથી આગળ વધીને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનું કેન્દ્ર બની રહ્યું છે, ત્યારે આપણા યુવાનો અને નવી પેઢીના સાહસિકોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવું એ આપણી પ્રાથમિક ફરજ છે.

ચેમ્બર અને **i-Hub**ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા 'સ્ટાર્ટઅપ ડેમો ડે 2.0'માં **EdTech, AI, SaaS** અને **IoT** ક્ષેત્રના 6 તેજસ્વી સ્ટાર્ટઅપ્સે સાબિત કર્યું છે કે નાના વિચારો પણ રાષ્ટ્રીય કક્ષાના સોલ્યુશન્સ આપી શકે છે. તેવી જ રીતે આગામી 11થી 13 ડિસેમ્બર દરમિયાન યોજાનાર 'ગ્લોબલ એજ્યુકેશન એન્ડ સ્કિલ એક્સ્પો-2026' શિક્ષણ જગત અને ઉદ્યોગો વચ્ચે સીધો સેતુ બાંધશે. માત્ર પુસ્તકીય ડિગ્રીઓ પૂરતી નથી; ઔદ્યોગિક ઇન્ટર્નશિપ અને ગ્લોબલ સ્કિલિંગ જ આપણા યુવાનોને વૈશ્વિક કક્ષાએ અગ્રેસર બનાવશે.

બીજી તરફ, વ્યાપાર વિસ્તરણ સાથે નાણાકીય જોખમોનું વ્યવસ્થાપન પણ એટલું જ જરૂરી છે. ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ, સુદ્રઢ ટેક્સ પ્લાનિંગ અને ઓક્યુપેશનલ સેફ્ટી કોડ (**OSH**)નું પાલન કરીને આપણે આપણી કંપનીઓને આંતરિક રીતે વધુ મજબૂત બનાવી શકીએ છીએ. સુરતની વિકાસયાત્રામાં ચેમ્બર હંમેશાં આપની સાથે અડીખમ ઊભું છે.

રવિ રાજ દેસાઈ
ઉપપ્રમુખ,
એસજીસીસીઆઈ

તંત્રીની કલમે...

પરિવર્તનનો ધબકાર ઝીલતું સામયિક

આજના ઝડપી અને ટેક્નોલોજી-સંચાલિત યુગમાં માહિતી માત્ર મેળવવી પૂરતી નથી, પરંતુ તેનું વિશ્લેષણ કરી તેને વ્યવસાયિક વ્યૂહરચનામાં રૂપાંતરિત કરવી એ સાચી આવડત છે. ચેમ્બરના માસિક મુખપત્રનો આ અંક સુરતના આર્થિક, ઔદ્યોગિક અને સામાજિક જીવનના વિવિધ રંગોનું જીવંત પ્રતિબિંબ રજૂ કરે છે.

એક તરફ 'સીટેક્ષ-2026'ના માધ્યમથી ટેક્સ્ટાઇલ મશીનરી ક્ષેત્રે ₹1680 કરોડના રોકાણના દ્વાર ખૂલ્યા છે, તો બીજી તરફ 75 વર્ષ બાદ પુનઃનિર્માણ પામી રહેલું સુરત રેલવે સ્ટેશન આપણા અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચરની નવી ઓળખ બની રહ્યું છે. ઉદ્યોગ જગત જ્યારે ફ્યુઅલ, યાર્ન અને પાવર ટેરિફના પડકારો સામે લડી રહ્યું છે ત્યારે સાયબર સિક્યુરિટી અને નવા **OSH** કોડનું કાયદાકીય અનુપાલન પણ એટલું જ અનિવાર્ય બન્યું છે.

માત્ર વેપાર જ નહીં, પરંતુ માનવીય મૂલ્યો, સામાજિક સંબંધો અને સ્વાસ્થ્યની જાળવણી વગર કોઈ પ્રગતિ પૂર્ણ નથી. લેડીઝ વિંગનો **'S.M.A.R.T.** રિલેશનશિપ' સંવાદ, આરોગ્ય સજ્જતા માટે 'ઓબેસિટી ટ્રીટમેન્ટ્સ' સેમિનાર અને હાસ્ય-રાષ્ટ્રચેતના જગાવતું 'કવિ સંમેલન' સાબિત કરે છે કે સુરતનું હૃદય હંમેશાં ધબકતું રહે છે. આ અંક આપના ટેબલ પર માત્ર સમાચાર નહીં, પરંતુ પ્રેરણા અને વ્યાપારિક દિશાદર્શનનું માધ્યમ બની રહેશે તેવી શ્રદ્ધા છે.

આપના પ્રતિભાવો અને સૂચનો સદાય આવકાર્ય છે.

તંત્રી,
સમૃદ્ધિ મેગેઝિન

ડિસ્ક્લેમર: આ મેગેઝિનમાં વ્યક્ત કરાયેલા વિચારો અને અભિપ્રાયો લેખકોના અંગત છે અને તે અનિવાર્યપણે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની સત્તાવાર નીતિ અથવા સ્થિતિને પ્રતિબિંબિત કરતા નથી. ઓટોમેટેડ એનાલિટિકલ ટૂલ્સ દ્વારા પ્રોસેસ કરાયેલા ડેટા સહિતની તમામ માહિતીની સચોટતા જાળવવા માટે પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમ છતાં SGCCI, આ કન્ટેન્ટની સંપૂર્ણતા અથવા ચોકસાઈની ખાતરી આપતું નથી. વાચકોને વિનંતી છે કે કોઈપણ મહત્વપૂર્ણ બિઝનેસ ડેટાની સ્વતંત્ર રીતે ચકાસણી કરવી.



મશીનરી ચમકી, સુરત ધમધમ્યું!

સીટેક્ષ 2026: ₹ 1680 કરોડનો ઔદ્યોગિક હુંકાર



SGCCI આયોજિત ત્રિ-દિવસીય ‘સીટેક્ષ-2026’માં દેશભરમાંથી 23,500થી વધુ બાયર્સ ઉમટ્યા; ટેક્સ્ટાઇલ મશીનરીમાં ₹1680 કરોડના મૂડીરોકાણની પ્રબળ શક્યતા



સુરતની ઔદ્યોગિક ભૂમિ પર ફરી એકવાર ભારતીય ટેક્સ્ટાઇલ એન્જિનિયરિંગનો ઐતિહાસિક અધ્યાય રચાયો છે. માત્ર કાપડ ઉત્પાદન સુધી સીમિત ન રહેતાં હાઇ-ટેક મશીનરી, ઓટોમેશન અને પર્યાવરણીય સસ્ટેનેબિલિટીનું વૈશ્વિક હબ બનવા તરફ સુરતે મક્કમ ડગ માંડ્યા છે. સરસાણા સ્થિત SIECC સંકુલમાં યોજાયેલા ત્રણ દિવસના ‘સીટેક્ષ-2026’ એક્સ્પોએ દેશના ખૂણે-ખૂણેથી ઉમટેલા 23,500થી વધુ સક્ષમ બાયર્સ અને કરોડો રૂપિયાના ઓન-ધ-સ્પોટ ઓર્ડર્સ સાથે ટેક્સ્ટાઇલ આધુનિકીકરણને અભૂતપૂર્વ ગતિ આપી છે.


વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે ભવ્ય પ્રારંભ

ઉદ્‌ઘાટન સમારોહમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે ‘સીટેક્ષ-2026’નો ભવ્ય પ્રારંભ થયો હતો. સમારોહમાં અતિથિ વિશેષ તરીકે અશોકા એન્ટરપ્રાઇઝના ડિરેક્ટર શ્રી અશોકભાઈ અડવાણી તેમજ એલાયન્સ એમ્બ્રોઇડરી મશીન પ્રા.લિ.ના ડિરેક્ટર શ્રી સુભાષભાઈ દાવર ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટન સંબોધનમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સુરતના ઔદ્યોગિક પાયાને બિરદાવતાં જાહેર કર્યું હતું કે સુરતમાં હાલ દૈનિક 6.5 કરોડ મીટર કાપડનું ઉત્પાદન થાય છે, જે આગામી 5 વર્ષમાં વધીને 10 કરોડ મીટર પહોંચશે. સ્થાનિક ટેક્સ્ટાઇલ ઉદ્યોગની આધુનિક મશીનરીની વધતી માંગને પહોંચી વળવા ચેમ્બર દ્વારા આ વર્ષે પ્રથમવાર ‘સીટેક્ષ’ની 3 શ્રેણીઓ યોજાશે.

મુખ્ય અતિથિ પદેથી સંબોધન કરતાં મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ‘ધરતી પાસેથી જે લઈએ તે ધરતીને પાછું આપીએ’ના મંત્ર સાથે પર્યાવરણ અને જળ સંરક્ષણ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્રમાં પાણીનો સૌથી વધુ વપરાશ ટેક્સટાઇલ સેક્ટર કરતું હોવાથી વર્ષ 2030 સુધીમાં 70% પાણીનો પુનઃઉપયોગ અનિવાર્ય બનશે; વર્ષ 2050 સુધીમાં રિસાયકલ પાણી સંબંધિત વૈશ્વિક ઉદ્યોગ 2 ટ્રિલિયન ડૉલરે આંબશે. તેમણે ઉમેર્યું કે સુરત માત્ર કાપડ ઉત્પાદન પૂરતું સીમિત ન રહેતાં મશીનરી ઉત્પાદન સહિત સમગ્ર વેલ્યુ ચેઇન વિકસાવે. દેશમાં સ્થપાઈ રહેલા 12 સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ પૈકી 6 ગુજરાતમાં અને તેમાંથી 1 સુરતમાં આકાર લઈ રહ્યો છે તે ગૌરવની બાબત છે. આ પ્રસંગે ‘સીટેક્ષ-2027’ની સત્તાવાર એક્ક્રિબિટર ગાઇડનું વિમોચન અને ઇ-લોન્ચિંગ પણ સંપન્ન થયું હતું.







બાયર્સ-મુલાકાતીઓનો ધસારો

પ્રથમ દિવસે 4,500 ગંભીર બાયર્સે પ્રદર્શન નિહાળી મશીનરી ઇન્સ્પેક્શન હાથ ધર્યું હતું. બીજા દિવસે પ્રદર્શનમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો હતો અને એક જ દિવસમાં 12,000 જેટલા મુલાકાતીઓ ઉમટી પડતાં બે દિવસમાં જ આંકડો 16,500ને પાર થઈ ગયો હતો. ત્રીજા દિવસે વધુ 7,000 બાયર્સે મુલાકાત લેતાં ત્રણ દિવસમાં કુલ 23,500 મુલાકાતીઓનો સર્વકાલીન વિક્રમ નોંધાયો હતો. પ્રદર્શનમાં હાઇ-સ્પીડ લૂમ્સ, ઓટોમેટેડ પ્રોસેસિંગ એકમો અને ગ્રીન ટેક્નોલોજી મશીનરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેણે પરંપરાગત એકમોને હાઇ-ટેક ઓટોમેશન તરફ લઈ જવાની ઉત્સુકતા વધારી હતી.



એક્ઝિબિશન ઍટ અ ગ્લાન્સ:

કુલ મુલાકાતીઓ (3 દિવસ):
23,500 વેરિફાઇડ બાયર્સ
પ્રથમ દિવસ: 4,500 બાયર્સ
બીજો દિવસ: 12,000 બાયર્સ (સૌથી મોટો ઉછાળો)
ત્રીજો દિવસ: 7,000 બાયર્સ
અંદાજિત કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ પ્રોજેક્શન:
₹1680 કરોડથી વધુ (આગામી 6 મહિનામાં)
ભૌગોલિક વ્યાપ:
આંદામાન-નિકોબાર, કાશ્મીર, દક્ષિણ અને પૂર્વ ભારત સહિતનાં 35થી વધુ મુખ્ય ઔદ્યોગિક ટેક્સ્ટાઇલ ક્લસ્ટર્સ
વિશેષ લોન્ચિંગ:
'સીટેક્ષ-2027' સત્તાવાર એક્ઝિબિટર ગાઇડનું વિમોચન અને ઇ-લોન્ચિંગ

જાણવા જેવું:

ટેક્સટાઇલ પ્રોસેસિંગ ઉદ્યોગમાં 1 કિલો કાપડ તૈયાર કરવા માટે સરેરાશ 100થી 150 લિટર પાણી વપરાય છે. વૈશ્વિક સ્તરે પ્રચલિત ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) અને મેમ્બ્રેન બાયો-રિએક્ટર પદ્ધતિ દ્વારા પ્રોસેસિંગ એકમો 85%થી વધુ પાણી પુનઃપ્રાપ્ત કરી શકે છે. વૈશ્વિક આંકડા મુજબ ઔદ્યોગિક વોટર રિસાયક્લિંગ ટેક્નોલોજી બજાર 2050 સુધીમાં નોંધપાત્ર ઊંચાઈ આંબશે.

14th EDITION SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
26-27-28 SEP 2026

સુરત ઇન્ટરનેશનલ ટેક્સટાઈલ એક્સ્પો

તારીખ
26, 27 અને 28 સપ્ટેમ્બર 2026

સ્થળ
સુરત
ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC), સરસાણા, સુરત

સંયુક્ત આયોજક
SGCCI અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર

ઉદ્ઘાટક
અર્જુનભાઈ મોઢવાડિયા
(વન અને પર્યાવરણ મંત્રી, ગુજરાત રાજ્ય)

અતિથિ વિશેષ
શ્રી અશોકભાઇ અડવાણી
(ડિરેક્ટર, અશોકા એન્ટરપ્રાઇઝ)

શ્રી સુભાષભાઈ ડાવર
(ડિરેક્ટર, એલાયન્સ એમ્બ્રોઈડરી મશીન પ્રા. લિ.)

SGCCI નેતૃત્વ
શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ)
શ્રી રવિ રાજ દેસાઈ (ઉપપ્રમુખ)
શ્રી પરેશ લાઠીયા (માનદ મંત્રી)
શ્રી અતુલ પટેલ (માનદ ખજાનચી)

કમિટી નેતૃત્વ
શ્રી મનિષ કાપડિયા
(ચેરમેન, ઓલ એક્ઝિબિશન)

પૂર્વ પ્રમુખોની ઉપસ્થિતિ
શ્રી આશિષ ગુજરાતી
શ્રી મહેન્દ્ર કાજીવાલા
શ્રી પ્રફુલ્લ શાહ

સમગ્ર ભારતની ઉપસ્થિતિ અને આંતરરાજ્ય જોડાણ

કાશ્મીરથી કન્યાકુમારી અને પૂર્વ ભારતથી છેક આંદામાન-નિકોબાર (બામ્બુફ્લેટ અને ગ્રેનચર્મા) સુધીના ટેક્સ્ટાઇલ પ્રતિનિધિમંડળો આ પ્રદર્શનમાં જોડાયા હતા. ઉત્તરમાં લુધિયાણા, અમૃતસર, પાણીપત, નવી દિલ્હી, અંબાલા અને વારાણસી; પશ્ચિમમાં અમદાવાદ, ભીલવાડા, જોધપુર, બિકાનેર, ઇન્દોર તેમજ મહારાષ્ટ્રના ઇચલકરંજી, માલેગાંવ, સોલાપુર, પુણે, નાશિક, મુંબઈ અને છત્રપતિ સંભાજીનગર; દક્ષિણમાં તિરુપુર, કોઈમ્બતુર, ઇરોડ, બેંગ્લોર, હૈદરાબાદ અને ચેન્નાઈ; પૂર્વમાં કોલકાતા, સિલચર, પટના તેમજ ગુજરાતના સુરેન્દ્રનગર, ભાવનગર, પાટણ અને ભુજ જેવાં 35થી વધુ ઔદ્યોગિક કેન્દ્રોના ઉદ્યોગપતિઓએ સુરત આવીને મશીનરી અપગ્રેડેશન માટે સક્રિય પૂછપરછ હાથ ધરી હતી










“સુરતમાં દૈનિક 6.5 કરોડ મીટર કાપડ બને છે જે આગામી 5 વર્ષમાં 10 કરોડ મીટર થશે; આ વધતી માંગને પહોંચી વળવા આ વર્ષે સીટેક્ષની 3 શ્રેણી યોજાશે અને આગામી 6 મહિનામાં ₹1680 કરોડનું કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ આવશે.”

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI

“ધરતી પાસેથી જે લઈએ તે ધરતીને પાછું આપીએ; સુરત માત્ર કાપડ ઉત્પાદન પૂરતું સીમિત ન રહેતાં મશીનરી સહિત સમગ્ર વેલ્યુ ચેઇન વિકસાવે અને વર્ષ 2030 સુધીમાં 70% પાણીનો પુનઃઉપયોગ સુનિશ્ચિત કરે.”

- શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, વન અને પર્યાવરણ મંત્રી, ગુજરાત રાજ્ય



બિઝનેસ પરિણામો અને આર્થિક ભવિષ્ય

પ્રદર્શનના સમાપને પરિણામોનું વિશ્લેષણ કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું કે તમામ એક્ઝિબિટર્સ તરફથી અત્યંત પ્રોત્સાહક ફીડબેક સાંપડ્યા છે. જેન્યુઇન બાયર્સ સાથેની વન-ટુ-વન બેઠકોમાં ઓન-ધ-સ્પોટ મોટા ઓર્ડર્સ ફાઇનલ થયા છે. લેટેસ્ટ ટેક્નોલોજી અને એન્સિલરી પ્રોડક્ટ્સ માટે જે ગંભીર વ્યાપારી ઇન્ક્વાયરીઝ નોંધાઈ છે તેના આધારે આગામી 6 મહિનામાં ટેક્સ્ટાઇલ મશીનરી ક્ષેત્રમાં આશરે ₹1680 કરોડથી વધુના કેપિટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ શક્યતા છે. ‘મેક ઇન ઇન્ડિયા’ અને વૈશ્વિક અદ્યતન ટેક્નોલોજીના સમન્વયથી આ એક્સ્પોએ સાબિત કર્યું છે કે સુરત હવે કાપડની સાથે ટેક્સ્ટાઇલ મશીનરી એડોપ્શનનું પણ રાષ્ટ્રીય કેન્દ્ર બની ચૂક્યું છે.

સ્વાદ અને સુગંધને મળશે ગ્લોબલ પાંખો!

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સેન્ટર ફોર પેરિશેબલ કાર્ગો (CPC) સ્થાપવા બાબતે SGCCI અને GAICL વચ્ચે બેઠક યોજાઈ



દક્ષિણ ગુજરાતના રસદાર ફળો અને દરિયાઈ સંપત્તિને હવે દુનિયાના છેવાડા સુધી ઝડપથી પહોંચાડવાની દિશા ખૂલી રહી છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ માત્ર મુસાફરોની અવરજવરનું કેન્દ્ર ન રહેતાં પશ્ચિમ ભારતનું એક મજબૂત એર-કાર્ગો લોજિસ્ટિક્સ હબ બને તે માટે આયોજનબદ્ધ પાયો નખાઈ રહ્યો છે.

દક્ષિણ ગુજરાતમાંથી નાશવંત ચીજવસ્તુઓની સીધી હવાઈ નિકાસ શક્ય બનાવવા માટે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (GAICL)ના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સાથે સરસાણા સ્થિત 'સંહતિ' ભવન ખાતે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રદેશની આર્થિક ક્ષમતાનો સચોટ ચિતાર આપ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે દક્ષિણ ગુજરાત માત્ર ટેક્સટાઇલ અને ડાયમંડ પૂરતું મર્યાદિત નથી, પરંતુ કૃષિ, બાગાયત અને મરીન પ્રોડક્ટ્સ ક્ષેત્રે પણ કુદરતે આ પ્રદેશને અજોડ ભૌગોલિક અનુકૂળતા બક્ષી છે. વલસાડી હાફૂસ અને કેસર કેરીની મધમીઠી સુગંધ, નવસારી-વલસાડના જીઆઈ ટેગ ધરાવતાં ચીકુ તેમજ સુરત, નવસારી અને ભરૂચના દરિયાકાંઠે વિકસેલા એક્વાકલ્ચરના ઝીંગાની ગલ્ફ દેશો, અમેરિકા, યુરોપ અને જાપાન જેવા સમૃદ્ધ દેશોમાં વર્ષોથી જબરદસ્ત માગ છે.

સ્થાનિક કૃષિ પાકોના ઝડપી પરિવહન માટે પશ્ચિમ રેલવે દ્વારા અમલસાડ અને બીલીમોરાથી દોડાવવામાં આવતી 'ચીકુ સ્પેશિયલ ટ્રેન' દેશભરમાં સફળ એગ્રો-લોજિસ્ટિક્સ સાબિત થઈ ચૂકી છે. પ્રમુખશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે હવે જો સુરત

ઈવેન્ટ પેનલ

- **તારીખ:** 10 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** 'સંહતિ' ભવન, સરસાણા, સુરત
- **હેતુ:** સુરત એરપોર્ટ ખાતે સેન્ટર ફોર પેરિશેબલ કાર્ગો (CPC) સ્થાપના સંબંધી સમીક્ષા
- **SGCCI પ્રતિનિધિઓ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી લિનેશ શાહ (ચેરમેન, એવિએશન/એરપોર્ટ કમિટી), શ્રી કે. બી. પીપલિયા (ચેરમેન, એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હસબન્ડરી કમિટી)
- **GAICL પ્રતિનિધિઓ:** શ્રી વનરાજસિંહ બી. વાઘેલા (ઇન્ચાર્જ ડિવિઝનલ મેનેજર - P&A), શ્રી હિતેશ બી. પટેલ (કન્સલ્ટન્ટ કંપની સેક્રેટરી)

> **"સુરત એરપોર્ટના વિકાસને માત્ર પેસેન્જર ટ્રાફિક સુધી સીમિત રાખવાને બદલે એર-કાર્ગો અને લોજિસ્ટિક્સ હબ તરીકે વિસ્તારવાની પૂર્ણ સંભાવનાઓ છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**

એરપોર્ટ પર સેન્ટર ફોર પેરિશેબલ કાર્ગો (CPC) શરૂ થાય, તો ખેડૂતો અને નિકાસકારોને દેશના આંતરિક બજારો માટે રેલવે અને આંતરરાષ્ટ્રીય સ્તરે સીધું હવાઈ પરિવહન એમ બેવડો ફાયદો મળશે. કેરી, ચીકુ, શાકભાજી કે ઝીંગા જેવી નાશવંત વસ્તુઓ મુંબઈ કે અમદાવાદ એરપોર્ટ મોકલવાની લાંબી અને ખર્ચાળ ઝંઝટમાંથી મુક્તિ મળશે. સ્થાનિક સ્તરે જ યોગ્ય કોલ્ડ ચેઇન, સ્પેશિયલાઇઝ્ડ સ્ટોરેજ અને હૅન્ડલિંગ સિસ્ટમ ઊભી થતાં સુરત સમગ્ર પશ્ચિમ ભારતનું મોટું ગેટવે બની શકે છે. આ દીર્ઘદ્રષ્ટિ સાકાર કરવા સરકાર, એરપોર્ટ ઓથોરિટી અને ઉદ્યોગજગત સાથે સંકલન સાધીને ચેમ્બર પૂર્ણ સહયોગ આપશે.

ચેમ્બરની એવિએશન/એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહે ઉમેર્યું હતું કે પ્રસ્તાવિત CPC ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી સ્થાનિક એક્સપોર્ટર્સ માટે ગલ્ફ, મિડલ ઇસ્ટ અને યુરોપિયન બજારોના નવાં પ્રવેશદ્વાર ખૂલશે. ગણતરીના કલાકોમાં વૈશ્વિક ડિલિવરી મળતાં ઉત્પાદનોની તાજગી અકબંધ રહેશે.



ભાડૂત બેન્ક, તો ટેક્સ ચારગણો કેમ?

સુરત મહાનગરપાલિકા દ્વારા બેન્કોને લીઝ પર અપાતી મિલકતો પરના 7.00 પ્રોપર્ટી ટેક્સ ફેક્ટરને તર્કસંગત કરવા SGCCIની રજૂઆત

સમાન બાંધકામ, સમાન સુવિધાઓ અને સરખા જ વિસ્તારમાં આવેલી દુકાન કે ઓફિસ માટે જે ટેક્સ ગુણાંક 1.75 હોય, તે જ જગ્યામાં બેન્કની શાખા શરૂ થતાં સીધો 7.00 થઈ જાય છે. મિલકતનું ભૌતિક સ્વરૂપ બદલાયા વિના માત્ર ભાડૂત બેન્ક હોવાના કારણે ટેક્સની જવાબદારી ચાર ગણી વધી જતાં કોમર્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટ પર પ્રતિકૂળ અસરની ભીતિ સર્જાઈ છે.

> **"માત્ર મિલકતના ભૌતિક સ્વરૂપમાં કોઈ ફેરફાર ન હોવા છતાં ભાડૂત બેન્ક હોવાના કારણે પ્રોપર્ટી ટેક્સની જવાબદારી લગભગ ચાર ગણી વધે છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સુરતના ઝડપી આર્થિક વિકાસ અને બિઝનેસ-ફ્રેન્ડલી ઓળખને ટાંકીને આ ટેક્સ વિસંગતતા સામે અવાજ ઉઠાવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે બેન્કિંગ ક્ષેત્ર એ શહેરના વેપારીઓ, ઉદ્યોગકારો, MSMEs, પ્રોફેશનલ્સ અને સામાન્ય નાગરિકો માટે અનિવાર્ય આર્થિક કરોડરજ્જુ છે. આવા સંજોગોમાં મિલકતની લોકેશન કે બાંધકામ જેવી ભૌતિક બાબતોને બદલે માત્ર ભાડૂતની કેટેગરી જોઈને અસામાન્ય ટેક્સ લાદવો અયોગ્ય છે.

શ્રી જીરાવાલાએ ચેતવણી આપી હતી કે આ ઊંચા ભારણને પગલે મિલકત માલિકો માટે બેન્કોને જગ્યા લીઝ પર આપવાનું આકર્ષણ ઘટશે, કોમર્શિયલ સ્પેસ લાંબો સમય ખાલી રહેશે અને સુરતમાં નવો વ્યવસાય સ્થાપવાની પડતર વધશે. આ નીતિ નવા કોમર્શિયલ પ્રોજેક્ટ્સના રોકાણને પણ બ્રેક મારી શકે છે.

ચેમ્બરે મ્યુનિસિપલ કમિશનર તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સમક્ષ સ્પષ્ટ માંગ મૂકી છે કે બેન્કિંગ પ્રોપર્ટી પર લાદવામાં આવેલા 7.00ના ફેક્ટરની તાત્કાલિક સમીક્ષા કરવામાં આવે અને તેને 1.75 સાથે તુલનાત્મક રીતે વાજબી સ્તરે લાવવામાં આવે. આ સાથે પ્રોપર્ટી ટેક્સ નીતિમાં કોઈ પણ સુધારો કરતાં પહેલાં SGCCI, બેન્કિંગ અને રિયલ એસ્ટેટના હિતધારકો સાથે પરામર્શ હાથ ધરવા અનુરોધ કરાયો છે.

રજૂઆત એક નજરે

તારીખ	રજૂઆતકર્તા સંસ્થા	રજૂઆત થઈ	મુખ્ય મુદ્દો
8 સપ્ટેમ્બર 2026	ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)	મ્યુનિસિપલ કમિશનર તથા ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી (સુરત મહાનગરપાલિકા)	સામાન્ય કોમર્શિયલ ફેક્ટર (1.75) અને બેંકિંગ પ્રોપર્ટી ફેક્ટર (7.00) વચ્ચેના તફાવતનું તર્કસંગતીકરણ



મહેનત, માટી અને મહત્ત્વાકાંક્ષા

ભોપાલમાં કુર્મી ઇતિહાસ અનુસંધાન પરિષદની દ્વિતિય રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં મુખ્ય અતિથિ તરીકે SGCCI પ્રમુખ શ્રી અશોક જીરાવાલાનું પ્રેરક સંબોધન

ભારતના 25 રાજ્યોમાં વિસ્તરેલી અન્ન સુરક્ષાની મજબૂત કરોડરજ્જુ હવે પરંપરાગત સીમાઓ ઓળંગીને જ્ઞાન અને વૈશ્વિક નેતૃત્વ તરફ ડગ માંડી રહી છે. ભોપાલ સ્થિત ગુજરાતી સમાજ ભવન ખાતે આયોજિત રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ખેતીથી ઉદ્યોગ સુધીની ગૌરવશાળી સફર વર્ણવી નવી પેઢીને ટેક્નોલોજી ક્ષેત્રે અગ્રેસર રહેવા પ્રેરક આહવાન કર્યું હતું.

'કુર્મી ઇતિહાસ અનુસંધાન પરિષદ' દ્વારા આયોજિત દ્વિતિય રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં મુખ્ય અતિથિપદેથી સંબોધન કરતાં SGCCI પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમાજના ઐતિહાસિક પ્રદાનની સાથે દેશની બદલાતી વસ્તીવિષયક પરિસ્થિતિ (ડેમોગ્રાફિક માળખા) અંગે ગહન ચિંતન રજૂ કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ મંચ કોઈ સંકુચિત જ્ઞાતિવાદનો નથી, પરંતુ ભારતની માટીમાં ઊંડે સુધી રોપાયેલી એવી અડીખમ વિરાસતનો છે જેણે રાષ્ટ્રને છત્રપતિ શિવાજી મહારાજ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા યુગપુરુષો આપ્યા છે. દેશના 25 રાજ્યોમાં ક્યાંક કુર્મી, કુનબી, કણબી તો ક્યાંક પાટીદાર તરીકે વસતા લોકોની બોલી કે પ્રદેશ જુદા હોવા છતાં અથાક પરિશ્રમની સંસ્કૃતિ અને માટી સાથેની ખુમારી સૌને એક અખંડ તાંતણે જોડે છે.

શ્રી જીરાવાલાએ સ્પષ્ટ કર્યું કે ખેતરોમાં પરસેવો વહાવી દેશનું પેટ ભરનારા અન્નદાતા પૂર્વજોના સંસ્કારો થકી ગુજરાતના પાટીદારોએ કૃષિમાંથી વેપાર અને વેપારમાંથી વૈશ્વિક સ્તરના ઉદ્યોગો

> **"એક પેઢીએ જમીન બનાવી, બીજી પેઢીએ વ્યવસાય ઊભો કર્યો અને હવે આપણી આગામી પેઢીએ જ્ઞાન, ટેક્નોલોજી અને વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ ધપવાનું છે."**
>
> **શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**



જાણવા જેવું:

ભારતમાં કુર્મી-ક્ષત્રિય અને પાટીદાર પરિષદોનો રાષ્ટ્રીય ઇતિહાસ સદી કરતાં વધુ જૂનો છે. વર્ષ 1894માં લખનૌ ખાતે સ્થપાયેલી 'ઓલ ઈન્ડિયા કુર્મી ક્ષત્રિય સભા' આધુનિક ભારતના પ્રારંભિક સામાજિક-સુધારણા સંગઠનોમાંની એક ગણાય છે, જેણે ખેડૂત વર્ગના શિક્ષણ અને સામાજિક સંગઠન માટે રાષ્ટ્રીય પાયો નાખ્યો હતો.

સ્થાપી પ્રગતિનાં નવાં શિખરો સર કર્યાં છે. તેમણે આગામી પેઢી માટે માર્ગદર્શન આપતાં કહ્યું કે પ્રથમ પેઢીએ જમીન સાચવી, બીજી પેઢીએ વ્યાપાર-ઉદ્યોગ સ્થાપ્યા, હવે ત્રીજી પેઢીએ જ્ઞાન, કૌશલ્ય, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને આંતરરાષ્ટ્રીય સ્તરની લીડરશિપ તરફ આગળ ધપવું પડશે. જમીન સાથે જોડાયેલા રહીને પણ દ્રષ્ટિ આકાશ પર રાખવી એ જ સાચી પ્રગતિ છે.

સંગોષ્ઠીના આયોજનમાં સંયોજક શ્રી અરવિંદ સિંહ, સમન્વયક શ્રી પ્રતિપાલ પટેલ તેમજ પુસ્તકાલયાધ્યક્ષ શ્રી સર્વેશ સિંહ સહિત વિવિધ રાજ્યોના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. મધ્ય પ્રદેશના પ્રવાસ દરમિયાન ગુજરાતી સમાજ ભવન દ્વારા શ્રી અશોક જીરાવાલાનું ઉષ્માભર્યું નાગરિક સન્માન કરી સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું હતું. તેમણે વિશ્વપ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગના દર્શન-પૂજન કરી વેપાર-ઉદ્યોગની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના પણ કરી હતી.

કુર્મી ઈતિહાસ અનુસંધાન પરિષદ
(દ્વિતિય રાષ્ટ્રીય સંગોષ્ઠી)

તારીખ
12થી 15 સપ્ટેમ્બર 2026

સ્થળ
ગુજરાતી સમાજ ભવન, ભોપાલ
(મધ્ય પ્રદેશ)

આયોજક
કુર્મી ઈતિહાસ અનુસંધાન પરિષદ
(દ્વિતિય રાષ્ટ્રીય સંગોષ્ઠી)

મુખ્ય અતિથિ
શ્રી અશોક જીરાવાલા
(પ્રમુખ, SGCCI)

પરિષદ હોદ્દેદારો

શ્રી અરવિંદ સિંહ	શ્રી પ્રતિપાલ પટેલ	શ્રી સર્વેશ સિંહ
(મધ્ય પ્રદેશ સંયોજક)	(સમન્વયક)	(પુસ્તકાલયાધ્યક્ષ)




વિશેષ મુલાકાત
શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ દર્શન-પૂજન, ઉજ્જૈન

રંગોનો વૈભવ, વેપારમાં નફો!

SGCCI દ્વારા આયોજિત સેમિનારમાં કલર એનાલિસ્ટ અનિતા સિંહે ફેશન અને ટેક્સટાઇલ ક્ષેત્રે ખરીદીના નિર્ણયો પર રંગોના પ્રભાવ અંગે માર્ગદર્શન આપ્યું



કોઈપણ પ્રોડક્ટ તરફ ગ્રાહકનું ધ્યાન સૌથી પહેલાં તેના રંગ પર ખેંચાય છે. રંગો કેવળ સૌંદર્ય કે ડિઝાઇનની શોભા નથી, પરંતુ ગ્રાહકના અર્ધજાગ્રત મનમાં પ્રીમિયમ લુક, વિશ્વસનીયતા અને ખરીદીનો ત્વરિત નિર્ણય પેદા કરતું શક્તિશાળી સાયકોલોજિકલ માધ્યમ છે. સુરતને ગાર્મેન્ટ હબ બનાવવાના વિઝન સાથે આયોજિત વિશેષ સત્રમાં આ રસપ્રદ પાસું ઉજાગર થયું હતું.



"રંગો માત્ર કેનવાસ કે ફેબ્રિક પર સુંદરતા પૂરવા પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે આપણા વ્યવસાય અને વ્યાપારી વિચારોમાં સફળતાનો નવો રંગ પૂરે છે."

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI

સુરતને ગાર્મેન્ટ અને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રિયલ હબ તરીકે વૈશ્વિક ફલક પર મૂકવાના ભાગરૂપે 'સંહતિ' પરિસરના મહેતા હોલ ખાતે 'ધી બિઝનેસ ઓફ કલર્સ' સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગકારોને સર્જનાત્મકતા કેળવવા આહવાન કરતાં જણાવ્યું હતું કે રંગો માત્ર ફેબ્રિક પૂરતા સીમિત નથી, પરંતુ તે વ્યાપારી વિચારોમાં નવી સફળતાનો સંચાર કરે છે. ફેશનના પ્રવાહો સતત બદલાતા રહે છે, પરંતુ ઉદ્યોગકારનો કલાત્મક દ્રષ્ટિકોણ અને નવું શીખવાની ધગશ જ વૈશ્વિક સ્પર્ધામાં તેને અલગ ઓળખ અપાવે છે.

જાણીતાં કલર એનાલિસ્ટ સુશ્રી અનિતા સિંહે વિવિધ કલર ટોન અને પેલેટની વ્યાપારી ઉપયોગિતા સમજાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે સૂર્ય અને અગ્નિમાંથી પ્રેરિત વોર્મ કલર્સ (લાલ, ગોલ્ડન, મસ્ટર્ડ, ઓરેન્જ) ભારતીય ઉત્સવો અને વેડિંગ-બ્રાઇડલ વેર માટે અજોડ

જાણવા જેવું:

વૈશ્વિક કલર રિસર્ચ સંસ્થા 'પેન્ટોન કલર ઇન્સ્ટિટ્યૂટ' વર્ષ 1999થી દર વર્ષે 'કલર ઓફ ધ યર' જાહેર કરે છે. કલર સાયકોલોજીના સંશોધનો દર્શાવે છે કે ગ્રાહકો કોઈપણ નવી પ્રોડક્ટ જોયા પછીના પ્રથમ 90 સેકન્ડમાં પોતાનો અભિપ્રાય બાંધી લે છે, અને તેમાંથી લગભગ 60થી 90 ટકા નિર્ણય માત્ર પ્રોડક્ટના રંગ પર આધારિત હોય છે.

છે, જ્યારે પ્રકૃતિ પ્રેરિત કુલ કલર્સ (નેવી બ્લુ, પાઉડર બ્લુ, સેજ ગ્રીન, આઇવરી) મેન્સ વેર, ફોર્મલ અને રિસોર્ટ વેરને સોફિસ્ટિકેટેડ પ્રીમિયમ લુક આપે છે. લક્ઝરી ફિનિશ માટે મોનોક્રોમેટિક અને ક્રિએટિવિટી માટે એનાલોગસ સ્કીમ્સ વધુ અસરકારક નીવડે છે.

ટેક્સટાઇલ ઉત્પાદકો ડેડ સ્ટોક અને ઇન્વેન્ટરી સંકટથી બચી શકે તે માટે તેમણે વ્યવહારુ 4-ભાગની ઉત્પાદન ફોર્મ્યુલા સૂચવી હતી: બારેમાસ ચાલતા 'કોર કલર્સ', પ્રવર્તમાન ટ્રેન્ડના 'ફેશન કલર્સ', ઋતુ-તહેવાર આધારિત 'સીઝનલ કલર્સ' અને નવીનતા દર્શાવતા 'હાઇલાઇટ કલર્સ'. તેમણે ઉમેર્યું કે વૈશ્વિક સ્તરે અપાતો 'પેન્ટોન કલર ઓફ ધ યર' ગ્રાહકોના સામૂહિક માનસિક મૂડનો અભ્યાસ છે, જેને અપનાવી સુરતના ઉદ્યોગો આંતરરાષ્ટ્રીય માર્કેટ જીતી શકે છે.







રીલથી રિયલ બિઝનેસ

સરસાણા સ્થિત સંહતિ પરિસરમાં SGCCI આયોજિત 'કન્ટેન્ટ ક્રિએટર્સ કોન્કલેવ'માં ડિજિટલ અર્થતંત્ર અને બ્રાન્ડિંગના વૈશ્વિક પ્રવાહોનું મનોમંથન

ટેક્સટાઇલના તાણાવાણા અને હીરાના પાસાં ઘસીને વિશ્વભરમાં છવાઈ ગયેલું સુરત હવે ડિજિટલ દુનિયાના અલ્ગોરિધમ પર રાજ કરવા સજ્જ બન્યું છે. સ્માર્ટફોનની નાનકડી સ્ક્રીન પર માત્ર ક્ષણિક મનોરંજન પીરસવાને બદલે સ્થાનિક ઉદ્યોગોને ગ્લોબલ બ્રાન્ડ બનાવવાની અસીમ તાકાત આજના કન્ટેન્ટ ક્રિએટર્સે કેળવી લીધી છે. સરસાણા ખાતે યોજાયેલા ભવ્ય સંમેલનમાં આ ક્રિએટિવ ઇકોનોમીના આર્થિક અને સામાજિક પરિમાણો પર વિગતવાર ચર્ચા થઈ હતી.







ડિજિટલ રિવોલ્યુશનના આ દોરમાં પરંપરાગત વ્યાપાર શૈલી ઝડપથી બદલાઈ રહી છે ત્યારે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ઉષાકાંત મારફતિયા હોલ ખાતે આયોજિત 'કન્ટેન્ટ ક્રિએટર્સ કોન્કલેવ'માં ઉપસ્થિત યુવા સાહસિકોને પ્રેરક માર્ગદર્શન આપતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સુરતના આર્થિક ભવિષ્યનો નવો નકશો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે સુરતે સદીઓથી પોતાની ઉત્પાદન ક્ષમતા સાબિત કરી છે, પરંતુ આજના યુગમાં 'કન્ટેન્ટ ઇકોનોમી' એ સુરત અને દક્ષિણ ગુજરાતના સર્વાંગી વિકાસનું નવું અને શક્તિશાળી એન્જિન સાબિત થવા જઈ રહી છે. સ્થાનિક મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ અને વ્યાપારિક ગૃહોને સીધા વૈશ્વિક ખરીદદારો સુધી પહોંચાડવા માટે આજના પ્રતિભાશાળી ક્રિએટર્સ અત્યંત મજબૂત સેતુ સમાન છે. ટેલેન્ટ અને આધુનિક ટેક્નોલોજીના સમન્વયથી આ યુવાનો માત્ર અંગત કારકિર્દી જ નથી ઘડી રહ્યા, પરંતુ સુરતના સમગ્ર વેપાર-ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે નવો અવાજ અને વિઝિબિલિટી



આપી રહ્યા છે. આ પરિપ્રેક્ષ્યમાં ચેમ્બર સ્થાનિક સાહસિકોને વૈશ્વિક મંચ અને પૂરતું માર્ગદર્શન આપવા પ્રતિબદ્ધ છે.

કોન્કલેવની ભૂમિકા બાંધતાં ચેમ્બર ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈએ જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં કન્ટેન્ટ એ કોઈપણ વ્યવસાયની ઓળખ પ્રસ્થાપિત કરવાનું સર્વોચ્ચ માધ્યમ છે. સોશિયલ મીડિયાના બદલાતા અલ્ગોરિધમને સમજવું, બ્રાન્ડની સાચી વેલ્યુ ઊભી કરવી અને પોતાના કન્ટેન્ટમાં સાર્થક મૂલ્ય ઉમેરવું એ આજના ડિજિટલ આંત્રપ્રિન્યોર્સ માટે પાયાની જરૂરિયાત છે.

સત્રમાં પ્રેરક વિચાર રજૂ કરતાં સુપ્રસિદ્ધ કવિ શ્રી અંકિત ત્રિવેદીએ ડિજિટલ યુગની માનસિકતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે જે વિચારે છે તે જ સાચું કન્ટેન્ટ રચે છે. આજે આપણી પાસે સંપર્કના અસંખ્ય માધ્યમો હોવા છતાં શું કહેવું તેની સ્પષ્ટતા હોવી જરૂરી છે. ઇન્સ્ટાગ્રામની 15 કે 30 સેકન્ડની રીલ એ કન્ટેન્ટની પૂર્ણતા નથી; સાચું કન્ટેન્ટ તો સંવેદના, માતૃભાષા, સચોટ વાર્તા અને નિખાલસ સંવાદમાંથી પ્રગટે છે.

આર્થિક પાસાંનું વિશ્લેષણ કરતાં MAD ગ્રૂપના CEO શ્રી ગૌતમ માધવને આંકડાકીય વાસ્તવિકતા વર્ણવી હતી. તેમણે રેખાંકિત કર્યું કે માત્ર 8 વર્ષ પૂર્વે જે ક્ષેત્રનું બજાર મૂલ્ય શૂન્ય સમાન હતું, તે કન્ટેન્ટ ઇકોનોમી આજે ₹3,500 કરોડના આંકડાને આંબી ગઈ છે અને આગામી 3 વર્ષમાં તેમાં બીજા ₹3,500 કરોડનો ધરખમ ઉમેરો થશે. ભારતમાં 10,000થી વધુ સક્રિય ક્રિએટર્સ કાર્યરત છે અને માત્ર 1,000 સક્રિય ફોલોઅર્સ ધરાવતો નેનો-ક્રિએટર પણ નિયમિત કમાણી કરવાની ક્ષમતા ધરાવે છે.

'ગ્રંથ'ના સ્થાપક શ્રી કંદર્પ પટેલે ઉમેર્યું કે કન્ટેન્ટ ક્રિએટર્સ વાસ્તવમાં આધુનિક સમયના સાહસિકો છે, જે આગામી વર્ષોમાં સહાયક ક્ષેત્રોમાં મોટા પાયે રોજગારીનું સર્જન કરશે. આ તકે જાણીતા ફૂડ એક્સપર્ટ શ્રી નિકુંજ વસોયાએ અન્યનું અનુકરણ કરવાને બદલે મૌલિક રહેવાની શીખ આપી હતી, જ્યારે મોટિવેશનલ સ્પીકર સુશ્રી વનિતા રાવતે 200થી 1 લાખ ફોલોઅર્સ સુધી પહોંચવાની પોતાની સફર વર્ણવીને સાતત્યપૂર્ણ પુરુષાર્થનું મહત્વ સમજાવ્યું હતું.

જાણવા જેવું:

વૈશ્વિક અર્થતંત્રમાં 'ક્રિએટર ઇકોનોમી' હાલ 250 અબજ ડૉલરનું કદ વટાવી ચૂકી છે. આંતરરાષ્ટ્રીય ફાઇનાન્સિયલ એજન્સી ગોલ્ડમેન સૅક્સના ગ્લોબલ રિસર્ચ પ્રોજેક્શન મુજબ, વર્ષ 2027 સુધીમાં સ્માર્ટફોનનો વ્યાપ અને ડિજિટલ વીડિયો કન્ઝમ્પશન વધવાના પરિણામે આ ઉદ્યોગ લગભગ 480 અબજ ડૉલરનું સર્વોચ્ચ શિખર સર કરે તેવી ધારણા છે.

સુરક્ષા એ ખર્ચ નહીં, સપનાઓનું કવચ!

સરસાણા સ્થિત 'સંહતિ' પરિસરમાં SGCCI દ્વારા 'સાયબર સિક્યુરિટી બોર્ડરૂમ રિસ્ક લેબ' વર્કશોપનું સફળ આયોજન સંપન્ન



ડિજિટલ સ્પેસમાં એક નાનકડી બેદરકારી વર્ષોની મહેનતથી ઊભી કરેલી બ્રાન્ડ વેલ્યુ અને ગ્રાહકોના વિશ્વાસને ગણતરીની મિનિટોમાં ધ્વસ્ત કરી શકે છે. સાયબર સુરક્ષા હવે માત્ર કંપનીના આઈટી વિભાગની ટેકનિકલ જવાબદારી નથી રહી, પરંતુ તે સીધી બોર્ડરૂમની સર્વોચ્ચ વ્યૂહાત્મક પ્રાથમિકતા બની ચૂકી છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા ખાતે યોજાયેલા વિશેષ 'સાયબર સિક્યુરિટી બોર્ડરૂમ રિસ્ક લેબ' વર્કશોપમાં ઉદ્યોગજગત અને બેન્કિંગ ક્ષેત્રના અગ્રણીઓને સંબોધતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સાયબર સજ્જતાને વ્યાપારની અનિવાર્ય શરત ગણાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આજના આધુનિક યુગમાં જે ઉદ્યોગ સમયસર પોતાની સુરક્ષા વ્યવસ્થાને અપગ્રેડ કરે છે, તે જ સ્પર્ધામાં ટકીને આગળ વધે છે. સાયબર પ્રોટેક્શન પાછળ થતો ખર્ચ કોઈ નાણાકીય બોજ નથી, પરંતુ વર્ષોની અથાક મહેનતથી ઊભા કરેલા વ્યાપારિક સામ્રાજ્ય અને સપનાઓને સલામત રાખવા માટેનું સૌથી વિશ્વસનીય રોકાણ છે.

વર્કશોપના મુખ્ય વક્તા અને UPI, RuPay તથા BHIM એપના આર્કિટેક્ટ રહી ચૂકેલા NPCIના ફાઉન્ડિંગ

જાણવા જેવું:

વૈશ્વિક સાયબર સુરક્ષા અહેવાલો મુજબ, ડેટા બ્રીચ કે રેન્સમવેર હુમલાનો ભોગ બનેલી 60%થી વધુ મધ્યમ કદની કંપનીઓ હુમલા પછીના 6 મહિનામાં ગ્રાહકોનો વિશ્વાસ ગુમાવવાને કારણે ગંભીર આર્થિક કટોકટીમાં મુકાઈ જાય છે. આજના યુગમાં સરેરાશ ડેટા બ્રીચને ઓળખવામાં અને તેને કાબૂમાં લેવામાં વૈશ્વિક સ્તરે સરેરાશ 200થી વધુ દિવસો લાગે છે.





"સાયબર સુરક્ષા એ કોઈ વધારાનો નાણાકીય બોજ કે બિનજરૂરી ખર્ચ નથી, પરંતુ વર્ષોની અથાક મહેનતથી ઊભા કરેલા સામ્રાજ્યને અડીખમ રાખતું સૌથી સુરક્ષિત મૂડીરોકાણ છે."

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI

મેમ્બર શ્રી ભારત પંચાલે જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રી 4.0 એ સમુદ્રમંથન સમાન છે, જ્યાં વિરાટ ડિજિટલ તકોની સાથોસાથ પેમેન્ટ ક્રાઈમ અને ઓનલાઈન ફ્રોડનું જોખમ પણ એટલું જ વ્યાપક બન્યું છે. કંપનીની બ્રાન્ડ વેલ્યુ અને કસ્ટમર ટ્રસ્ટને અડીખમ રાખવા માટે સાયબર રિસ્ક મેનેજમેન્ટ સીધું બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ટેબલ પર આવવું અનિવાર્ય છે.

સત્ર દરમિયાન સહભાગીઓને વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કરવા માટે 'પ્રગતિ બેંક' નામથી એક લાઈવ સાયબર એટેક ક્રાઈસિસ સિમ્યુલેશન કરાવવામાં આવ્યું હતું. જેમાં ઉદ્યોગકારોને MD & CEO, CFO અને CISO જેવી ભૂમિકાઓ સોંપીને ડેટા મૂલ્યાંકન, નિર્ણાયક સંકટ પ્રક્રિયા અને પબ્લિક કોમ્યુનિકેશનની વ્યવહારુ તાલીમ અપાઈ હતી. સાથે જ 90 દિવસનો સાયબર એક્શન પ્લાન અને 10 પેજનો બોર્ડ-લેવલ મેટ્રિક રિપોર્ટ તૈયાર કરવાનો રોડમેપ પૂરો પડાયો હતો. સાયબર સિક્યુરિટી કમિટીના ચેરમેન શ્રી નીરવ શાહે થર્ડ-પાર્ટી વેન્ડર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના ઉપયોગ સામે પૂર્વતૈયારી રાખવા પર ભાર મૂક્યો હતો.





ગ્લેમર પાછળનો સંઘર્ષ!

સરસાણા સ્થિત સંહતિ પરિસરમાં SGCCI લેડીઝ વિંગ દ્વારા 'એક શામ ગુજરાતી અભિનેત્રીઓ કે નામ' વિશિષ્ટ ટોક-શો યોજાયો

રૂપેરી પડદા અને થિયેટરના ઝગમગાટ પાછળ કલાકારોની અથાક સાધના, ઉજાગરા અને અસંખ્ય નકારાત્મકતાઓ સામે લડવાની અદમ્ય ખુમારી છુપાયેલી હોય છે. સુરતની બે જાણીતી અભિનેત્રીઓએ પોતાના જીવનના વણકહ્યા સંઘર્ષો અને સફળતાની સફર નિખાલસપણે રજૂ કરીને મહિલા સભ્યોમાં નવો ઉત્સાહ અને આત્મવિશ્વાસ ભર્યો હતો.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની લેડીઝ વિંગ દ્વારા સરસાણાના 'સંહતિ' પરિસરમાં આયોજિત પ્રેરક ટોક-શોમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કલાકારોના અદ્રશ્ય પરિશ્રમને બિરદાવ્યો હતો. તેમણે જણાવ્યું કે અભિનય ક્ષેત્ર બહારથી જેટલું આકર્ષક અને ઝગમગતું દેખાય છે, તેની પાછળ કલાકારોનો એટલો જ કઠોર પરિશ્રમ, સમર્પણ અને સંઘર્ષ રહેલો હોય છે. આ સાંજ માત્ર લાઈમલાઈટ કે મનોરંજન પૂરતી સીમિત નથી, પરંતુ બંને સુરતી અભિનેત્રીઓના જીવનના પડકારો અને સફળતામાંથી આગળ વધવાની પ્રેરણા મેળવવાનો ઉત્તમ અવસર છે.

લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ જણાવ્યું હતું કે મહિલાઓમાં પ્રતિભા અને સર્જનાત્મકતાની કોઈ કમી નથી; યોગ્ય તક અને માર્ગદર્શન મળતાં તેઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહી શકે છે. સિનેમા અને રંગમંચ ક્ષેત્રે સુરતની દીકરીઓએ ઊભી કરેલી ઓળખ શહેર માટે ગૌરવરૂપ છે.

'કૃષ્ણાવતારમ્', 'ચૂપ', 'કચ્છ એક્સપ્રેસ' અને 'હિપ હિપ હૂરે' જેવી જાણીતી ફિલ્મોમાં અભિનય કરી ચૂકેલાં અભિનેત્રી સુશ્રી હીના જયકિશને આજના સમયમાં મહિલાઓ માટે આર્થિક આત્મનિર્ભરતાને અનિવાર્ય ગણાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સામાજિક ડરથી સપનાઓ અધૂરા

જાણવા જેવું:

છેલ્લાં કેટલાંક વર્ષોમાં 'અર્બન ગુજરાતી સિનેમા' અને થિયેટર પ્રોડક્શન્સમાં મહિલા કલાકારો અને ટેકનિશિયનોની ભૂમિકામાં નોંધપાત્ર વધારો થયો છે. સ્ટેટ ફિલ્મ સબસિડી પોલિસી અને ડિજિટલ ઓટીટી પ્લેટફોર્મ્સના આગમનથી પ્રાદેશિક કલાકારોને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અને વ્યાવસાયિક તકોનું મોટું બજાર મળ્યું છે.





> **"અભિનય જગત બહારથી જેટલું આકર્ષક અને ગ્લેમરસ દેખાય છે, તેની પાછળ કલાકારોનો એટલો જ કઠોર પરિશ્રમ, સમર્પણ અને સંઘર્ષ રહેલો હોય છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**

છોડવાને બદલે યોગ્ય આયોજન અને હિંમત સાથે આગળ વધવું જોઈએ. રંગમંચ પર 11થી વધુ નાટકો ભજવનાર અભિનેત્રી સુશ્રી સાત્વી ચોકસીએ ઓડિશન પ્રક્રિયા, શરૂઆતી નકારાત્મકતાઓ અને સફળતા સુધીની સફર વર્ણવતાં કહ્યું કે કેવળ ટેલેન્ટ પૂરતી નથી, પરંતુ ધીરજ, પરિશ્રમ અને સપનાઓ પર અડગ વિશ્વાસ જ સફળતા અપાવે છે.

આયોજક: SGCCI લેડીઝ વિંગ

કાર્યક્રમ: 'એક શામ ગુજરાતી અભિનેત્રીઓ કે નામ' (ટોક-શો)

તારીખ: 7 સપ્ટેમ્બર 2026

સ્થળ: મહેતા હોલ, સંહતિ પરિસર, સરસાણા, સુરત

મુખ્ય અતિથિ કલાકારો:

- સુશ્રી હીના જયકિશન (અભિનેત્રી)
- સુશ્રી સાત્વી ચોકસી (અભિનેત્રી)

SGCCI નેતૃત્વ:

- શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ)
- શ્રી રવિ રાજ દેસાઈ (ઉપપ્રમુખ)
- શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- શ્રી નિખિલ મદ્રાસી (તત્કાલીન પૂર્વ પ્રમુખ)

લેડીઝ વિંગ પદાધિકારીઓ:

- શ્રીમતી અલ્પાબેન મદ્રાસી (ચેરપર્સન)
- શ્રીમતી શ્રદ્ધાબેન શાહ (સંચાલન)
- શ્રીમતી રોશની ટેલર (આભારવિધિ)

કલ્પનાને મળ્યા કસબના રંગ

એચ.એન. પટેલ વિદ્યાલય ખાતે SGCCI દ્વારા આયોજિત 'ફેસ્ટિવ ડેકોરેશન વર્કશોપ'માં ધોરણ 6થી 12ના 100થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા



તહેવારોની આગોતરી મોસમમાં યુવા વિદ્યાર્થીઓની સુષુપ્ત કલ્પનાશક્તિને ભારતીય પરંપરાગત હસ્તકળાનો સ્પર્શ સાંપડ્યો છે. માટીની મટકી, ઉંબરાના તોરણ, પૂજાની થાળી અને કલાત્મક છત્રીઓના માધ્યમથી નવી પેઢી પ્રાચીન સાંસ્કૃતિક વારસા સાથે સર્જનાત્મક રીતે જોડાઈ હતી.

આગામી તહેવારોની મોસમ પૂર્વે વિદ્યાર્થીઓને ભારતીય પરંપરાગત હસ્તકળાઓથી પરિચિત કરવા 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI)ની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટી દ્વારા ભરથાણા સ્થિત ડી.સી. પટેલ ટ્રસ્ટ



"પ્રત્યેક બાળકમાં જન્મજાત કલ્પનાશક્તિ રહેલી હોય છે; જો તેમને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહક મંચ મળે તો તેઓ પોતાની કલ્પનાઓને અદ્‌ભુત કલાકૃતિઓમાં પરિવર્તિત કરી શકે છે."

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI





જાણવા જેવું:

ભારતીય લોકસંસ્કૃતિમાં ઘરના મુખ્ય દ્વારે તોરણ બાંધવાની પ્રથા વૈદિક કાળથી ચાલી આવે છે. આસોપાલવ, આંબાના પાન અને ગલગોટાનાં ફૂલોમાંથી બનતા પરંપરાગત તોરણ માત્ર ઘરની શોભા નથી વધારતાં, પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ વાતાવરણમાંથી હાનિકારક બેક્ટેરિયા દૂર કરી હવામાં સકારાત્મક ઊર્જા અને શુદ્ધ ઓક્સિજન જાળવવામાં સહાયક બને છે.

સંચાલિત એચ.એન. પટેલ વિદ્યાલય ખાતે 'Unleash Your Creativity – Festive Decoration Workshop'નું આયોજન સંપન્ન થયું હતું. આ વિશિષ્ટ સર્જનાત્મક વર્કશોપમાં શાળાના ધોરણ 6થી 12ના 100થી વધુ વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા પ્રદર્શિત કરી હતી.

વર્કશોપમાં સ્વાગત પ્રવચન કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ નવી પેઢીને સાંસ્કૃતિક મૂલ્યો અને પરંપરાગત કળાઓ સાથે જોડવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે આપણા પર્વો માત્ર બાહ્ય ઉત્સવ પૂરતા સીમિત નથી, પરંતુ તેની સાથે સંસ્કૃતિ, પ્રાચીન વારસો અને પરંપરાગત કળાઓ અતૂટ રીતે વણાયેલી છે. ડિજિટલ યુગમાં નવી પેઢી આ વાસ્તવિક મૂલ્ય સમજે તે અનિવાર્ય છે. પ્રત્યેક બાળકમાં જન્મજાત કલ્પનાશક્તિ રહેલી હોય છે; જો તેમને યોગ્ય પ્રોત્સાહક મંચ અને નિષ્ણાતોનું પ્રશિક્ષણ મળે તો તેઓ પોતાની કલ્પનાઓને અદ્‌ભુત કલાકૃતિઓમાં પરિવર્તિત કરી શકે છે.

શહેરના 4 અગ્રણી કલાકારો દ્વારા વિદ્યાર્થીઓને કૌશલ્યલક્ષી પ્રશિક્ષણ અપાયું હતું. આર્ટ એક્સપ્લોરર ડૉ. બિજલ લશ્કરીએ ઉંબરાને દીપાવતા આકર્ષક તોરણ બનાવવાની પદ્ધતિ શીખવી હતી. કન્ટેમ્પરરી આર્ટિસ્ટ માનસી વિરાણીએ જન્માષ્ટમી પર્વને અનુરૂપ મટકીને આધુનિક શૈલીમાં સજાવવાની કળા દર્શાવી હતી. આર્ટિસ્ટ અને આંત્રપ્રિન્યોર આયુષી દેસાઈ વ્યાસે કલાત્મક પૂજા થાળી શણગારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે કન્ટેમ્પરરી વિઝ્યુઅલ આર્ટિસ્ટ અમિત પરમારે પરંપરાગત ભરતકામ અને કન્ટેમ્પરરી ડિઝાઇન સાથે અમ્બ્રેલા ડેકોરેશનની તાલીમ આપી હતી.

શાળાનાં પ્રિન્સિપાલ અમિતા પંડ્યાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કમિટીનાં એડવાઇઝર સ્વાતિ શેઠવાલાએ સેશનનું સંચાલન કર્યું હતું, જ્યારે એડવાઇઝર મયૂરી મેવાવાલાએ નિષ્ણાત ફેકલ્ટીઓનો પરિચય કરાવ્યો હતો. કમિટીનાં ચેરપર્સન કૃતિકા શાહે વર્કશોપની વિભાવના સ્પષ્ટ કરી આભારવિધિ આટોપી હતી. સમાપને વિદ્યાર્થીઓએ જાતે બનાવેલી કલાકૃતિઓ પ્રદર્શિત કરી હતી.

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** 'Unleash Your Creativity – Festive Decoration Workshop'
- **તારીખ:** 2 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** એચ.એન. પટેલ વિદ્યાલય, ભરથાણા, સુરત (ડી.સી. પટેલ ટ્રસ્ટ સંચાલિત)
- **આયોજક:** SGCCI આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટી
- **સહભાગીઓ:** ધોરણ 6થી 12ના 100થી વધુ વિદ્યાર્થીઓ
- **ચેમ્બર નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ, SGCCI)
- **કમિટી પદાધિકારીઓ:** કૃતિકા શાહ (ચેરપર્સન), સ્વાતિ શેઠવાલા (એડવાઇઝર), મયૂરી મેવાવાલા (એડવાઇઝર)
- **શાળા પ્રતિનિધિ:** અમિતા પંડ્યા (પ્રિન્સિપાલ, એચ.એન. પટેલ વિદ્યાલય)
- **માર્ગદર્શક કલાકારો:** ડૉ. બિજલ લશ્કરી (તોરણ આર્ટ), માનસી વિરાણી (મટકી આર્ટ), આયુષી દેસાઈ વ્યાસ (પૂજા થાળી આર્ટ), અમિત પરમાર (અમ્બ્રેલા ડેકોરેશન)



સ્વાદ, સાયન્સ અને સબસિડીનો સંગમ!

સરસાણા ખાતે SGCCI દ્વારા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે વિજ્ઞાન, સરકારી યોજનાઓ અને માર્કેટિંગ વ્યૂહરચના વિષયક સેમિનાર સંપન્ન

બાગાયતી પાકોના વધતા ઉત્પાદન વચ્ચે ફળ-શાકભાજીના મૂલ્યવર્ધન (વેલ્યુ-એડિશન) અને પ્રોસેસિંગ ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતાની વિશાળ તકો ખૂલી છે. આધુનિક વિજ્ઞાન, કેન્દ્ર સરકારની પ્રોત્સાહક યોજનાઓ અને આક્રમક બ્રાન્ડિંગના સમન્વય થકી પરંપરાગત ખાદ્ય વ્યવસાયો રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે વિરાટ બ્રાન્ડ બની શકે છે.

સરસાણા સ્થિત સંહતિ પરિસરના SPB હોલ ખાતે 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI) દ્વારા આયોજિત સેમિનારમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપતાં '2Q+1C'નો મંત્ર આપ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે કૃષિ અને ખાદ્ય ઉદ્યોગને નવી ઊંચાઈ આપવા માટે આ યોગ્ય સમય છે. બિઝનેસમાં ક્વોલિટી, ક્વોન્ટિટી અને કમિટમેન્ટ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જ્યારે જમીની વાસ્તવિકતા સાથે આધુનિક વિજ્ઞાન અને યોગ્ય ઔદ્યોગિક નીતિઓનો સંગમ થાય છે, ત્યારે એક નાનો વિચાર પણ વટવૃક્ષ બનીને દેશભરમાં ઓળખ હાંસલ કરે છે.

સુરત બાગાયત વિભાગના જોઈન્ટ ડિરેક્ટર શ્રી ડી. કે. પડાલિયાએ જણાવ્યું કે કોલ્ડ ચેઇન અને સ્ટોરેજના અભાવે ખેડૂતોને ફળ-શાકભાજીમાં 15થી 20% જેટલું મોટું નુકસાન વેઠવું પડે છે. ગુજરાતમાં વર્ષ 1992માં બાગાયત વિભાગ અલગ થયો ત્યારે ફળોનું વાવેતર માત્ર 1.25 લાખ હેક્ટર હતું, જે વધીને 4.50 લાખ હેક્ટર થયું છે; જ્યારે 20 વર્ષમાં શાકભાજીનું વાવેતર 2 લાખ હેક્ટરથી વધીને 8.50 લાખ હેક્ટરે પહોંચ્યું છે. આ વિરાટ ઉત્પાદનને વેલ્યુ-એડિશન, મશરૂમ, મધમાખી પાલન અને ઓર્ગેનિક પ્રોડક્ટ્સના માધ્યમથી નવી પેઢી નફાકારક બનાવી શકે છે.

CSIRના પૂર્વ સંશોધક અને ફૂડ સાયન્ટિસ્ટ શ્રી રાજેન્દ્ર ગોહિલે કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયની યોજનાઓ—CEFPPC, ઇન્ટિગ્રેટેડ કોલ્ડ ચેઇન, ઓપરેશન ગ્રીન્સ અને ગોબર ધન હેઠળ મળતી માળખાકીય સબસિડીની વિસ્તૃત માહિતી આપી હતી. '24 કેરેટ્સ મિઠાઈ મેજિક'ના શ્રી બ્રિજ મિઠાઈવાલાએ જણાવ્યું કે આજના ગ્રાહક માત્ર ઉત્પાદન નહીં, પરંતુ સાતત્યપૂર્ણ ગુણવત્તા, બ્રાન્ડિંગ, આકર્ષક પેકેજિંગ અને વ્યક્તિગત સંબંધોને પ્રાધાન્ય આપે છે.






> **"કોઈપણ બિઝનેસમાં 2Q+1C એટલે કે ક્વોલિટી, ક્વોન્ટિટી અને કમિટમેન્ટ અત્યંત નિર્ણાયક સાબિત થાય છે; આધુનિક વિજ્ઞાન અને યોગ્ય નીતિથી સામાન્ય વિચાર પણ વટવૃક્ષ બને છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**

જાણવા જેવું:

ભારત વિશ્વમાં દૂધ, કડોળ અને કેટલાક બાગાયતી પાકોમાં મોખરે હોવા છતાં દેશમાં કુલ કૃષિ ઉત્પાદનના **10%** કરતાં પણ ઓછા ભાગનું પ્રોસેસિંગ થાય છે.



વિકસિત દેશોમાં આ પ્રમાણ **60% થી 80%** સુધી પહોંચે છે.



ભારતીય ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર વાર્ષિક **10% થી વધુ** ના ચક્રવૃદ્ધિ દરે (CAGR) વધી રહ્યું છે.



જેમાં કોલ્ડ ચેઇન ઈન્ફ્રાસ્ટ્રક્ચર **કરોડરજ્જુ સમાન છે.**



ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** સેમિનાર – 'ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં વિજ્ઞાન, સરકારી સહાય અને માર્કેટ સ્ટ્રેટેજીના સંગમથી નવા વ્યવસાયોની તકો'
- **તારીખ:** 10 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** SPB હોલ, સંહતિ પરિસર, સરસાણા, સુરત
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી)
- **મુખ્ય વક્તાઓ:** શ્રી રાજેન્દ્ર ગોહિલ (ફૂડ સાયન્ટિસ્ટ, પૂર્વ રિસર્ચર - CSIR), શ્રી ડી. કે. પડાલિયા (જોઈન્ટ ડિરેક્ટર, બાગાયત વિભાગ - સુરત), શ્રી બ્રિજ મિઠાઈવાલા (પાર્ટનર, 24 કેરેટ્સ મિઠાઈ મેજિક)
- **આયોજન સંકલન:** શ્રી કે. બી. પીપલિયા (ચેરમેન, એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હસબન્ડરી કમિટી), શ્રી નિતેશ ચંદાલિયા (ચેરમેન, ફૂડ પ્રોસેસિંગ કમિટી), શ્રી સંજય ગજીવાલા (ગ્રૂપ ચેરમેન)

ફ્યુઅલથી ફેબ્રિક: પડકારો સામે પાંખો

સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે SGCCI દ્વારા 'સુરતની આગામી આર્થિક ઉડાનને વેગ - ફ્યુઅલ ટુ ફેબ્રિક' પર યોજાયું ઉચ્ચસ્તરીય પેનલ ડિસ્કશન




વૈશ્વિક બજારોની અનિશ્ચિતતા, ફ્યુઅલ મોંઘું થવાના સંકેતો અને લાંબી પેમેન્ટ સાઇકલના દબાણ વચ્ચે પણ સુરતનું ઔદ્યોગિક ખમીર અડીખમ રહ્યું છે. ટેક્સટાઇલ, એનર્જી અને કેમિકલ સેક્ટરના માંધાતાઓએ એક મંચ પર એકઠા થઈ પ્રતિકૂળતાઓને નવી વ્યાપારી તકોમાં પલટાવવા માટે સર્વગ્રાહી રોડમેપ તૈયાર કર્યો હતો.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે 'સુરતની આગામી આર્થિક ઉડાનને વેગ - ફ્યુઅલ ટુ ફેબ્રિક' વિષય પર યોજાયેલા પેનલ ડિસ્કશનમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગકારોની સહજ ખુમારીને બિરદાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સુરતનો ઇતિહાસ સાક્ષી છે કે આ શહેર ક્યારેય મુશ્કેલીઓ કે વૈશ્વિક મંદી સામે ઝૂક્યું નથી. પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ માર્ગ કાઢીને દરેક પડકારને નવી ઔદ્યોગિક તકમાં ફેરવવી એ સુરતના સાહસિકોની સાચી તાકાત છે. સમગ્ર વેલ્યુ ચેઇનમાં આપણી આંતરિક એકતા,

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** પેનલ ડિસ્કશન – 'સુરતની આગામી આર્થિક ઉડાનને વેગ - ફ્યુઅલ ટુ ફેબ્રિક'
- **તારીખ અને સમય**: ગુરુવાર, 10 સપ્ટેમ્બર 2026, સાંજે 05:30 કલાકે
- **સ્થળ:** 'સંહતિ' પરિસર, સરસાણા, સુરત
- SGCCI **નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી રવિ રાજ દેસાઈ (ઉપપ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **પેનલિસ્ટ્સ:** શ્રી રાકેશ શાહ (તરણજોત રિસોર્સ), શ્રી પ્રશાંત પટેલ (સુયોગ ડાય કેમિ), શ્રી સુનિલ જૈન (ઈન્ડિયન વુમન ફેશન પ્રા. લિ.)
- **સંચાલન અને મોડરેશન:** શ્રી સંજય પંજાબી (રૂપરેખા-સંચાલન, ગ્રૂપ ચેરમેન), CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠ (મોડરેટર અને આભારવિધિ, ચેરમેન - સુરત ઈકોનોમિક ફોરમ કમિટી)







“પડકારો સામે ઝૂકવું સુરતના સ્વભાવમાં નથી; પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ માર્ગ કાઢીને દરેક પડકારને નવી ઔદ્યોગિક તકમાં ફેરવવો એ આપણી સાચી તાકાત છે.”

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI”

દીર્ઘદ્રષ્ટિ અને આત્મવિશ્વાસ જ શહેરને આગામી આર્થિક ઉડાનમાં મોખરે રાખશે.

તરણજોત રિસોર્સના શ્રી રાકેશ શાહે ઇંધણના ભાવોનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ કર્યું કે સુરતમાં વાર્ષિક આયાત થતા આશરે 11 મિલિયન ટન કોલસામાંથી લગભગ 60% કોલસો દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો વાપરે છે. હાલમાં ઇન્ડોનેશિયાના કડક નિકાસ નિયમો, ચીન દ્વારા શિયાળા માટે થતો મોટો સ્ટોક અને સ્ટીમરના બન્કર ફ્યુઅલના ભાવ વધવાથી શિપિંગ ખર્ચમાં ધરખમ ઉછાળો આવ્યો છે. સુયોગ ડાય કેમિના શ્રી પ્રશાંત પટેલે ગુણવત્તા પર ભાર મૂકતાં જણાવ્યું કે સમગ્ર દેશની ફાર્મા નિકાસમાં ગુજરાતનો હિસ્સો 70% જેટલો અને ડાઈઝ-પિગ્મેન્ટ્સમાં 70%થી 80% છે, જેથી નિકાસ બજારો જાળવવા ક્વોલિટી સાથે સમાધાન ન થઈ શકે.

બીજી તરફ, ઈન્ડિયન વુમન ફેશન પ્રા. લિ.ના શ્રી સુનિલ જૈને બજારમાં ઓવર પ્રોડક્શન અને 100થી 180 દિવસ જેટલા લાંબા પેમેન્ટ ટર્મ્સથી સર્જાતી વર્કિંગ કેપિટલની તંગી સામે ચિંતા વ્યક્ત કરી રાહત દરે ફાઇનાન્સિંગ ઉપલબ્ધ કરાવવા માંગ કરી હતી. સમગ્ર ચર્ચાના અંતે આંતરરાષ્ટ્રીય વધઘટ સામે સ્થાનિક ઉદ્યોગોને સુરક્ષા કવચ પૂરું પાડવા કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને દીર્ઘકાલીન પોલિસી બનાવવાની હિમાયત કરવામાં આવી હતી.


જાણવા જેવું:



ભારત વિશ્વમાં **કોલસાનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ** છે, જેમાં પાવર સેક્ટર ઉપરાંત ટેક્સટાઈલ પ્રોસેસિંગ અને કેમિકલ એકમો સૌથી મોટા ઔદ્યોગિક વપરાશકારો છે.



વૈશ્વિક શિપિંગમાં વપરાતા લો-સલ્ફર બન્કર ફ્યુઅલના દરમાં થતી **10% વધઘટ** પણ આયાતી કોલસાના પ્રતિ ટન લેન્ડિંગ ખર્ચ પર સીધી અસર કરે છે.



માટી, શ્રદ્ધા અને પ્રકૃતિપ્રેમ



ગણેશોત્સવ પૂર્વે SGCCI દ્વારા નવજીવન લક્ઝરી કાર્સ ખાતે ‘ઇકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ’ વર્કશોપનું આયોજન સંપન્ન

ઉત્સવોની ઉજવણી જ્યારે પર્યાવરણ સંવર્ધન સાથે જોડાય છે ત્યારે શ્રદ્ધા સાચા અર્થમાં સાર્થક બને છે. કેમિકલ અને પીઓપીની મૂર્તિઓને સ્થાને શુદ્ધ માટીમાંથી સ્વહસ્તે શ્રીજીની પ્રતિમા ઘડીને સુરતના નાગરિકોએ ભક્તિની સાથોસાથ પ્રકૃતિ પ્રત્યેની પોતાની નૈતિક જવાબદારી નિભાવી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા નવજીવન લક્ઝરી કાર્સ ખાતે પર્યાવરણ જાગૃતિના ઉદ્દેશથી આયોજિત વર્કશોપમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રકૃતિપ્રેમ સાથે આધ્યાત્મિકતાનો સમન્વય સાધવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે પોતાના હાથે માટીમાંથી ગણેશજીની મૂર્તિ ઘડવી એ શ્રદ્ધામય અનુભવની સાથે પર્યાવરણ પ્રત્યેની સાચી નિષ્ઠા છે. જે રીતે માટીને પ્રેમ, ધીરજ અને આસ્થાથી મનમોહક આકાર આપી શકાય



> **“માટીમાંથી ગણેશજીની મૂર્તિ ઘડવી એ શ્રદ્ધામય અનુભવ સાથે પ્રકૃતિ પ્રત્યેની સાચી જવાબદારી છે; જેમ માટીને પ્રેમથી ઘાટ આપી શકાય તેમ પરિશ્રમથી જીવન પણ શ્રેષ્ઠ બને છે.”**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI”**



ઈવેન્ટ પેનલ



- **કાર્યક્રમ:** ઇકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ વર્કશોપ
- **તારીખ:** 10 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** નવજીવન લક્ઝરી કાર્સ, સુરત
- **આયોજક:** SGCCI આર્ટ એન્ડ કલ્ચર કમિટી
- **નિષ્ણાત કલાકાર:** શ્રીમતી શ્વેતાબેન શાહ
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **કમિટી સંકલન:** સુશ્રી કૃતિકા શાહ (ચેરપર્સન), શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા (એડવાઈઝર), શ્રી શૈલેષ દેસાઈ (ગ્રૂપ ચેરમેન), સુશ્રી રાધિકા મહેતા (સંચાલન), ડૉ. અંકિતા રાજ્યગુરુ (પરિચય), સુશ્રી અંજલિ (ગણેશ વંદના)

છે, તે જ રીતે અથાક પરિશ્રમ અને હકારાત્મક દ્રષ્ટિકોણથી આપણે જીવનને પણ ઉન્નત ઘાટ આપી શકીએ છીએ.

કાર્યક્રમમાં જાણીતાં કલાકાર શ્રીમતી શ્વેતાબેન શાહે ઉપસ્થિતોને યોગ્ય માટીની પસંદગી, તેને કેળવવાની પ્રક્રિયા અને વિવિધ કલાત્મક અંગો ઘડવાની પદ્ધતિઓનું પ્રાયોગિક નિદર્શન પૂરું પાડ્યું હતું. સહભાગીઓએ અત્યંત ઉમંગપૂર્વક સ્વહસ્તે ઇકો-ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી હતી અને પ્લાસ્ટર ઓફ પેરિસ (POP) કે ઝેરી કેમિકલયુક્ત કલર્સ ધરાવતી પ્રતિમાઓનો સદંતર ત્યાગ કરવાનો સંકલ્પ લીધો હતો. આ પહેલથી ઉત્સવ દરમિયાન જળ પ્રદૂષણ નિવારવામાં મોટો ટેકો મળશે.





કેમ્પસથી કોર્પોરેટ સુધીનો સેતુ

11થી 13 ડિસેમ્બર દરમિયાન આયોજિત થનારા 'ગ્લોબલ એજ્યુકેશન એન્ડ સ્કિલ એક્સ્પો-2026'નું SGCCI દ્વારા સત્તાવાર કર્ટેન રેઇઝર સંપન્ન

બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં માત્ર પુસ્તકીય ડિગ્રીઓથી કરિયરની મંજિલ સર થઈ શકતી નથી; તેની સાથે ઔદ્યોગિક અનુભવ અને આધુનિક કૌશલ્યનું જોડાણ અનિવાર્ય છે. દક્ષિણ ગુજરાતના યુવાધનને અદ્યતન ટેક્નોલોજી, સ્ટાર્ટઅપ્સ અને ગ્લોબલ કરિયરની નવી દિશાઓ સાથે જોડવા માટે એકેડેમિક અને ઇન્ડસ્ટ્રીયલ જગત એક જ છત નીચે એકત્ર થઈ રહ્યું છે.

દક્ષિણ ગુજરાતના યુવાધનને વૈશ્વિક શિક્ષણ અને આધુનિક ઔદ્યોગિક ક્ષમતા સાથે જોડવાના ઉદ્દેશ સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા આગામી 11થી 13 ડિસેમ્બર દરમિયાન યોજાનારા 'ગ્લોબલ એજ્યુકેશન એન્ડ સ્કિલ એક્સ્પો-2026'ના કર્ટેન રેઇઝર કાર્યક્રમમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ યુવા પેઢીના સર્વાંગી ઘડતરનો રોડમેપ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે દક્ષિણ ગુજરાત હંમેશાં વેપાર, ઉદ્યોગ અને નવીન વિચારોનું પ્રમુખ કેન્દ્ર રહ્યું છે. સ્થાનિક ઉદ્યોગોના આધુનિકીકરણ અને ટકાઉ વિકાસ માટે યુવાનો પાસે વૈશ્વિક સ્તરનું શિક્ષણ અને અદ્યતન કૌશલ્ય હોવું અનિવાર્ય છે. શિક્ષણ કેવળ પુસ્તકીય જ્ઞાન મેળવવાનું સાધન નથી, પરંતુ પોતાના સપનાઓને

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** કર્ટેન રેઇઝર – 'ગ્લોબલ એજ્યુકેશન એન્ડ સ્કિલ એક્સ્પો-2026'
- **તારીખ:** 21 સપ્ટેમ્બર 2026 (એક્સ્પો તારીખ: 11, 12 અને 13 ડિસેમ્બર 2026)
- **સ્થળ:** સુરત
- **મુખ્ય અતિથિઓ:** શ્રી કિશોરસિંહ ચાવડા (વાઇસ ચાન્સલર, VNSGU), ડૉ. નિહારિકા પટેલ (એજ્યુકેશન ઇન્સ્પેક્ટર)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી રવિ રાજ દેસાઈ (ઉપપ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **આયોજન સંકલન:** ડૉ. વિજય રાદડિયા (ગ્રૂપ ચેરમેન), શ્રી મનિષ કાપડિયા (ચેરમેન, ઓલ એક્ઝિબિશન), ડૉ. મોનિકા શર્મા (ચેરપર્સન, એજ્યુકેશનલ એન્ડ એકેડેમિક કમિટી), ડૉ. નૈલેષ પટેલ (કો-ચેરમેન, એજ્યુકેશનલ એન્ડ એકેડેમિક કમિટી)







“શિક્ષણ કેવળ પુસ્તકીય જ્ઞાન મેળવવાનું માધ્યમ નથી, પરંતુ પોતાના સપનાઓને હકીકતમાં રૂપાંતરિત કરવાની ચાવી છે; જ્યારે યુવાનોનો સંકલ્પ દ્રઢ હોય ત્યારે વૈશ્વિક સફળતા જરાય અશક્ય નથી.”

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI

હકીકતમાં રૂપાંતરિત કરવાની ચાવી છે; સંકલ્પ દ્રઢ હોય તો વૈશ્વિક સ્તરે સફળતા મેળવવી અસંભવ નથી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ના વાઇસ ચાન્સલર શ્રી કિશોરસિંહ ચાવડાએ ડિગ્રીની સાથે વિદ્યાર્થીઓને સીધા ઔદ્યોગિક વાતાવરણનો અનુભવ આપવા પર ભાર મૂક્યો હતો. તેમણે અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે સુરતના સ્થાનિક ઉદ્યોગોમાં વ્યાપક ઇન્ટર્નશિપની તકો ઊભી કરવા, વિદ્યાર્થીઓમાં સાહસિકતા ખીલવવા સ્ટાર્ટઅપ્સને પ્રમોટ કરવા, સાયન્સ ફેર યોજવા તેમજ વિશ્વસ્તરે ઉભરતી નવી ટેક્નોલોજીઓનું જીવંત પ્રદર્શન ગોઠવવા અંગે મહત્વનાં સૂચનો આપ્યાં હતાં. એજ્યુકેશન ઇન્સ્પેક્ટર ડૉ. નિહારિકા પટેલે પણ પ્રારંભિક શૈક્ષણિક હેતુઓ અને એક્સ્પોના વ્યાપ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ચેમ્બરના ગ્રૂપ ચેરમેન ડૉ. વિજય રાદડિયાએ સ્પષ્ટ કર્યું કે આ એક્સ્પો વિદ્યાર્થીઓ, પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ, અગ્રણી ઉદ્યોગો અને સ્કિલ ડેવલપમેન્ટ એકમોને એક મંચ પૂરો પાડી એકેડેમિક અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચે મજબૂત સેતુ રચશે, જેથી વિદ્યાર્થીઓ યોગ્ય કારકિર્દી વિકલ્પો પસંદ કરી શકે.

જાણવા જેવું:

વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ‘ફ્યુચર ઓફ જોબ્સ રિપોર્ટ’ મુજબ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ઓટોમેશનના પ્રસારને કારણે આગામી વર્ષોમાં 50%થી વધુ વૈશ્વિક કર્મચારીઓને કોર સ્કિલિંગ અને રી-સ્કિલિંગની જરૂર પડશે. ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) હેઠળ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રેક્ટિકલ ઇન્ટર્નશિપ ફરજિયાત બનાવવાની પહેલ શૈક્ષણિક અભ્યાસ અને ઔદ્યોગિક રોજગારક્ષમતા વચ્ચેનું અંતર ઘટાડવામાં નિર્ણાયક સાબિત થઈ રહી છે.



ગ્રીન એનર્જી કર્ટેલમેન્ટ પારદર્શકતા અનિવાર્ય

ગ્રીન એનર્જી ઓપન એક્સેસ હેઠળ કાર્યરત પ્રોજેક્ટ્સના પાવર કર્ટેલમેન્ટ માપદંડો અંગે SGCCI દ્વારા વડોદરા સ્થિત SLDC સમક્ષ રજૂઆત



દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોએ ઊર્જા ખર્ચ ઘટાડવા અને પર્યાવરણ સંવર્ધન માટે કેપ્ટિવ રિન્યુએબલ પ્રોજેક્ટ્સમાં કરોડો રૂપિયાનું લાંબા ગાળાનું મૂડીરોકાણ કર્યું છે. જો કે ટેકનિકલ કારણોસર ગ્રિડમાંથી થતા પાવર કર્ટેલમેન્ટની પ્રક્રિયા અને પ્રાથમિકતા અંગે સ્પષ્ટતાના અભાવે ઉત્પાદન અને આર્થિક વળતર પર પ્રતિકૂળ અસરની ભીતિ ઊભી થઈ છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ઉદ્યોગકારોની આ વ્યાપક ચિંતાને ધ્યાને લઈને વડોદરા સ્થિત સ્ટેટ લોડ ડિસપેચ સેન્ટર (SLDC) સમક્ષ વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા દ્વારા પાઠવવામાં આવેલી આ રજૂઆતના આધારે ચેમ્બરની ડીજીવીસીએલ કમિટીના પ્રતિનિધિમંડળે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. પ્રમુખશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ઉદ્યોગો માટે રિન્યુએબલ એનર્જી માત્ર બિલ ઘટાડવાનું સાધન નથી, પરંતુ લાંબા ગાળાના આયોજનનો પાયો છે. જ્યારે સિસ્ટમ કન્સ્ટ્રેઇન્ટને કારણે કર્ટેલમેન્ટ જરૂરી બને ત્યારે લાગુ નિયમો અનુસાર તેની પ્રક્રિયા, પ્રાથમિકતા અને ગણતરી અંગે પારદર્શકતા હોવી જરૂરી છે. ચેમ્બરનો હેતુ ગ્રિડની સલામતી સામે સવાલ ઉઠાવવાનો નથી, પરંતુ ઉદ્યોગ અને સિસ્ટમ ઓપરેટર વચ્ચે સ્પષ્ટ સંકલન સાધવાનો છે.

> **“રિન્યુએબલ એનર્જી માત્ર વીજ ખર્ચ ઘટાડવાનું સાધન નથી, પરંતુ લાંબા ગાળાના મૂડીરોકાણનો ભાગ છે; ગ્રિડ સુરક્ષા સાથે સિસ્ટમમાં પારદર્શક વ્યવસ્થા અનિવાર્ય છે.”**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**



ચેમ્બરે GERC (Terms and Conditions for Green Energy Open Access) Regulations, 2024ના **Regulation** 18 હેઠળ સ્પષ્ટતા માંગી છે. જેમાં શોર્ટ-ટર્મ, મીડિયમ-ટર્મ અને લોંગ-ટર્મ ઓપન એક્સેસ વચ્ચે નિર્ધારિત ક્રમ તેમજ સમાન કેટેગરીમાં 'પ્રો-રેટા' **(pro-rata)** કર્ટેલમેન્ટ પદ્ધતિ વ્યવહારમાં કઈ રીતે લાગુ થાય છે તે અંગે સવાલો રજૂ કરાયા છે. આ ઉપરાંત 11 **kV** પર જોડાયેલા પ્રોજેક્ટ્સના માપદંડ, ગ્રિડ કન્જેશન નક્કી કરવાની ટેકનિકલ રીત તેમજ જનરેટરને સમયસર લેખિત વિગતો ઉપલબ્ધ કરાવવા માંગ કરાઈ છે.

જાણવા જેવું:

ભારતમાં ગ્રીન એનર્જી ઓપન એક્સેસ રૂલ્સ હેઠળ **100 kW** કે તેથી વધુ મંજૂર લોડ ધરાવતો કોઇપણ ગ્રાહક **રિન્યુએબલ પાવર ઓપન એક્સેસ** મેળવી શકે છે.



ગ્રિડ સ્થિરતા જાળવવા જ્યારે વીજ પુરવઠો ક્ષમતા કરતાં વધી જાય ત્યારે ફ્રીક્વન્સી નિયંત્રણ માટે લોડ ડિસ્પેચ સેન્ટરો દ્વારા **પાવર કર્ટેલમેન્ટ (કાપ)** મુકવામાં આવે છે.



ઈવેન્ટ પેનલ

- **તારીખ:** 24 સપ્ટેમ્બર 2026
- **રજૂઆતકર્તા:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)
- **રજૂઆત મેળવનાર સંસ્થા:** સ્ટેટ લોડ ડિસપેચ સેન્ટર (SLDC), વડોદરા
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ)
- **પ્રતિનિધિમંડળ સભ્યો (DGVCL કમિટી):** શ્રી સુરેશ પટેલ (એડવાઈઝર), શ્રી કિશોર બોઘાણી (ચેરમેન), શ્રી પૌલિક દેસાઈ (સેક્રેટરી)
- **નિયમનકારી સંદર્ભ:** GERC Regulations 2024 (Regulation 18 - Curtailment Priority)

હાસ્ય, કાવ્ય અને રાષ્ટ્રચેતના



SGCCI અને અમૃતમ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સરસાણાના પ્લેટિનમ હોલ ખાતે 'વિરાટ હાસ્ય કવિ સંમેલન' સંપન્ન

સંઘર્ષભરી દિનચર્યા વચ્ચે ખડખડાટ હાસ્ય અને હૈયાને ઢંઢોળતી રાષ્ટ્રભક્તિની કવિતાઓનો અનોખો સંગમ સરસાણાના આંગણે રચાયો હતો. દેશભરના નામાંકિત કવિઓની કટાક્ષમય કલમ, વીરરસ અને મધુર ગઝલોની પ્રસ્તુતિએ સુરતી કાવ્યરસિકોને મોડી રાત સુધી મંત્રમુગ્ધ રાખ્યા હતા.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને અમૃતમ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સરસાણા સ્થિત પ્લેટિનમ હોલ ખાતે આયોજિત ભવ્ય કવિ સંમેલનમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ હાસ્યને આંતરિક બળ તરીકે ઓળખાવતાં જણાવ્યું કે જીવનમાં હાસ્ય અને ઉત્સાહ માત્ર ક્ષણિક મનોરંજન નથી, પરંતુ







"જીવનમાં હાસ્ય અને ઉત્સાહ માત્ર ક્ષણિક મનોરંજન નથી, પરંતુ સંઘર્ષો વચ્ચે પણ અડગ રહીને હસતા મુખે આગળ વધવાની આંતરિક શક્તિ છે."

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI






સંઘર્ષો વચ્ચે પણ અડગ રહીને હસતા મુખે આગળ વધવાની આંતરિક શક્તિ છે. સદાય ખુશહાલ રહેવું, નિરંતર પ્રગતિ કરવી અને હૃદયમાં દેશપ્રેમની જ્યોત પ્રજ્વલિત રાખવી એ જ સાચો જીવનમંત્ર છે.

મુખ્ય અતિથિપદેથી રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાએ જણાવ્યું કે હાસ્ય અને શૌર્ય માનવ મગજમાં સમાંતર ચાલતા પ્રવાહો છે અને હાસ્ય પાછળ સ્થિતપ્રજ્ઞતા છુપાયેલી હોય છે; જે સમાજમાં સાહિત્યકારોનું સન્માન થાય છે તે હંમેશાં શ્રેષ્ઠ રહે છે.

મંચ પરથી કવિઓએ પોતાની આગવી રચનાઓથી રંગ રાખ્યો હતો. પટનાનાં ડૉ. તિશ્યા શ્રીએ નારીશક્તિના ગૌરવ અને રૌદ્ર સ્વરૂપને ઉજાગર કરતાં લલકાર્યું:

"સરળ હૈ, શાંત હૈ, સુલઝી હુઈ-સી
એક કહાની હૈ,
કભી કિરદાર બેટી કા, કભી રાજા કી રાણી હૈ,
જટિલ સબ મામલો કો, હલ વો કરતી હંસ કે પલભર મેં,
પડે જો મૌકા તો ફિર વો અંબે-ભવાની હૈ."

પ્રતાપગઢના કવિ પાર્થ નવીને રાજકારણ પર તીખો કટાક્ષ કરતાં કહ્યું, "એક નેતા ખુરશી કો યૂં દેખતા હૈ, જૈસે જેઠાલાલ બબીતા કો દેખતા હૈ!" સાથે જ તેમણે "જગ ઘૂમિયા તેરે જૈસા ન કોઈ" ગીતથી દેશપ્રેમનો સંદેશ આપ્યો. લખનઉનાં સુશ્રી કવિતા તિવારીએ ઓજસ્વી વીરરસથી રાષ્ટ્રચેતના જગાવી, જ્યારે અલીગઢના ડૉ. વિષ્ણુ સક્સેનાએ મધુર ગઝલોથી દિલ જીત્યા. નવી દિલ્હીના ચિરાગ જૈને માનવીય સંબંધો પર હાસ્ય-વ્યંગ્ય પીરસ્યો અને દેવાસના શશિકાંત યાદવે ઊર્જાસભર સંચાલન કર્યું.



ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** વિરાટ હાસ્ય કવિ સંમેલન
- **તારીખ:** 8 સપ્ટેમ્બર 2026, **સ્થળ:** પ્લેટિનમ હોલ, સંહતિ પરિસર, સરસાણા, સુરત
- **સંયુક્ત આયોજક:** SGCCI અને અમૃતમ ફાઉન્ડેશન
- **મુખ્ય અતિથિ:** શ્રી પ્રફૂલભાઈ પાનશેરિયા (આરોગ્ય રાજ્યમંત્રી, ગુજરાત સરકાર)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી), શ્રી નિખિલ મદ્રાસી (તત્કાલીન પૂર્વ પ્રમુખ)
- **આમંત્રિત કવિઓ:** ડૉ. તિશ્યા શ્રી (પટના), શ્રી પાર્થ નવીન (પ્રતાપગઢ), સુશ્રી કવિતા તિવારી (લખનઉ), શ્રી શશિકાંત યાદવ (દેવાસ), શ્રી ચિરાગ જૈન (નવી દિલ્હી), ડૉ. વિષ્ણુ સક્સેના (અલીગઢ)
- **વિશેષ ઉપસ્થિતિ:** શ્રી તેજસ પરમાર (કલેક્ટર, સુરત), શ્રી અનિલ રૂંગટા (ચેરમેન, રૂંગટા ગ્રૂપ), શ્રી નયન સુખડવાલા (જિલ્લા સરકારી વકીલ), શ્રી સાંવરમલ બુધિયા, શ્રી કુંજ બિહારી પંસારી (ફાઉન્ડર ટ્રસ્ટી, અમૃતમ ફાઉન્ડેશન), સુશ્રી ડિમ્પલ મિશ્રા (સંચાલન)



ઘૂંટણનો ઘસારો એટલે સર્જરી જ? ના!

લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર ખાતે SGCCI દ્વારા 'ઘૂંટણનો ઘસારો એટલે જોઈન્ટ રિપ્લેસમેન્ટ જ, કેટલું સાચું?' વિષય પર જાગૃતિ સત્ર યોજાયું

સાંધાનો દુખાવો કે સામાન્ય ઘસારો શરૂ થતાં જ મોટા ભાગના દર્દીઓ સીધા ઓપરેશન થિયેટર તરફ દોટ મૂકે છે. જોકે તબીબી વિજ્ઞાન અનુસાર સાચી જીવનશૈલી, વજન નિયંત્રણ અને સ્નાયુઓની મજબૂતાઈ થકી કુદરતી ઘૂંટણને વર્ષો સુધી સલામત રાખી શકાય છે. ઉતાવળે આખો સાંધો બદલાવવો એ કાયમી ઉપાય નથી, પરંતુ સમયસરની કાળજી જ શ્રેષ્ઠ સારવાર છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા વરાછા સ્થિત લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર ખાતે આયોજિત વિશેષ સત્રમાં પોતાના પ્રેરક સંદેશામાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ માનવ સંસાધનના સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે કોઈપણ ઉદ્યોગ કે વ્યવસાયની સાચી સમૃદ્ધિ તેના શ્રમિકો અને માનવબળના સુદ્રઢ સ્વાસ્થ્ય પર નિર્ભર કરે છે. ઔદ્યોગિક પ્રગતિની દોડ વચ્ચે કામદારો અને ઉદ્યોગસાહસિકો બંને પોતાના આરોગ્યની ઉપેક્ષા ન કરે તે અત્યંત અનિવાર્ય છે. સાંધાની સમસ્યાઓમાં સાચી જાગૃતિ અને યોગ્ય સમયે મળેલું તબીબી માર્ગદર્શન બિનજરૂરી સર્જરીઓ અટકાવી શકે છે; ચેમ્બર સમાજ અને શ્રમિક વર્ગના આરોગ્ય માટે સદાય કટિબદ્ધ છે.

જાણીતા ઓર્થોપેડિક સર્જન ડૉ. ભરત સુતરિયાએ ઘૂંટણની સમસ્યાઓ પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે ઘસારો થાય એટલે સીધું રિપ્લેસમેન્ટ કરાવવું પડે તે સંપૂર્ણ ગેરમાન્યતા

> **"કોઈપણ ઉદ્યોગ કે વ્યવસાયની સાચી સફળતા અને સમૃદ્ધિ તેના શ્રમિકો અને માનવસંસાધનના સુદ્રઢ સ્વાસ્થ્ય પર નિર્ભર છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**





છે. અગાઉ 60 વર્ષ પછી જોવા મળતી આ સમસ્યા હવે બેઠાડું જીવનશૈલીને કારણે 40થી 60 વર્ષના વયજૂથમાં વધી રહી છે. ખાસ કરીને 40થી 50 વર્ષની નાની વયે ઉતાવળે ટોટલ ની રિપ્લેસમેન્ટ કરાવવાથી બચવું જોઈએ, કારણ કે કુદરતી સાંધાની સામે કૃત્રિમ સાંધાની આવરદા માત્ર 20થી 22 વર્ષની હોય છે; જ્યારે રિવિઝન સર્જરી બાદ તેનું આયુષ્ય ઘટીને 10થી 12 વર્ષનું થઈ જાય છે.

તેમણે ઉમેર્યું કે સાથળના સ્નાયુઓ કુદરતી શોક-એબ્સોર્બર તરીકે કામ કરતાં હોવાથી વજન ઘટાડીને કસરત દ્વારા સ્નાયુ મજબૂત કરવા જોઈએ. પગનું અલાઈનમેન્ટ વાંકું હોય તો 'હાઈ ટીબિયલ ઓસ્ટીયોટોમી' (HTO) અને માત્ર અંદરનો ભાગ ઘસાયો હોય તો 'પાર્શિયલ ની રિપ્લેસમેન્ટ' શ્રેષ્ઠ વિકલ્પ છે. જ્યારે સાંધો અત્યંત ક્ષતિગ્રસ્ત થાય ત્યારે જ ટોટલ રિપ્લેસમેન્ટ અનિવાર્ય બને છે.

જાણવા જેવું:

સપાટ જમીન પર ચાલતી વખતે

મેડિકલ બાયોમેકેનિક્સ અનુસાર જ્યારે આપણે સપાટ જમીન પર ચાલીએ છીએ ત્યારે ઘૂંટણ પર શરીરના વજન કરતાં આશરે **1.5 ગણું** વજન આવે છે.



સીડી ચડતી વખતે

જ્યારે સીડી ચડતી વખતે આ દબાણ વધીને શરીરના વજન કરતાં **3થી 4 ગણું** થઈ જાય છે.



5 કિલો વજન ઘટાડવાથી

માત્ર 5 કિલો વજન ઘટાડવાથી પ્રત્યેક ડગલે ઘૂંટણ પરથી આશરે **15થી 20 કિલો** જેટલું ભારણ ઓછું થાય છે.



ઈવેન્ટ પેનલ

થોડું વજન ઓછું, ઘૂંટણ માટે વધારે આરામ!

- **કાર્યક્રમ:** અવેરનેસ સેશન – 'ઘૂંટણનો ઘસારો એટલે જોઈન્ટ રિપ્લેસમેન્ટ જ, કેટલું સાચું?'
- **તારીખ અને સમય:** રવિવાર, 13 સપ્ટેમ્બર 2026, સવારે 10:30 કલાકે
- **સ્થળ:** લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર, વરાછા, સુરત
- **મુખ્ય વક્તા:** ડૉ. ભરત સુતરિયા (ઓર્થોપેડિક સર્જન)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી)
- **વિશેષ અપીલ:** શ્રી હરિભાઈ કથીરિયા (પ્રમુખ, લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર - થેલેસેમિયા પીડિત બાળકો માટે રક્તદાનની હાકલ)
- **કમિટી સંકલન:** શ્રી નિખિલ વઘાસિયા (ચેરમેન, ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ હેલ્થ કમિટી), શ્રી લાલજીભાઈ હિરાની (કો-ચેરમેન, ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ હેલ્થ કમિટી)



હારીને જીતી જાવ, સંબંધ સચવાઈ જશે

સરસાણા સ્થિત SIECC ખાતે SGCCI લેડીઝ વિંગ દ્વારા 'How to have S.M.A.R.T. Relationships' વિષય પર વિશેષ સંવાદ સંપન્ન

સંબંધો ક્યારેય આપોઆપ નથી ટકતા; તેના મૂળિયાંને સ્નેહ, સંવાદ અને સમયનું ખાતર આપવું પડે છે. ઝડપી આધુનિક જીવનશૈલી વચ્ચે અહંકારને બાજુ પર મૂકીને ક્યારેક સંબંધની ખાતર નમી જવું એ જ ખરી પરિપક્વતા છે. લેડીઝ વિંગના ઇન્ટરેક્ટિવ મંચ પરથી જાણીતાં મનોચિકિત્સક અને ઉપસ્થિત બહેનોએ જીવંત અભિનય સાથે સુખી દાંપત્ય અને પારિવારિક શાંતિના વ્યવહારુ રહસ્યો ઉજાગર કર્યાં હતાં.

આજના અતિવ્યસ્ત યુગમાં પારિવારિક તેમજ સામાજિક સંબંધોને સુમેળભર્યા રાખવાના ઉદ્દેશ સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની લેડીઝ વિંગ દ્વારા સરસાણાના SPB હોલ ખાતે **'How to have S.M.A.R.T. Relationships'** વિષય પર વિશેષ સત્ર યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પારિવારિક સુમેળને વ્યાવસાયિક સફળતાનો પાયો ગણાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે આજના તણાવપૂર્ણ સમયમાં બિઝનેસ ગ્રોથની સાથે અંગત સંબંધો સ્વસ્થ રહે તે સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. સંબંધોમાં ઈગો કરતાં લાગણી હંમેશાં મોટી હોય છે; જો સંબંધ સાચો અને પવિત્ર હોય તો ક્યારેક સામે ચાલીને હારી જવામાં જ સંબંધની સાચી જીત સમાયેલી છે. તેને દીર્ઘાયુ બનાવવા પ્રેમ અને પૂરતો સમય આપવો





“સંબંધોમાં ઈગો કરતાં લાગણી મોટી હોય છે; જો સંબંધ સાચો હોય તો ક્યારેક સામે ચાલીને હારી જવામાં જ સંબંધની સાચી જીત સમાયેલી છે.”

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI”

અનિવાર્ય છે.

કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. તૃપ્તિ ચૌધરી પટેલે જણાવ્યું કે સંબંધોમાં સુધારો લાવવા સૌપ્રથમ ‘સેલ્ફ અવેરનેસ’ (સ્વ-જાગૃતિ) કેળવવી પડશે. લોકો અજાણતા જૂની માન્યતાઓના ‘ઓટો-મોડ’માં આવીને પ્રતિક્રિયા આપતા હોય છે. તેમણે સંબંધોને પ્રભાવિત કરતી 6 મુખ્ય વર્તન પેટર્ન સમજાવી: હંમેશાં પોતાને ભોગે બીજાને રાજી રાખવા મથતા પીપલ પ્લીઝર, નાની બાબતોનું અતિચિંતન કરતા ઓવરથિંકર, સતત ઉતાવળે ઉકેલ શોધતા પ્રોબ્લેમ સોલ્વર, દરેક બાબતનું નિયંત્રણ ઝંખતા કંટ્રોલર, સંવાદથી ભાગતા અવોઇડર અને આવેગમાં વિસ્ફોટક બનતા રિએક્ટર.

મતભેદો અને કલેશના શાંતિપૂર્ણ નિવારણ માટે તેમણે **‘5 A’s’**ની ફોર્મ્યુલા આપી હતી: બિનજરૂરી દલીલો ટાળવી **(Avoid)**, લાગણીઓ આદરપૂર્વક રજૂ કરવી **(Assert)**, પોતાના વર્તનમાં હકારાત્મક બદલાવ લાવવો **(Alter)**, પરસ્પર સન્માન સાથે અનુકૂલન સાધવું **(Adjust)** અને અપરિવર્તનશીલ બાબતોનો સહજ સ્વીકાર કરવો **(Accept)**. સત્ર દરમિયાન સાસુ-વહુ, પતિ-પત્ની અને માતાપિતા-બાળકો વચ્ચેના રોલ-પ્લે દ્વારા રોજિંદા પ્રશ્નોનું હળવાશભર્યું નિરૂપણ કરાયું હતું. લેડીઝ વિંગનાં ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ બદલાતા સમય સાથે સંબંધોને વધુ સ્માર્ટ અને સ્વસ્થ બનાવવાની હિમાયત કરી હતી.

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** ‘How to have S.M.A.R.T. Relationships’ (ઇન્ટરેક્ટિવ સેશન)
- **તારીખ:** ગુરુવાર, 24 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** SPB હોલ, સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC), સરસાણા, સુરત
- **આયોજક:** SGCCI લેડીઝ વિંગ
- **મુખ્ય વક્તા:** ડો. તૃપ્તિ ચૌધરી પટેલ (મનોચિકિત્સક, રિલેશનશિપ એક્સપર્ટ અને સોશિયલ આંત્રપ્રિન્યોર)
- SGCCI **નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી નિખિલ મદ્રાસી (તત્કાલીન પૂર્વ પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **લેડીઝ વિંગ પદાધિકારીઓ:** શ્રીમતી અલ્પાબેન મદ્રાસી (ચેરપર્સન), શ્રીમતી રોમા પટેલ (એડવાઇઝર), શ્રીમતી દમયંતી વાણાવાલા (સચિવ), શ્રીમતી સ્મિતાબેન જરીવાલા (વક્તા પરિચય), શ્રીમતી પારુલ પટેલ (આભારવિધિ)

જાણવા જેવું:

હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા સતત 85 વર્ષથી ચાલતા વિશ્વના સૌથી લાંબા ‘હાર્વર્ડ સ્ટડી ઓફ એડલ્ટ ડેવલપમેન્ટ’નું મુખ્ય તારણ એ છે કે માનવીના દીર્ઘાયુષ્ય, ઉત્તમ શારીરિક સ્વાસ્થ્ય અને ખુશી માટે ધન-સંપત્તિ કે કારકિર્દી કરતાં વ્યક્તિના પારિવારિક અને સામાજિક સંબંધોની ગુણવત્તા સૌથી નિર્ણાયક પરિબળ છે.

સુરક્ષિત શ્રમિક, સક્ષમ ઉદ્યોગ

સરસાણા સ્થિત સંહતિ પરિસરમાં SGCCI દ્વારા 'ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ અને વર્કિંગ કન્ડિશન્સ કોડ' પર વિશેષ માસ્ટરક્લાસ સંપન્ન



કારખાનાની ચાર દીવાલો વચ્ચે એક નાનકડી ઔદ્યોગિક બેદરકારી કંપનીને લાંબા કાયદાકીય વિવાદો અને મોટા આર્થિક નુકસાનમાં ધકેલી શકે છે. આજના આધુનિક ઉત્પાદન યુગમાં શ્રમિકોની સુરક્ષા અને સુખાકારી એ માત્ર કાયદાકીય પાલનની ઔપચારિકતા નથી રહી, પરંતુ ઔદ્યોગિક પ્રગતિ અને સ્થિર ઉત્પાદકતાની પાયાની નૈતિક શરત બની ગઈ છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણાના 'સંહતિ' પરિસરમાં નવા અમલમાં આવેલા 'ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ અને વર્કિંગ કન્ડિશન્સ કોડ એન્ડ રૂલ્સ' (OSH Code) વિષય પર વિશેષ માસ્ટરક્લાસ યોજાયો હતો. આ પ્રસંગે પોતાના સંદેશામાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ શ્રમિક કલ્યાણને ઉદ્યોગની સાચી મૂડી ગણાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કોઈપણ ઔદ્યોગિક એકમની સાચી તાકાત તેના કામદારો છે. નવા OSH કોડ હેઠળ દર્શાવેલા નિયમોનું પાલન કરવું એ ઉદ્યોગો માટે માત્ર કાગળ પરની કાયદાકીય ઔપચારિકતા નથી, પરંતુ સર્વોચ્ચ માનવીય અને નૈતિક જવાબદારી છે. સુરક્ષિત કાર્યસ્થળ શ્રમિકોમાં આત્મવિશ્વાસ પેદા કરી ઉત્પાદકતા વધારે છે; સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો આધુનિક સેફ્ટી માળખાને અગ્રતા આપવા કટિબદ્ધ છે.

ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય વિભાગના પૂર્વ ડેપ્યુટી ડિરેક્ટર શ્રી એલ. કે. ડુંગરાણીએ સેફ્ટી કમ્પ્લાયન્સ પર વિગતવાર માર્ગદર્શન આપતાં જણાવ્યું કે કારખાનામાં થતો સામાન્ય અકસ્માત પણ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે. સંભવિત જોખમોનું અગાઉથી મૂલ્યાંકન, કર્મચારીઓની વ્યવહારુ તાલીમ અને સેફ્ટી પ્રોટોકોલનું પાલન અનિવાર્ય

> **"નવા ઓક્યુપેશનલ સેફ્ટી એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ હેઠળ નિયમોનું પાલન કરવું એ માત્ર કાયદાકીય ઔપચારિકતા નથી, પરંતુ માનવીય અને નૈતિક જવાબદારી છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**





છે. તેમણે ખાસ ધ્યાન દોર્યું કે નવા નિયમ હેઠળ 45 વર્ષથી વધુ વયના શ્રમિકોનું અધિકૃત તબીબ પાસે નિયમિત હેલ્થ ચેકઅપ કરાવી તેનો રેકોર્ડ જાળવવો ઉદ્યોગો માટે કાયદાકીય રીતે ફરજિયાત બનાવાયો છે.

જાણીતા લેબર મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને એડવોકેટ શ્રી અશોક મહંતે પ્લાન્ટ એપ્રૂવલ પ્રક્રિયા અંગે સમજાવતાં કહ્યું કે પ્લાન્ટ ડિઝાઇનની શરૂઆતથી જ સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ અપનાવવા જોઈએ જેથી પાછળથી ટેકનિકલ અડચણો ન આવે. તેમણે યુવા પેઢીને પ્રેરણા આપતાં જણાવ્યું કે સંજોગો સામે લડીને સતત નવું શીખવું અનિવાર્ય છે.



- **કાર્યક્રમ:** માસ્ટરક્લાસ – 'ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ અને વર્કિંગ કન્ડિશન્સ કોડ એન્ડ રૂલ્સ' (OSH Code)
- **તારીખ:** 11 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** 'સંહતિ' પરિસર, સરસાણા, સુરત
- **મુખ્ય વક્તાઓ:** શ્રી એલ. કે. ડુંગરાણી
  (નિવૃત્ત ડેપ્યુટી ડિરેક્ટર, ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ), શ્રી અશોક મહંત (એડવોકેટ અને લેબર મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **આયોજન સંકલન:** શ્રી ચેતન ચોડવડિયા (ચેરમેન, ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ સિક્યુરિટી કમિટી)



પાટા પર એરપોર્ટનો વૈભવ!

સ્થાપત્યની અજાયબી: નવું સુરત રેલવે સ્ટેશન

ધમધમતા ટ્રેન વ્યવહાર અને રોજિંદા હજારો મુસાફરોની ચહલપહલ વચ્ચે સુરતની ધરતી પર ભારતીય રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની એક અસાધારણ સ્થાપત્ય કાંતિ આકાર લઈ રહી છે. બરાબર 75 વર્ષ બાદ પુનઃનિર્માણ પામી રહેલું સુરત રેલવે સ્ટેશન હવે માત્ર ટ્રેનોની આવનજાવનનું સ્થળ ન રહેતાં એરપોર્ટ જેવી આંતરરાષ્ટ્રીય સગવડોથી સજ્જ પશ્ચિમ ભારતનું એક અત્યાધુનિક મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ બનવા જઈ રહ્યું છે.

સરસાણા સ્થિત એસપીબી હોલ ખાતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા શરૂ કરાયેલી 'સુરત મેગા પ્રોજેક્ટ સિરીઝ'ના પ્રથમ એપિસોડમાં ઉપસ્થિત નગરશ્રેષ્ઠીઓને સંબોધતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સુરતના અદમ્ય વિકાસ-મિશનની ભૂમિકા રજૂ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સ્વચ્છતા, ટેક્સટાઇલ, હીરા અને આર્થિક સમૃદ્ધિના દરેક મોરચે આજે સુરત દેશભરમાં અગ્રેસર છે. કોઈપણ શહેર માત્ર ઈંટો, લોખંડ કે સિમેન્ટનું નિર્જીવ માળખું નથી હોતું, પરંતુ તે તેના નાગરિકોના સાહસ, નવીન વિચારધારા અને સપનાઓથી જીવંત બને છે. વિકાસની આ અવિરત યાત્રામાં નવું રેલવે સ્ટેશન દેશભરમાં એક વિશિષ્ટ આર્કિટેક્ચરલ લેન્ડમાર્ક સાબિત થઈને સુરતની વૈશ્વિક પ્રતિષ્ઠામાં નવું સોનેરી પીંછું ઉમેરશે.



સ્ટેશનના મુખ્ય આર્કિટેક્ટ શ્રી ગુરપ્રીત એસ. શાહે વિસ્તૃત પ્રેઝન્ટેશન આપતાં જણાવ્યું કે અમદાવાદ કરતાં પણ સુરત સ્ટેશનનું નિર્માણ એન્જિનિયરિંગની દ્રષ્ટિએ વધુ જટિલ અને

SGCCI દ્વારા આયોજિત 'સુરત મેગા પ્રોજેક્ટ સિરીઝ'માં મુખ્ય આર્કિટેક્ટ ગુરપ્રીત એસ. શાહે રજૂ કર્યું નવા સુરત રેલવે સ્ટેશનનું ભવ્ય વિઝન



"કોઈપણ શહેર માત્ર ઈંટો, લોખંડ કે સિમેન્ટનું નિર્જીવ માળખું નથી હોતું, પરંતુ તે તેના નાગરિકોના સાહસ, નવીન વિચારધારા અને અદમ્ય ખુમારીથી જીવંત બને છે."

શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI



પડકારજનક છે, કારણ કે રેલવે ટ્રાફિક ચાલુ રાખીને જ આ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે. 3.42 લાખ ચોરસ મીટર (આશરે 40 લાખ સ્ક્વેર ફીટ)ના વિરાટ વિસ્તારમાં ફેલાયેલા આ સંકુલમાં એરપોર્ટની જેમ જ અરાઇવલ અને ડિપાર્ચરનું સંપૂર્ણ અલગ અને સુવ્યવસ્થિત મેનેજમેન્ટ ઊભું કરાશે. પીક અવર્સ દરમિયાન હાલની 11 હજાર મુસાફરોની ક્ષમતા સામે નવું સ્ટેશન એક જ સમયે 40 હજાર પેસેન્જરોને સરળતાથી હેન્ડલ કરી શકશે. ભીડ નિયંત્રણ જાળવવા માટે મુસાફરોને ટ્રેનના સમયથી 45 મિનિટ પહેલાં જ પ્લેટફોર્મ એરિયામાં પ્રવેશ અપાશે.

મલ્ટી-મોડલ કનેક્ટિવિટીના ભાગરૂપે સ્ટેશન પર G+4 માળનો વિશાળ કોન્કોર્સ પૂર્વ અને પશ્ચિમ બંને છેડાને સીધા GSRTC સેન્ટ્રલ બસ ટર્મિનલ સાથે જોડશે. મુસાફરો માટે બંને તરફ મળીને 2,400 જેટલી કારની ક્ષમતાવાળું મલ્ટી-લેવલ પાર્કિંગ ઊભું કરાશે. જગ્યાની મર્યાદા વચ્ચે 4+2+2 ના સ્માર્ટ કોમ્બિનેશન સાથે 8 પ્લેટફોર્મ કાર્યરત રહેશે. કોન્કોર્સમાં કુદરતી પ્રકાશ માટે વિશાળ ગ્લાસ પેનલ્સ, ટેમ્પરેચર કંટ્રોલ તેમજ દિવ્યાંગો માટે વિશેષ એક્સેસ વ્યવસ્થા રહેશે. સ્કાડા (SCADA), બિલ્ડિંગ મેનેજમેન્ટ સિસ્ટમ, CCTV અને એરપોર્ટ-ગ્રેડ બેગેજ સ્કેનર્સ જેવી સુરક્ષા પ્રણાલીની સાથે સ્ટેશનની આસપાસના 80 એકર વિસ્તારમાં વિશાળ કોમર્શિયલ વિકાસ અને જાહેર સુવિધાઓ આકાર લેશે.

જાણવા જેવું:

ભારતીય રેલવેના પુન:નિર્માણ ઇતિહાસમાં 'એર-કોન્કોર્સ' પદ્ધતિ એ વિશ્વકક્ષાના આધુનિક ટ્રાન્ઝિટનું અદ્યતન એન્જિનિયરિંગ મોડેલ છે.



તેમાં પ્લેટફોર્મની બરાબર ઉપર છતની જેમ વિશાળ ડેક બનાવી મુસાફરોની **લાઉન્જ, વેઇટિંગ એરિયા** અને **રિટેલ સ્ટોર્સ** તૈયાર કરાય છે, જેથી રેલવે ટ્રેક પર કોઇ પણ પ્રકારનો અવરોધ ઉભો થયા વિના નીચે પ્લેટફોર્મ ભીડમુક્ત રહે છે.

મુસાફરોની લાઉન્જ | વેઇટીંગ એરિયા | રિટેલ સ્ટોર્સ

પરિણામ: ટ્રેક સલામત, પ્લેટફોર્મ ભીડમુક્ત!

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** સુરત મેગા પ્રોજેક્ટ સિરીઝ (ઍપિસોડ 1)
- **તારીખ અને સમય:** બુધવાર, 9 સપ્ટેમ્બર 2026, સાંજે 06:00 કલાકે
- **સ્થળ:** એસપીબી હોલ, સંહતિ પરિસર, સરસાણા, સુરત
- **મુખ્ય વક્તા:** શ્રી ગુરપ્રીત એસ. શાહ (મુખ્ય આર્કિટેક્ટ, સુરત રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **સહયોગી સંસ્થાઓ અને સંકલન:** શ્રી સંજય પંજાબી (રૂપરેખા, ગ્રૂપ ચેરમેન), શ્રી નીલકંઠ બુરખાવાલા (વક્તા પરિચય, સેક્રેટરી - IIA), શ્રીમતી કૃતિકા શાહ (સંચાલન, કો-ચેરમેન - આર્કિટેક્ટ્સ, એન્જિનિયર્સ એન્ડ અર્બન પ્લાનર્સ કમિટી), શ્રી પિનાક દેસાઈ (આભારવિધિ, પ્રમુખ - ICEA)

વિદેશી મુરતિયો: ચકાસો, પછી પરણો



પી.પી. સવાણી યુનિવર્સિટી ખાતે SGCCI અને બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન દ્વારા 'NRI મેરેજ અવેરનેસ સેમિનાર' યોજાયો

વિદેશમાં સ્થાયી થવાના મોહ અને સોશિયલ સ્ટેટસના આકર્ષણમાં ઘણીવાર પરિવારો યોગ્ય ખરાઈ કરવાનું ચૂકી જાય છે. અજાણી ધરતી પર પહોંચ્યા પછી ભાષાની મર્યાદા, સ્થાનિક કાયદાની અજાણકારી અને કાનૂની સંરક્ષણનો અભાવ ભારતીય યુવતીઓને મુશ્કેલીમાં મૂકી શકે છે. આ ગંભીર સામાજિક પડકાર સામે કાયદાકીય જાગૃતિનું રણશિંગું ફૂંકાયું છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI), ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન (ગાંધીનગર) તેમજ ચેમ્બર સંચાલિત NRG સેન્ટરના સંયુક્ત ઉપક્રમે માંગરોળ સ્થિત પી.પી. સવાણી યુનિવર્સિટી ખાતે 'NRI મેરેજ અવેરનેસ સેમિનાર' યોજાયો હતો. આ પ્રસંગે મોકલેલા સંદેશામાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પરિવારોને સામાજિક અને કાયદાકીય સજાગતા કેળવવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે આજના વૈશ્વિક યુગમાં વિદેશમાં સ્થાયી થવું કે NRI પરિવારો સાથે સંબંધ બાંધવો એ સામાન્ય બાબત બની ચૂકી છે, પરંતુ ઘણીવાર વિદેશી ચમકદમક કે સામાજિક મોભાની લાલચમાં પરિવારો પૂરતી તપાસ કરવાનું ચૂકી જાય છે. સંબંધોમાં વિશ્વાસ અનિવાર્ય છે, પણ સાથે જ કાયદાકીય અને સામાજિક વાસ્તવિકતાની સજાગતા હોવી એટલી જ આવશ્યક છે.

સેમિનારના મુખ્ય વક્તા અને સુપ્રીમ કોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી એડવોકેટ પ્રીતિ જોશીએ વિદ્યાર્થિનીઓને સાવચેત કરતાં જણાવ્યું કે વિદેશમાં સ્થાયી થયેલા પરિવારોની સંખ્યા વધવાની સાથે NRI લગ્નોના કાનૂની વિવાદો પણ ઝડપથી વધ્યા છે. આવા લગ્નોમાં માત્ર ભારતીય

> **"સંબંધોમાં વિશ્વાસ અનિવાર્ય છે, પણ વિદેશી જીવનના આકર્ષણમાં અંધ થયા વગર કાયદાકીય અને સામાજિક વાસ્તવિકતાની સજાગતા રાખવી એટલી જ જરૂરી છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**







ન્યાય વ્યવસ્થા નહીં, પરંતુ જે તે દેશના જટિલ આંતરરાષ્ટ્રીય કાયદાઓ લાગુ પડે છે. અજાણ્યા દેશમાં સ્થાનિક પોલીસ, લીગલ સિસ્ટમથી અજ્ઞાનતા અને તાત્કાલિક સામાજિક આશ્રયનો અભાવ યુવતીઓ માટે ગંભીર જોખમ ઊભું કરે છે. તેમણે સૂચવ્યું કે કોઈ મેરેજ બ્યુરો કે દલાલો પર આંધળો વિશ્વાસ મૂકવો નહીં; યુવકના વિઝાનો પ્રકાર, સ્પાઉસ તરીકે રહેવાની કાયદેસર પાત્રતા, નોકરી અને ઘરના સરનામાની સત્તાવાર ખરાઈ કરવી જરૂરી છે.

ગાંધીનગર સ્થિત બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના પ્રતિનિધિ મામલતદાર શ્રી ચૈતન્ય સંઘાનીએ સુરત NRG સેન્ટર દ્વારા ઉપલબ્ધ કાનૂની અને સરકારી સહાયક સેવાઓ અંગે વિગતો આપી હતી. પી.પી. સવાણી યુનિવર્સિટીના ડેપ્યુટી રજિસ્ટ્રાર ડૉ. બિન્દેશ પટેલે શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.



- **કાર્યક્રમ:** NRI મેરેજ અવેરનેસ સેમિનાર
- **તારીખ:** 4 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** પી.પી. સવાણી યુનિવર્સિટી, માંગરોળ, સુરત
- **સંયુક્ત આયોજક:** SGCCI, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન (ગાંધીનગર), સુરત NRG સેન્ટર
- **મુખ્ય વક્તા:** એડવોકેટ પ્રીતિ જોશી (ધારાશાસ્ત્રી - સુપ્રીમ કોર્ટ, સભ્ય - બાર કાઉન્સિલ ઓફ ગુજરાત)
- SGCCI **નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી)
- **સહયોગી પ્રતિનિધિઓ:** શ્રી ચૈતન્ય સંઘાની (મામલતદાર, બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન), ડૉ. બિન્દેશ પટેલ (ડેપ્યુટી રજિસ્ટ્રાર, પી.પી. સવાણી યુનિવર્સિટી)
- NRG **સેન્ટર સુરત પદાધિકારીઓ:** શ્રી કલ્પેશ લાઠીયા (ચેરમેન), શ્રી ચેતન શેઠ (કો-ચેરમેન), શ્રી શૈલેષ સુદાની (કો-ચેરમેન)



વજન વધે, તો બીમારીઓ બમણી!

નાનપુરા સ્થિત 'સમૃદ્ધિ' ભવન ખાતે SGCCI દ્વારા 'ઓબેસિટી ટ્રીટમેન્ટ્સ: વન સાઇઝ ડઝ નોટ ફિટ ઓલ' સેમિનાર યોજાયો

બેઠાડુ જીવનશૈલી અને સતત માનસિક તણાવ વચ્ચે શહેરી ભારતના 30 ટકા લોકો આજે સ્થૂળતાના સકંજામાં ફસાઈ ચૂક્યા છે. ઓબેસિટી એ માત્ર શારીરિક દેખાવ કે પર્સનાલિટીનો પ્રશ્ન નથી, પરંતુ હૃદયરોગ, ટાઇપ-2 ડાયાબિટીસ અને ફેટી લિવર જેવી જીવલેણ બીમારીઓનું મૂળ છે. આરોગ્ય સજ્જતા કેળવવા આયોજિત સેમિનારમાં તબીબોએ સ્પષ્ટ કર્યું કે વજન ઘટાડવા માટે કોઈ જાદુઈ ફોર્મ્યુલા નથી; દરેક દર્દી માટે વૈજ્ઞાનિક સારવાર પદ્ધતિ અલગ હોવી અનિવાર્ય છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની હેલ્થ સિરીઝ અંતર્ગત નાનપુરા સ્થિત 'સમૃદ્ધિ' બિલ્ડિંગ ખાતે આયોજિત સેમિનારમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગ જગતને આરોગ્ય પ્રત્યે સભાન રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે આજના ગળાકાપ સ્પર્ધાત્મક યુગમાં ઉદ્યોગસાહસિકો અને પ્રોફેશનલ્સ વ્યાવસાયિક લક્ષ્યાંકો હાંસલ કરવાની દોડમાં પોતાના સ્વાસ્થ્યની ઉપેક્ષા કરી બેસે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા ફિટ ઈન્ડિયાના આહવાનને ટાંકીને તેમણે ભારપૂર્વક કહ્યું કે એક સ્વસ્થ અને સક્ષમ સાહસિક જ સફળ ઉદ્યોગ અને મજબૂત અર્થતંત્રનું નિર્માણ કરી શકે છે. સ્થૂળતા કાર્યક્ષમતા અને આયુષ્ય બંને ઘટાડે છે, જેથી ચેમ્બર પોતાના સભ્યો અને શ્રમિકોમાં સ્વાસ્થ્ય જાગૃતિ કેળવવા આવાં સત્રો યોજવા પ્રતિબદ્ધ છે.

સેમિનારના મુખ્ય વક્તા અને સુરતના જાણીતા સીનિયર ગેસ્ટ્રો તથા બેરિયાટ્રિક સર્જન ડો. રામ રક્ષપાલ રાજપૂતે જણાવ્યું કે ભારતના શહેરોમાં અંદાજે 30 ટકા વસ્તી ઓબેસિટીથી ઘેરાયેલી છે. સ્થૂળતાને લીધે હાઇ બ્લડ પ્રેશર,

> **"એક સ્વસ્થ અને સક્ષમ સાહસિક જ સફળ ઉદ્યોગ અને મજબૂત અર્થતંત્રનું નિર્માણ કરી શકે છે; સ્થૂળતા માત્ર દેખાવ નહીં, કાર્યક્ષમતા અને આયુષ્યને હણતી ગંભીર સમસ્યા છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**

સ્લીપ એપ્નિયા, સાંધાનો ઘસારો તેમજ મહિલાઓમાં PCOS અને ઇન્ફર્ટિલિટીનું જોખમ વધી જાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે દરેક દર્દીનો BMI, શારીરિક રચના અને મેડિકલ હિસ્ટ્રી અલગ હોવાથી 'વન સાઇઝ ફિટ્સ ઓલ' ફોર્મ્યુલા ચાલતી નથી. સંતુલિત આહાર અને કાર્ડિયો-વેઇટ ટ્રેનિંગ પાયાની જરૂરિયાત છે. પસંદગીના દર્દીઓમાં તબીબી દેખરેખ હેઠળ સેમાગ્લૂટાઇડ કે ટિર્ઝેપેટાઇડ જેવી દવાઓનો ઉપયોગ થઈ શકે છે, પરંતુ જાતે દવાઓ લેવી જીવલેણ બની શકે



છે. 40થી વધુ BMI ધરાવતા દર્દીઓ માટે લેપ્રોસ્કોપિક બેરિયાટ્રિક સર્જરી કાયમી અને જીવનરક્ષક સાબિત થાય છે.


બેરિયાટ્રિક સર્જરી અને લાઇપોસક્શન વચ્ચેનો તફાવત સમજાવતાં તેમણે જણાવ્યું કે બેરિયાટ્રિક સર્જરીમાં હોજરીનું કદ નિયંત્રિત કરી ખોરાક લેવાની પ્રક્રિયા બદલાય છે, જ્યારે લાઇપોસક્શન એ કેવળ શરીરને આકાર આપવાની કોસ્મેટિક પ્રક્રિયા છે; તે ઓબેસિટી કે તેની સાથે સંકળાયેલા રોગોનો કાયમી ઉપાય નથી.

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** સેમિનાર – 'ઓબેસિટી ટ્રીટમેન્ટ્સ: વન સાઇઝ ડઝ નોટ ફિટ ઓલ'
- **તારીખ અને સમય:** રવિવાર, 27 સપ્ટેમ્બર 2026, સવારે 10:30 કલાકે
- **સ્થળ:** 'સમૃદ્ધિ' બિલ્ડિંગ, નાનપુરા, સુરત
- **મુખ્ય વક્તા:** ડો. રામ રક્ષપાલ રાજપૂત (સીનિયર ગેસ્ટ્રો અને બેરિયાટ્રિક સર્જન)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **કમિટી પદાધિકારીઓ:** ડો. જગદીશ વઘાસિયા (ચેરમેન, પબ્લિક હેલ્થ કમિટી), ડો. રાજન દેસાઈ (કો-ચેરમેન, પબ્લિક હેલ્થ કમિટી), ડો. નિખિલ વઘાસિયા (ચેરમેન, ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ હેલ્થ કમિટી)


જાણવા જેવું:

વર્લ્ડ ઓબેસિટી ફેડરેશનના અહેવાલ મુજબ, જો યોગ્ય નિવારક પગલાં ન લેવાય તો વર્ષ 2035 સુધીમાં વિશ્વની અડધાથી વધુ વસ્તી (લગભગ 51 ટકા) વધુ વજન અથવા સ્થૂળતાનો ભોગ બનશે.





ભારતમાં પાછલા એક દાયકામાં મેટાબોલિક સિન્ડ્રોમ અને પેટની આસપાસની ચરબી (વિસરલ ફેટ)ના કેસોમાં 40 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે.





પ્રવાહ સાથે નહીં, દિશા બદલી જીતો


SGCCI સિગ્નેચર ક્લબ દ્વારા 'રોલ ઓફ ઈમેજિનેશન એન્ડ ઈનોવેશન ઈન બિઝનેસ ગ્રોથ' સેમિનારમાં ટાટા સન્સના પૂર્વ ડિરેક્ટર આર. ગોપાલકૃષ્ણનનું પ્રેરક માર્ગદર્શન

ગળાકાપ હરીફાઈની આંધળી દોટમાં માત્ર પ્રવાહ સાથે તરતા રહેવાને બદલે મૌલિક કલ્પનાશક્તિ અને સાહસિક નિર્ણયોથી પ્રવાહની દિશા બદલવી એ જ સાચા વિજેતાનું લક્ષણ છે. પરસ્પર સહયોગ, અંતઃપ્રેરણા અને સતત નવીનતાના સમન્વય થકી જ આધુનિક ઉદ્યોગો વૈશ્વિક સ્તરે અડીખમ વ્યાપારી સામ્રાજ્ય ઊભું કરી શકે છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની સિગ્નેચર ક્લબ દ્વારા ડુમ્મસ રોડ સ્થિત 'ધી એમોર' હોટેલ ખાતે આયોજિત સેમિનારમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગકારોને નવા વિચારો સાથે ભવિષ્યનું નિર્માણ કરવા આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે વ્યવસાયમાં વિજેતા એ નથી હોતા જે માત્ર પ્રવાહની સાથે તરે છે, પરંતુ વિજેતા એ છે જે પોતાની અદભુત કલ્પનાશક્તિ અને નાવીન્યથી આખા પ્રવાહની દિશા બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. ભવિષ્ય કેવું હશે તેની નિષ્ક્રિય રાહ જોવાને બદલે, આપણા મૌલિક વિચારો, દીર્ઘદ્રષ્ટિ અને સાહસિક નિર્ણયો થકી આપણે પોતે જ ઉજ્જવળ ભવિષ્ય ઘડવું પડશે.

સેમિનારના મુખ્ય વક્તા અને ટાટા સન્સના પૂર્વ ડિરેક્ટર તેમજ યુનિલિવર અરેબિયાના પૂર્વ ચેરમેન શ્રી આર. ગોપાલકૃષ્ણને ભારપૂર્વક જણાવ્યું કે મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી કોઈ એકલો સંપૂર્ણ સર્જનશીલ હોતો નથી. આજના સમયમાં વેપાર માત્ર સ્પર્ધાથી નહીં, પરંતુ પરસ્પર સહયોગ અને સંગઠિત સમન્વયથી આગળ વધે છે. પોતાની અપૂર્ણતા સ્વીકારીને સદાય શીખવા તત્પર રહેનાર સાહસિક જ સ્થાયી સફળતા હાંસલ કરે છે.

તેમણે વ્યવસાયના ટકાઉ વિકાસ માટે '3I' ફોર્મ્યુલા—ઈન્ટ્યુઈશન, ઈનોવેશન અને ઈમેજિનેશનનો પાયારૂપ સિદ્ધાંત આપ્યો હતો. ઈમેજિનેશન બજારની અણદેખી તકો પારખવામાં સહાયક બને છે, જ્યારે ઈનોવેશન તે કલ્પનાને વાસ્તવિક વ્યાપારી ઉકેલમાં ફેરવે છે. નવી પ્રોડક્ટ્સ, આધુનિક ટેક્નોલોજી અને પ્રોસેસમાં સુધારો લાવીને કંપનીઓ પોતાની વૈશ્વિક બજાર ક્ષમતા વધારી શકે છે. બોમ્બે ઇન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રમુખ ડૉ. રાજેશ દોશીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને સિગ્નેચર ક્લબના પ્રીમિયમ મેમ્બર શ્રી પ્રદીપ સિંઘીએ ક્લબની ગતિવિધિઓ વર્ણવી હતી.





> **"વ્યવસાયમાં વિજેતા એ નથી જે માત્ર પ્રવાહની સાથે તરે છે, પરંતુ વિજેતા એ છે જે પોતાની કલ્પનાશક્તિ અને નાવીન્યથી આખા પ્રવાહની દિશા બદલી નાખે છે."**
>
> **- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI**

જાણવા જેવું:

વૈશ્વિક બિઝનેસ મેનેજમેન્ટ અભ્યાસો અનુસાર, ફોર્ચ્યુન 500 કંપનીઓમાંથી લગભગ 70 ટકા કંપનીઓ પોતાના વાર્ષિક બજેટનો મોટો હિસ્સો કેવળ 'ઓપન ઈનોવેશન' અને 'ક્રોસ-ઇન્ડસ્ટ્રી કોલાબોરેશન' માટે ફાળવે છે, કારણ કે અલગ-અલગ ક્ષેત્રોના સહયોગથી તૈયાર થતા ઉત્પાદનો બજારમાં 2 ગણી ઝડપથી સફળતા મેળવે છે.



ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** સેમિનાર – 'રોલ ઓફ ઈમેજિનેશન એન્ડ ઈનોવેશન ઈન બિઝનેસ ગ્રોથ'
- **તારીખ અને સમય:** ગુરુવાર, 17 સપ્ટેમ્બર 2026, સાંજે 06:30 કલાકે
- **સ્થળ:** હોટેલ 'ધી એમોર', ડુમ્મસ રોડ, સુરત
- **આયોજક:** SGCCI સિગ્નેચર ક્લબ
- **મુખ્ય વક્તા:** શ્રી આર. ગોપાલકૃષ્ણન (પૂર્વ ડિરેક્ટર - ટાટા સન્સ, પૂર્વ વાઇસ ચેરમેન - હિન્દુસ્તાન યુનિલિવર)
- **વિશેષ અતિથિ:** ડૉ. રાજેશ દોશી (પ્રમુખ, બોમ્બે ઇન્ડસ્ટ્રી એસોસિએશન)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી રવિ રાજ દેસાઈ (ઉપપ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી)
- **ક્લબ સંકલન:** શ્રી કૃણાલ મહેતા (ચેરમેન, સિગ્નેચર ક્લબ), શ્રી પ્રદીપ સિંઘી (પ્રીમિયમ મેમ્બર), CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠ (ગોલ્ડ મેમ્બર)

નાના વિચાર, મોટું સામ્રાજ્ય!

સરસાણા સ્થિત સંહતિ પરિસરમાં SGCCI અને i-Hub ગુજરાતના સંયુક્ત ઉપક્રમે 'સ્ટાર્ટઅપ ડેમો ડે 2.0' સંપન્ન



એક મૌલિક આઇડિયા જ્યારે સાહસિક પુરુષાર્થ અને યોગ્ય માર્ગદર્શન સાથે જોડાય છે ત્યારે ઔદ્યોગિક ક્રાંતિ સર્જાય છે. પરંપરાગત વ્યાપારી માનસિકતા ધરાવતા સુરત અને પશ્ચિમી ભારતના ઉભરતા સાહસિકોને ટેક્નોલોજી, સરકારી ફંડિંગ અને અનુભવી ઉદ્યોગપતિઓ સાથે જોડવા માટે 'ડેમો ડે' એક નિર્ણાયક પ્રવેગક (કેટાલિસ્ટ) સાબિત થયો છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને i-Hub ગુજરાતના સંયુક્ત ઉપક્રમે સરસાણાના સંહતિ પરિસર સ્થિત મહેતા હોલ ખાતે 'SGCCI Startup Demo Day 2.0'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ યુવા પ્રતિભાઓનો ઉત્સાહ વધારતાં જણાવ્યું કે દરેક મોટો બિઝનેસ એક નાના વિચારથી જ શરૂ થાય છે અને વિચારોમાં જ દુનિયા બદલવાની ખરી તાકાત રહેલી છે. નિષ્ફળતાના ભયથી મુક્ત થઈને પોતાના સંકલ્પ પર વિશ્વાસ રાખી સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવા સતત પુરુષાર્થ કરવો જરૂરી છે; નવી પેઢીના ઇનોવેટર્સને આગળ વધારવા ચેમ્બર સદાય તત્પર છે.

પ્રમુખશ્રીએ ભારપૂર્વક ઉમેર્યું કે દક્ષિણ ગુજરાતના સ્ટાર્ટઅપ્સને બળ પૂરું પાડી પરંપરાગત ઉત્પાદન ઉદ્યોગ અને આધુનિક ઇનોવેશન વચ્ચેનું અંતર ઘટાડવું એ સમયની

"દરેક મોટો બિઝનેસ એક નાના વિચારથી જ શરૂ થાય છે; નિષ્ફળતાથી ડર્યા વિના પોતાના વિચાર પર વિશ્વાસ રાખી સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવા સતત મહેનત જરૂરી છે."

શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI



જાણવા જેવું:

ભારત વિશ્વમાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (DPIIT)ના ડેટા અનુસાર, ટિયર-2 અને ટિયર-3 શહેરોમાંથી ઉભરી રહેલા ડીપ-ટેક, SaaS અને એગ્રીટેક સ્ટાર્ટઅપ્સ દેશના વાર્ષિક પેટન્ટ ફાઇલિંગ્સમાં લગભગ 40%થી વધુ યોગદાન આપી રહ્યા છે.



માંગ છે. આવા સક્ષમ પ્લેટફોર્મ્સ થકી યુવા ફાઉન્ડર્સ પોતાના બિઝનેસ પ્લાન્સ રજૂ કરી સાચું મેન્ટરશિપ, ઇન્ડસ્ટ્રી નેટવર્કિંગ અને નવી વ્યાપારી ભાગીદારીઓ હાંસલ કરી શકે છે.

કોન્કલેવના મુખ્ય આકર્ષણ સમાન 90 મિનિટના પિચિંગ સત્રમાં દેશભરમાંથી પસંદ કરાયેલા 6 હોનહાર સ્ટાર્ટઅપ્સે પોતાનાં સોલ્યુશન્સ રજૂ કર્યાં હતાં:

- **Maieutic Edutech (બેંગલુરુ):** રવિશંકર બી. દ્વારા સંચાલિત, જે ડિજિટલ લર્નિંગ, **LMS** અને ઈ-લર્નિંગ સોલ્યુશન્સ ક્ષેત્રે કાર્યરત છે.
- **AdKrity (સુરત):** ડેનિશ પટેલ સ્થાપિત, જે **AI**-આધારિત ડિજિટલ એડવર્ટાઇઝિંગ અને ઓપ્ટિમાઇઝેશન માટેનું **MarTech** પ્લેટફોર્મ છે.
- **DigiTathya (મુંબઈ):** નિસર્ગ પંચાલ નિર્મિત, જે પ્રોડક્ટ ઓથેન્ટિકેશન, એન્ટી-કાઉન્ટરફિટીંગ અને ડિજિટલ ટ્રેસિબિલિટી પૂરી પાડે છે.
- **PingsMeApp (સુરત):** પલક કાનાણી પ્રેરિત, જે **IT** મોનિટરિંગ અને ઓટોમેટેડ ઇન્સિડન્ટ કોમ્યુનિકેશન માટેનું અદ્યતન **SaaS** પ્લેટફોર્મ છે.
- **Anantkaal (સુરત):** વેદિક દવે દ્વારા સંચાલિત, જે **AI, IoT** અને એમ્બેડેડ સિસ્ટમ્સમાં અદ્યતન સોલ્યુશન્સ પ્રદાન કરે છે.
- **Career. GOVT Future (ભરૂચ):** હર્ષ પટેલ નિર્મિત **Career-Tech** પ્લેટફોર્મ, જે યુવાનોને સરકારી રોજગારીની તકો અંગે માર્ગદર્શન પૂરું પાડે છે.

i-Hub ગુજરાતના સુરત રિજનલ સેન્ટરના **OSD** ડૉ. દર્શન મહેતાએ 'સૃજન સ્કીમ: સીડ ગ્રાન્ટ' અંતર્ગત સ્ટાર્ટઅપ્સને મળતી સરકારી ગ્રાન્ટ અને ફંડિંગ સહાય અંગે માહિતી આપી હતી.


ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** SGCCI Startup Demo Day 2.0
- **તારીખ અને સમય:** શનિવાર, 19 સપ્ટેમ્બર 2026, સાંજે 04:30 કલાકે
- **સ્થળ:** મહેતા હોલ, સંહતિ પરિસર, સરસાણા, સુરત
- **સંયુક્ત આયોજક:** SGCCI અને i-Hub ગુજરાત
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **કમિટી સંકલન:** શ્રી નમન સરાવગી (ચેરમેન, સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન કમિટી), શ્રી અનિલ સરાવગી (ગ્રુપ ચેરમેન), શ્રી પુનિત ગજેરા (ગ્રુપ ચેરમેન)
- **નિષ્ણાત સત્ર:** ડૉ. દર્શન મહેતા (OSD, i-Hub સુરત રિજનલ સેન્ટર – સૃજન સ્કીમ માર્ગદર્શન)



એક ક્લિક, અને સિસ્ટમ હેક!

સરસાણા સ્થિત સંહતિ પરિસરમાં SGCCI દ્વારા 'સ્ટે સાયબર સેફ' સેશન અને લાઇવ હેકિંગ ડેમોન્સ્ટ્રેશન સંપન્ન







"સાયબર સિક્યુરિટી માત્ર IT વિભાગ કે ટેકનિકલ ટીમ પૂરતી સીમિત નથી, પણ સંસ્થાના દરેક કર્મચારી અને વ્યક્તિની સજાગતા પર નિર્ભર કરે છે."

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI

ડિજિટલ દુનિયામાં સાયબર ગઠિયાઓ ટેક્નોલોજીની ખામીઓ કરતાં માનવીય ઉતાવળ, અતિવિશ્વાસ અને એક નાનકડી ક્લિકનો લાભ લઈને તિજોરી ખાલી કરી દે છે. સાયબર સુરક્ષા હવે માત્ર IT વિભાગ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સંસ્થાના પ્રત્યેક કર્મચારી અને સામાન્ય નાગરિકની સતર્કતા પર ટકેલી અતિ સંવેદનશીલ કડી છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણાના એસપીબી હોલ ખાતે 'Stay Cyber Safe: Live Demo on Phishing and Smishing Attacks' વિષય પર વિશેષ સેશન અને પ્રાયોગિક નિદર્શન યોજાયું હતું. સત્રની શરૂઆતમાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સાયબર સજ્જતાને



વ્યાપારની સહિયારી જવાબદારી ગણાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આજના હાઇટેક યુગમાં કોર્પોરેટ અને અંગત ડેટાની સુરક્ષા અનિવાર્ય બની છે. સાયબર ક્રાઇમની મોડસ ઓપરેન્ડી સતત બદલાઈ રહી છે ત્યારે સુરક્ષા જાગૃતિ કેવળ ટેકનિકલ ટીમ સુધી સીમિત ન રહેતાં સંસ્થાના દરેક સ્તર સુધી પહોંચવી જોઈએ. કોઈપણ શંકાસ્પદ માહિતીની સમયસર ચકાસણી અને સતત સાવચેતી જ ઉદ્યોગકારોને મોટા નાણાકીય ફ્રોડથી સુરક્ષિત રાખી શકે છે.

મુખ્ય વક્તા અને સાયબર સિક્યુરિટી હેડ શ્રી ભૌમિક ત્રિવેદીએ સોશિયલ એન્જિનિયરિંગ, ફિશિંગ (ઇ-મેઇલ ફ્રોડ), સ્મિશિંગ (SMS ફ્રોડ), વિશિંગ (વોઇસ કોલ ફ્રોડ) અને કીલોગરના વાસ્તવિક જોખમો સમજાવ્યા હતા. તેમણે ચેતવણી આપી કે સાયબર ઠગો માનવીય બેદરકારીને નિશાન બનાવે છે, જેથી સંસ્થાઓએ પોતાના ક્રિટિકલ ડેટાનો ઓફલાઇન બેકઅપ રાખવો અને કર્મચારીઓને સતત તાલીમ આપવી અનિવાર્ય છે.

બીજા તબક્કામાં સિનિયર એક્સપર્ટ શ્રી જય પઢિયારે લાઇવ હેકિંગ ડેમો રજૂ કર્યો હતો. જેમાં કીલોગર સોફ્ટવેર દ્વારા યુઝર જે કીબોર્ડ ટાઇપ કરે તે પાસવર્ડ ચોરાઈ જવો, જાણીતી બેન્કિંગ સાઇટ્સની ક્લોન (નકલી) વેબસાઇટ બનાવી લોગિન વિગતો પડાવવી, રેન્સમવેર દ્વારા ડેટા ફાઇલો લોક કરી દેવી તેમજ બોગસ ઇ-મેઇલથી આખી કમ્પ્યુટર સિસ્ટમ કંટ્રોલમાં લેવાની કરતૂતો પ્રત્યક્ષ દર્શાવી હતી. નિષ્ણાતોએ સાયબર સંકટ સામે **'Stop, Think, Verify & Report'**નો ગોલ્ડન નિયમ અનુસરવા ભાર મૂક્યો હતો.

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** 'Stay Cyber Safe: Live Demo on Phishing and Smishing Attacks'
- **તારીખ અને સમય:** શનિવાર, 19 સપ્ટેમ્બર 2026, સાંજે 05:30 કલાકે
- **સ્થળ:** એસપીબી હોલ, સંહતિ પરિસર, સરસાણા, સુરત
- **મુખ્ય નિષ્ણાતો:** શ્રી ભૌમિક ત્રિવેદી (સાયબર સિક્યુરિટી હેડ), શ્રી જય પઢિયાર (સિનિયર સાયબર સિક્યુરિટી એક્સપર્ટ)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી)
- **આયોજન સંકલન:** શ્રી મયંક દલાલ (ગ્રૂપ ચેરમેન), શ્રી કુંતેશ રાદડિયા (સંચાલન, કો-ચેરમેન - ઇન્ડસ્ટ્રી 4.0 કમિટી), શ્રી પ્રદીપ શાહ (આભારવિધિ, સભ્ય - મેનેજિંગ કમિટી)

નિયમપાલન જ નફાકારક બિઝનેસની ચાવી

સરસાણા સ્થિત સંહતિ હોલ ખાતે SGCCI દ્વારા 'ટેક્સ સ્ટ્રેટેજી ફોર બિઝનેસ ઓનર્સ: મેક્સિમાઇઝિંગ કોમ્પ્લાયન્સ' વિષય પર પરિસંવાદ સંપન્ન



બિઝનેસમાં ટર્નઓવર વધારવાની સાથે નાણાકીય આયોજનને કાયદાકીય નિયમોના ચોકઠામાં રાખવું એ સફળ સાહસિકની અનિવાર્ય પ્રાથમિકતા છે. પ્રિઝમ્પટિવ ટેક્સેશન, કેપિટલ ગેઇન્સ અને બદલાતા NRI રેસિડેન્સી માપદંડો અંગે માર્ગદર્શન આપી ટેક્સ એક્સપર્ટ્સે નાના-મોટા ઉદ્યોગકારોને ટેન્શન-ફ્રી બિઝનેસ ગ્રોથનો નવો રોડમેપ આપ્યો હતો.

આજના ગતિશીલ અને સ્પર્ધાત્મક આર્થિક માહોલમાં ઉદ્યોગસાહસિકોને કાયદાકીય ટેક્સ અનુપાલન (કોમ્પ્લાયન્સ) પ્રત્યે જાગૃત કરવા 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI) દ્વારા સરસાણા સ્થિત સંહતિ હોલ ખાતે 'ટેક્સ સ્ટ્રેટેજી ફોર બિઝનેસ ઓનર્સ: મેક્સિમાઇઝિંગ કોમ્પ્લાયન્સ' વિષય પર વિશેષ સેશનનું આયોજન સંપન્ન થયું હતું. આ પરિસંવાદમાં ઉપસ્થિત ઉદ્યોગકારો, ટ્રેડર્સ તેમજ પ્રોફેશનલ્સને અગ્રણી ટેક્સ એક્સપર્ટ્સ CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠ અને CA મોનાર્ક પદમાનીએ પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પરિસંવાદમાં સ્વાગત પ્રવચન કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પારદર્શક ટેક્સ સ્ટ્રેટેજીને દીર્ઘદ્રષ્ટા બિઝનેસ લીડરની મુખ્ય ઓળખ ગણાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આજના આધુનિક કોર્પોરેટ યુગમાં બિઝનેસનું ટર્નઓવર વધારવું જેટલું અનિવાર્ય છે, તેટલું જ મહત્વ ટેક્સ પ્લાનિંગને મજબૂત રાખવાનું અને કાયદાકીય નિયમોનું પરિપૂર્ણ પાલન કરવાનું છે. પોતાના વ્યવસાયને કાયદાકીય ગૂંચવણોથી મુક્ત, પારદર્શક અને ટેન્શન-ફ્રી રાખીને આગળ ધપાવવો એ જ સાચા અર્થમાં સક્ષમ ઔદ્યોગિક નેતૃત્વની નિશાની છે.

મુખ્ય વક્તા CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠે જણાવ્યું હતું કે કરપાત્ર મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વ્યક્તિઓએ પણ નિયમિત ITR ફાઇલ કરવું અનિવાર્ય છે; કારણ કે તેનાથી બેન્ક લોન મંજૂરી, ગ્લોબલ વિઝા મેળવવામાં અને TDS/TCS રિફંડ ક્લેમ કરવામાં સરળતા રહે છે. તેમણે કલમ 44AD, 44ADA અને 44AE હેઠળ પ્રિઝમ્પટિવ ટેક્સેશન સ્કીમની વિગતો આપતાં કહ્યું કે નિયત નફા મુજબ આવક જાહેર કરવાથી નાના સાહસિકોને ચોપડા જાળવણી અને જટિલ ટેક્સ ઓડિટમાંથી મુક્તિ મળે છે. સાથોસાથ તેમણે કેપિટલ ગેઇન્સ અને આવકવેરા નોટિસના સમયસર

જાણવા જેવું:

આવકવેરા કાયદાની કલમ 44AD હેઠળ જો કોઈ નાનો વેપારી 95% કે તેથી વધુ વ્યવહારો ડિજિટલ માધ્યમથી કરતો હોય, તો ટર્નઓવરની ઉપલી મર્યાદા ₹2 કરોડથી વધારીને ₹3 કરોડ સુધીનો પ્રિઝમ્પટિવ લાભ મેળવી શકે છે. આ જોગવાઈથી વેપારીઓને વિગતવાર હિસાબી ચોપડા રાખ્યા વિના માત્ર 6% (ડિજિટલ ટર્નઓવર માટે) નફો દર્શાવી ટેક્સ ભરવાની કાનૂની સુવિધા મળે છે.







"બિઝનેસનું ટર્નઓવર વધારવા જેટલું જ મહત્વ ટેક્સ પ્લાનિંગને મજબૂત રાખવાનું છે; વ્યવસાયને કાયદાકીય ગૂંચવણોથી મુક્ત અને પારદર્શક રાખી આગળ ધપાવવો એ જ દીર્ઘદ્રષ્ટા લીડરની સાચી ઓળખ છે."

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI

પ્રત્યુત્તર અંગે પણ સ્પષ્ટતા કરી હતી.

બીજા વક્તા CA મોનાર્ક પદમાનીએ NRI સ્ટેટસના બદલાયેલા નિયમો વર્ણવતાં સ્પષ્ટ કર્યું કે ભારતમાં 182 દિવસ કે તેથી વધુ વસવાટ કરનાર રેસિડેન્ટ ગણાય છે. જોકે વિદેશી આવક સિવાય જો કોઈ NRI કે PIOની ભારતીય આવક ₹15 લાખથી વધુ હોય, તો માત્ર 120 દિવસના રોકાણ સાથે (અગાઉના 4 વર્ષમાં 365 દિવસની હાજરી હોય તો) રેસિડેન્ટ સ્ટેટસ લાગુ થઈ શકે છે, જેની અસર તેમની વૈશ્વિક આવક પર પડી શકે છે. ઉપપ્રમુખ રવિ રાજ દેસાઈ, માનદ્ મંત્રી પરેશ લાઠીયા, ગ્રૂપ ચેરમેન CA સંજીવ તમાકુવાલા, CA કિશોર ઘીવાલા, CA પ્રશાંત વેકરિયા, કમિટી ચેરમેન CA હરિવદન રાણા અને સુરત CA બ્રાન્ચના CA દિલીપ ગેહલોતે કાર્યક્રમમાં સક્રિય સહયોગ આપ્યો હતો.

ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** ટેક્સ સ્ટ્રેટેજી ફોર બિઝનેસ ઓનર્સ: મેક્સિમાઇઝિંગ કોમ્પ્લાયન્સ
- **સ્થળ:** સંહતિ હોલ, SIECC કેમ્પસ, સરસાણા, સુરત
- **આયોજક:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)
- **મુખ્ય વક્તાઓ:** CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠ, CA મોનાર્ક પદમાની
- SGCCI **નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી રવિ રાજ દેસાઈ (ઉપપ્રમુખ), શ્રી પરેશ લાઠીયા (માનદ્ મંત્રી)
- **કમિટી સંકલન:** CA સંજીવ તમાકુવાલા (ગ્રૂપ ચેરમેન), CA હરિવદન રાણા (ચેરમેન, ફાયનાન્સ એન્ડ ઓડિટ કમિટી), CA કિશોર ઘીવાલા (એડવાઇઝર), CA પ્રશાંત વેકરિયા (કો-ચેરમેન), CA દિલીપ ગેહલોત (મેનેજિંગ કમિટી સભ્ય, સુરત CA બ્રાન્ચ)
- **કી-હાઇલાઇટ્સ:** કલમ 44AD/44ADA હેઠળ ઓડિટ મુક્તિ, રેગ્યુલર ITR ના નાણાકીય ફાયદા, NRI રેસિડેન્સીના 120 દિવસ/182 દિવસના નિયમો



ટેક્સટાઇલ સેક્ટર સામે ત્રિપલ પડકાર

સરસાણા ખાતે SGCCI દ્વારા ટેક્સટાઇલ એસોસિએશનો સાથે પરામર્શ બેઠક; કૂડ-યાર્ન વિસંગતતા, FPPPA વધારો અને લેબર કમ્પ્લાયન્સ અંગે ગહન મંથન

આંતરરાષ્ટ્રીય બજારમાં કૂડના વધતા ભાવો, વીજ બિલમાં FPPPA ચાર્જનો અસહ્ય બોજ અને અઘોષિત પાવરકાપ વચ્ચે દક્ષિણ ગુજરાતનો ટેક્સટાઇલ ઉદ્યોગ ઉત્પાદન ખર્ચના તીવ્ર દબાણ હેઠળ છે. દેશમાં કૃષિ પછી સૌથી વધુ રોજગારી આપતા આ ક્ષેત્રને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક રાખવા માટે વિવિધ એસોસિએશનોએ એકસૂર થઈ રાજ્ય અને કેન્દ્ર સરકાર સમક્ષ સંયુક્ત રજૂઆતની તૈયારી શરૂ કરી છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત કાર્યાલય ખાતે દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ એસોસિએશનોના અગ્રણીઓ સાથે ઉચ્ચસ્તરીય પરામર્શ બેઠક યોજાઈ હતી. પ્રારંભે પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગની જમીની વાસ્તવિકતા અને સ્પર્ધાત્મકતા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે દેશમાં કૃષિ ક્ષેત્ર પછી સૌથી વધુ રોજગારીનું સર્જન કરતું ક્ષેત્ર MSME છે. ટેક્સટાઇલ

"દેશમાં કૃષિ પછી સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર MSME છે; કાચા માલના અસ્થિર ભાવો અને વીજ બોજ વચ્ચે ઉદ્યોગની વૈશ્વિક સ્પર્ધાત્મકતા ટકાવી રાખવી અનિવાર્ય છે."


શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI



ઉદ્યોગની વર્તમાન સ્થિતિમાં કાચા માલના અસ્થિર ભાવ, સતત વધતો ઊર્જા ખર્ચ, નવા શ્રમ કાયદા અને કમ્પ્લાયન્સ સ્થાનિક ઉદ્યોગોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા સાથે સીધા જોડાયેલા છે. ઉદ્યોગના તમામ હિસ્સેદારોના વ્યવહારુ પ્રશ્નો અને રચનાત્મક સૂચનોને એકત્રિત કરીને રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર સમક્ષ એક મજબૂત અને પ્રભાવશાળી રજૂઆત કરવી એ સમયની તાતી માગ છે.

બેઠકમાં કાચા માલના ભાવો અંગે ગંભીર ચર્ચા થઈ હતી. ઉદ્યોગકારોએ જણાવ્યું કે ક્રૂડ ઓઇલ વધતાં જ પોલિએસ્ટર યાર્નના ભાવો તુરંત વધારી દેવાય છે, પરંતુ જ્યારે ક્રૂડ ઓઇલ ઘટે ત્યારે યાર્નના ભાવમાં તે જ પ્રમાણમાં તાત્કાલિક ઘટાડો મળતો નથી. આ વિસંગતતા તાત્કાલિક દૂર થવી જોઈએ.

વીજ ખર્ચના મોરચે, જુલાઈ 2026થી લાગુ થયેલા **FPPPA** દરમાં પ્રતિ યુનિટ રૂ. 0.15નો વધારો તેમજ 3.99% **Variable FPPPA Charge** સામે ઉદ્યોગપતિઓએ તીવ્ર નારાજગી દર્શાવી હતી. સાથે જ **DGVCL**ના અવારનવાર થતા અઘોષિત પાવરકાપથી પ્રોડક્શન સાયકલ ખોરવાઈ જવાની સમસ્યા રજૂ કરાઈ હતી. શ્રમ કાયદા અંગે કારીગરોમાં બેંકને બદલે રોકડ પગારની જીદ, ઉત્પાદકતા જાળવવા યુનિટમાં મોબાઇલ નિયંત્રણ, કામ મુજબ વેતન અને ક્ષતિ સામે જવાબદારી જેવા વ્યવહારુ મુદ્દાઓ પર સહમતિ સાધી સરકાર સમક્ષ વ્યાપક રજૂઆતનો તખ્તો તૈયાર કરાયો હતો.



ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** ટેક્સટાઇલ એસોસિએશનોના અગ્રણી પ્રતિનિધિઓ સાથે પરામર્શ બેઠક
- **તારીખ:** 22 સપ્ટેમ્બર 2026
- **સ્થળ:** SGCCI કાર્યાલય, સરસાણા, સુરત
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી રવિ રાજ દેસાઈ (ઉપપ્રમુખ), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી), શ્રી મનિષ કાપડિયા (ચેરમેન, ઓલ એક્ઝિબિશન)
- **ગ્રૂપ ચેરમેન ઉપસ્થિતિ:** શ્રી કિરણ ઠુમ્મર, શ્રી બિજલ જરીવાલા, શ્રી ભાવેશ ટેલર
- **ચર્ચાયેલા મુખ્ય મુદ્દા:** ક્રૂડ ઓઇલ-યાર્ન પ્રાઇસિંગ પેરિટી, **FPPPA** યુનિટ વધારો અને 3.99% વેરિયેબલ ચાર્જ, **DGVCL** અઘોષિત પાવરકાપ, લેબર કાયદા, **PF-ESIC** અને કારીગરોની કાર્યક્ષમતા

ઉધારી અટવાશે નહીં, વેપાર અટકશે નહીં ફેક્ટરીની જેમ ઉધારીનું પણ વીમા કવચ



"વેપારમાં મોટા ઓર્ડર મેળવવા જેટલું જ નિર્ણાયક નાણાં સમયસર મેળવવાનું છે; ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ ઉધારીનું જોખમ ઘટાડી વેપારીઓને વિસ્તરણ માટે નવો આત્મવિશ્વાસ આપે છે."

- શ્રી અશોક જીરાવાલા, પ્રમુખ, SGCCI

બજારમાં માલ વેચવો કે મોટા ઓર્ડર્સ મેળવવા જેટલું જ મહત્વનું ગ્રાહકો પાસેથી સમયસર નાણાં મેળવવાનું છે. લાંબી ઉધારી અને પેમેન્ટ ડિફોલ્ટના કારણે વર્કિંગ કેપિટલ બ્લોક થવાની સમસ્યા સામે હવે 'ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ' સ્થાનિક ઉદ્યોગકારો અને વેપારીઓ માટે એક મજબૂત નાણાકીય સુરક્ષા કવચ પૂરું પાડી રહ્યું છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને તોરિન વેલ્થ મેનેજમેન્ટના સંયુક્ત ઉપક્રમે સરસાણા સ્થિત એસપીબી હોલ ખાતે ટેક્સટાઇલ ઉદ્યોગકારો અને વેપારીઓ માટે 'ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ' વિષય પર વિશેષ સત્ર યોજાયું હતું. સત્રના પ્રારંભે ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ક્રેડિટ રિસ્ક મેનેજમેન્ટને ઔદ્યોગિક પ્રગતિનું

સરસાણા સ્થિત એસપીબી હોલ ખાતે SGCCI અને તોરિન વેલ્થ મેનેજમેન્ટ દ્વારા ટેક્સટાઇલ ઉદ્યોગકારો માટે જાગૃતિ સત્ર સંપન્ન

પાયાનું પરિબળ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે સુરતનો ટેક્સટાઇલ ઉદ્યોગ દેશના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે. વેપારમાં નવો માલ વેચવો કે મોટા ઓર્ડર મેળવવા જેટલું જ નિર્ણાયક ગ્રાહકો પાસેથી સમયસર નાણાં પરત મેળવવાનું છે. બજારમાં લાંબી ઉધારી અટવાઈ જવાને કારણે વર્કિંગ કેપિટલ ખોરવાય છે અને વ્યવસાયના વિસ્તરણમાં મોટી રુકાવટ આવે છે. આવા સંજોગોમાં ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ ક્રેડિટ રિસ્ક ઘટાડીને વેપારીઓને આત્મવિશ્વાસ સાથે બિઝનેસ આગળ ધપાવવાનું મજબૂત પીઠબળ પૂરું પાડે છે.

તોરિન વેલ્થ મેનેજમેન્ટના ચેરમેન શ્રી જિજ્ઞેશ માધવાણી અને બિઝનેસ પાર્ટનર શ્રી સતીશ વાનખેડેએ જણાવ્યું કે ઉધાર માલ આપતાં પહેલાં ખરીદદારની ક્રેડિટવર્થિનેસ અને પેમેન્ટ હિસ્ટ્રી ચકાસવી અનિવાર્ય છે. મોટાભાગના વેપારીઓ ફેક્ટરી, મશીનરી અને માલ-સ્ટોકનો વીમો તો ઉતરાવે છે, પરંતુ બેલેન્સ શીટમાં સૌથી મોટો હિસ્સો ધરાવતી લેણી રકમ (ઉધારી)નું કવરેજ લેવાનું ચૂકી જાય છે.

ટાટા AIGના અંડરરાઇટર મિસ ટ્વિન્કલ સંગતરામાણીએ પ્રેઝન્ટેશન આપતાં સ્પષ્ટ કર્યું કે આ પોલિસી અનસિક્યોર્ડ સેલ્સ સામે સંપૂર્ણ સુરક્ષા પ્રદાન કરે છે. બાયર નાદાર જાહેર થાય કે પેમેન્ટ ડિફોલ્ટ કરે ત્યારે શરતો અનુસાર પાત્ર નુકસાન સામે 90% સુધીની ક્લેમ ઇન્ડેમ્નિટી મળે છે. વધુમાં, આ પોલિસી બેંકમાં એન્ડોર્સ કરાવવાથી વર્કિંગ કેપિટલ લોન સરળતાથી મેળવી શકાય છે અને વ્યાજદરમાં પણ રાહત મળે છે.

જાણવા જેવું:

વૈશ્વિક સ્તરે 80%થી વધુ આંતરરાષ્ટ્રીય વેપાર ક્રેડિટ (ઉધારી) પર ચાલે છે. વિકસિત દેશોમાં 40%થી વધુ કંપનીઓ પોતાના એકાઉન્ટ્સ રિસીવેબલ્સ (ઉધારી)ને ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ હેઠળ સુરક્ષિત રાખે છે, જ્યારે ભારતમાં આ પ્રમાણ હાલ માત્ર 2%થી 3% જેટલું છે. આ પોલિસી કંપનીઓને બેડ-ડેબ્ટ્સ સામે રક્ષણ આપી ક્રેડિટ રેટિંગ સુધારવામાં પણ મદદ કરે છે.



ઈવેન્ટ પેનલ

- **કાર્યક્રમ:** અવેરનેસ સેશન – 'ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ'
- **તારીખ અને સમય:** ગુરુવાર, 10 સપ્ટેમ્બર 2026, સવારે 11:00 કલાકે
- **સ્થળ:** એસપીબી હોલ, સંહતિ પરિસર, સરસાણા, સુરત
- **સંયુક્ત આયોજક:** SGCCI અને તોરિન વેલ્થ મેનેજમેન્ટ
- **મુખ્ય નિષ્ણાતો:** શ્રી જિજ્ઞેશ માધવાણી (ચેરમેન, તોરિન વેલ્થ મેનેજમેન્ટ), શ્રી સતીશ વાનખેડે (બિઝનેસ પાર્ટનર, તોરિન વેલ્થ મેનેજમેન્ટ), મિસ ટ્વિન્કલ સંગતરામાણી (ટ્રેડ ક્રેડિટ અંડરરાઇટર, ટાટા AIG)
- **SGCCI નેતૃત્વ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી - સંચાલન અને આભારવિધિ)
- **સંકલન:** શ્રી તેજસ પટેલ (સભ્ય, SGCCI)

અખબારી મથાળામાં ચેમ્બર

સરસાણામાં 28મી સુધી ચાલનારા સીટેક્ષ એક્સપોનું ઉદ્‌ઘાટન, રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાનું સંબોધન

'છેલ્લાં 3 દાયકામાં થયેલા વિકાસથી સુરત એશિયાનું ગ્રોથ એન્જિન બન્યું, સેમિકન્ડક્ટર અને રિન્યુએબલ એનર્જીમાં વિપુલ તકો સર્જાશે'

બિઝનેસ રિપોર્ટર | સુરત

'સાહસિકતા, સમાવેશીતા અને સંશોધનના ત્રિવેણી સંગમ થકી કાપડ અને હીરા ઉદ્યોગમાં વિશ્વભરમાં ડંકો વગાડનારું સુરત હવે પરંપરાગત ઉત્પાદન વ્યવસ્થામાંથી બહાર નીકળીને હાઇટેક મલ્ટી-સેક્ટર ઇકોનોમી તરફ હરણફાળ ભરી રહ્યું છે. છેલ્લા 3 દાયકાના વિકાસે સુરતને એશિયાનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે. આગામી દિવસોમાં સુરતમાં સેમિકન્ડક્ટર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિન્યુએબલ એનર્જી, સ્પેસ-ટેક અને શિપ બિલ્ડિંગ જેવા અદ્યતન ક્ષેત્રોમાં ઔદ્યોગિક વિકાસની વિપુલ તકો સર્જાશે.' ચેમ્બર દ્વારા 28મી સપ્ટેમ્બર સુધી સરસાણા ખાતે 'સીટેક્ષ – એક્સપો-2026'નું આયોજન કરાયું છે, જેમાં ઉદ્‌ઘાટન સમારંભમાં આ વાત વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા કહ્યું હતું. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા, ઉપપ્રમુખ રવિ રાજ દેસાઈ સહિત હાજર રહ્યા હતા.



સુરત આજે દેશનું મલ્ટિપલ બિઝનેસ હબ બન્યું

વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે, 'છેલ્લાં 3 દાયકામાં સુરતે સાબિલા અભૂતપૂર્વ વિકાસે તેને એશિયા ખંડ માટે 'ગ્રોથ એન્જિન' તરીકે સ્થાપિત કર્યું છે. કાપડ ઉદ્યોગ દેશમાં કૃષિ પછી સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર છે, જેનાં સુરત મોખરે છે. આ સ્થિતિમાં વૈશ્વિક સ્પર્ધા સામે ટકી રહેવા માટે સ્થાનિક ઉત્પાદકોએ ફોરવર્ડ અને બેકવર્ડ ઇન્ટિગ્રેશન સાથેને મજબૂત વેલ્યુચેન આધારિત ઇકોસિસ્ટમનું નેતૃત્વ કરવું પડશે. ઉદ્યોગ કારોને સમયની માગ પારખીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (ટકાઉ વિકાસ) સાધવો જોઈએ. કાપડ અને કેમિકલ બંને એવા ઉદ્યોગો છે જે પ્રકૃતિના કુદરતી સ્રોતોનો સૌથી વધુ ઉપયોગ કરે છે.

દિવ્ય ભાસ્કર, 27 સપ્ટે.



ચીનનો સ્ટોક અને બનકર ફ્યુઅલના ભાવ વધારાથી ઔદ્યોગિક કોલસાના ભાવ પર અસર

ઈન્ડોનેશિયાના નિયમોથી કોલસો મોંઘો

ચેમ્બર દ્વારા 'સુરતની આગામી આર્થિક ઉડાનને ગેસ-કુશળ કોરિડોર' પર પેનલ ડિસ્કશન યોજાયું

આ કારણસર ચીન કોલસાનો સ્ટોક કરી રહ્યું છે

ગુજરાતમિત્ર, 18 સપ્ટે.

SITEX 2026 opens in Surat with over 100 exhibitors

FPJ News Service

SURAT



Surat's textile industry is turning the spotlight on technology as the 14th SITEX 2026 opened at the Sarsana Convention Centre. The three-day expo brings together more than 100 national and international exhibitors from over 150 cities.

Forest and Environment Minister Arjun Modhwadia inaugurated the exhibition. The event is organised by the Southern Gujarat Chamber of Commerce and Industry (SGCCI) and the Southern Gujarat Chamber Trade and Industries Development Centre.

The expo features the latest machines for textile production. These include water-jet, Jacquard, air-jet, spinning, weaving, processing, digital printing, knitting, embroidery and garment-making machines.

Thousands of traders and B2B buyers from textile centres across India are expected to visit the expo.

Speaking at the inauguration, Modhwadia said Surat has changed rapidly over the past two to three decades.

"Surat has emerged as a growth engine and a major business hub for Asia," Modhwadia said.

He said Surat has built a strong position through entrepreneurship, inclusivity and innovation. The city leads in textiles and diamonds. It is also seeing new opportunities in semiconductors, IT and renewable energy.

ફ્રી પ્રેસ જર્નલ, 27 સપ્ટે.

સુરત એરપોર્ટ પર કેરી-ચીકુ જેવી ચીજો માટે સેન્ટર ફોર પેરિશેબલ કાર્ગો સ્થાપવા કવાયત

(પ્રતિનિધિ દ્વારા)

સુરત, ગુરુવાર

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી પેરિશેબલ એટલે કે ઝડપથી બગડી જતી જીવવસ્તુઓના ઝડપી, સુરક્ષીત અને અદ્યતન હવાઈ નિકાસ પરિવહન માટે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સીપીસી (સેન્ટર ફોર પેરિશેબલ કાર્ગો) ની શરૂઆત માટે સંહિતા ભવન ખાતે થી સધન ગુજરાત ચેમ્બર જીએઆઈસીએલ (ગુજરાત એરપોર્ટ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન) ના પ્રતિનિધિમંડળ મંડળની બેઠક મળી હતી.

ઝડપથી બગડી જતી વસ્તુઓના પરિવહન માટે આધુનિક કોલ્ડ ચેઈન, સ્ટોરેજ, હેન્ડલિંગ સુવિધાઓ માટે GAICLઅને ચેમ્બર ઓફ કોમર્સની મં

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોક જીરાવાલાએ બેઠકમાં જણાવ્યું હતું કે સુરત એરપોર્ટ માત્ર પેસેન્જર માટે નહીં પરંતુ એર કાર્ગો, લોજીસ્ટિક્સ હબ તરીકે પણ વિકસાવવું જોઈએ. એરપોર્ટ ઉપર કોલ્ડ ચેઈન, સ્પેશીયલાઈઝ્ડ સ્ટોરેજ અને હેન્ડલીંગ સુવિધા ઉપલબ્ધ થાય તો દેશ દુનિયામાં ટેક્સટાઈલ અને ડાયમંડ સિટી તરીકે ઓળખાતા સુરતની સાથે સમગ્ર દક્ષિણ ગુજરાત માટે એક મહત્વનું પ્લેટફોર્મ મળશે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કૃષિ, બાગાયત અને મરીન પ્રોડક્ટ્સ ક્ષેત્રે પણ ભૌગોલિક અનુકૂળતાની સાથે વિશાળ ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.

વલસાડની હાફુસ કેરી ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં જાણીતી છે તેવી જ રીતે અમલસાડ અને બિલીમોરાના ચીકુ પ્રખ્યાત છે તથા સુરત, નવસારી અને ભરૂચના દરિયાકાંઠે એકવાકલ્ચર-ઝીંગાની ગલ્ફની સાથે અમેરિકા, યુરોપ અને જાપાનમાં ભારે માંગ છે. જેથી સુરત ઉપર જો સીપીસીની શરૂઆત થાય તો કે અમદાવાદ એરપોર્ટ ગયા વેપારીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રી માર્કેટમાં પહોંચી શકશે. બેઠકમા જીએઆઈસીએલના ડિવીઝનલ મેનેજર ચેમ્બરની પહેલને આગળ વધારવા સહયોગની ખાતરી આપી હતી.

ગુજરાત સમાચાર, 11 સપ્ટે.

ટેક્સટાઇલ મશીનરીઓનાં એક્ઝિબિશનમાં ઉપસ્થિત આગેવાનોએ એક અવાજે હાકલ કરી

કાપડ ઉત્પાદન માટે આયાતી મશીનરી ઘટાડી મશીનરીનું સ્થાનિક ઉત્પાદન અનિવાર્ય



'સીટેક્ષ' ની 3 થીમ્સ જાહેર: આગામી 5 વર્ષમાં સુરતનું કાપડ ઉત્પાદન દૈનિક 10 કરોડ મીટરે

આંકડો: પ્રમુખ અશોક જીરાવાલા

લોકસત્તા - જનસત્તા, 27 સપ્ટે.

તમામ ન્યુઝ ક્લિપિંગ્સ સંબંધિત અખબારના સૌજન્યથી

અખબારી મથાળામાં ચેમ્બર

हास्य कवि सम्मेलन • चैंबर और अमृतम फाउंडेशन की 'मदर मिल्क डोनेशन कैंपेन' के प्रति जागरूकता बढ़ाने की संयुक्त पहल

कवियों ने हास्य-व्यंग्य और वीर रस से दर्शकों को भाव विभोर किया

सिटी रिपोर्टर | सूरत

सरसाना कन्वेंशन सेंटर स्थित प्लेटिनम हॉल में रविवार को द सदर्न गुजरात चैंबर ऑफ कॉमर्स एंड इंडस्ट्री (एसजीसीसीआई) और 'अमृतम फाउंडेशन' के संयुक्त तत्वावधान में हास्य कवि सम्मेलन आयोजित किया गया। 'मदर मिल्क डोनेशन कैंपेन' (मां का दूध दान अभियान) के प्रति जनजागरूकता बढ़ाने के लिए आयोजित कार्यक्रम में देश के कोने-कोने से आए प्रतिष्ठित कवियों ने अपनी ओजस्वी, व्यंग्यात्मक और सुरीली प्रस्तुतियों से दर्शकों का भरपूर मनोरंजन किया। कार्यक्रम के दौरान अमृतम फाउंडेशन के संस्थापक ट्रस्टी कुंज पंसारी ने 'ह्यूमन मिल्क बैंक' और स्मीमेर अस्पताल में पिछले 18 वर्षों से संचालित 'यशोदा मिल्क बैंक' की सेवाओं की जानकारी दी। उन्होंने बताया कि यह बैंक नवजात शिशुओं को मां का दूध उपलब्ध कराने का महत्वपूर्ण कार्य कर रहा है। समारोह में उपस्थित स्वास्थ्य राज्य मंत्री प्रफुल्लभाई पानसेरिया और जिला कलेक्टर तेजस परमार ने फाउंडेशन के इस मानवीय कार्य की सराहना की। संस्था जनसेवा के कार्यों से जुड़ी है।



ठहाकों से पूरा हॉल गूंज उठा

कवि सम्मेलन में डॉ. विष्णु सक्सेना (अलीगढ़) ने गीतों और गजलों से श्रोताओं को सम्मोहित किया, वहीं कविता तिवारी (लखनऊ) ने वीर रस की कविताओं से राष्ट्रवाद का संचार करते हुए सरदार वल्लभभाई पटेल को काव्यांजलि दी। डॉ. तिश्याश्री (पटना) ने गीतों और गजलों से समां बांधा, चिराग जैन (नई दिल्ली) ने हास्य-व्यंग्य के प्रहारों से दर्शकों को लोटपोट किया और पार्थ नवीन (प्रतापगढ़) ने हास्य पैरोडियों के जरिए पूरे हॉल को ठहाकों से गुंजायमान कर दिया।



दैनिक भास्कर, 8 सप्टे.



मार्केटमां अटवाती उधारी अने पेमेन्ट डिफोल्ट सामे ट्रेड क्रेडिट ईन्श्योरन्स सुरक्षा कवच पूरुं पाडशे

ચેમ્બર દ્વારા 'ટ્રેડ ક્રેડિટ ઈન્સ્યોરન્સ' વિષયે સેમિનાર યોજાયો : પેમેન્ટ ડિફોલ્ટ કે નાદારીના કિસ્સામાં ૯૦% સુધીની ક્લેમ ઈન્ડેમ્નિટી મળી શકે છે

ધબકાર, 13 સપ્ટે.



हाईवे पर वचेटीयाओनुं समांतर अर्थतंत्रना आरोप साथे सीએमने चेम्बरनो पत्र

'GSTनी 24x7 मोबाईल स्क्वोड नाबूद करो,वाहन जप्तीथी वेपारीओ त्राहिमाम'

अधिकारीओने हाईवे पर राखवाने बदले बोगस बिलिंग शोधवामां रोकवा रजूआत

कोर्टमांथी राहत मळे त्यां सुधीमां वेपार ठप्प

भास्कर इनसाइट

सूरत को टेक्सटाइल के साथ पूरी वैल्यू चेन और सस्टेनेबिलिटी का ग्लोबल हब बनना चाहिए : अर्जुनभाई मोढवाडिया

सीटेक्स-2026 का उद्घाटन, मंत्री ने प्रदेशों से पानी, प्रेरे पर्यावरण संरक्षण पर दीर्घकालीन नीति बनाने का किया आह्वान, 2030 तक 70% पानी के पुन: उपयोग पर जोर

दिव्य भास्कर, 8 सप्टे.



लोकतेज, 27 सप्टे.

सीटेक्स एक्सपो : तीन दिन में 23,500 से अधिक बायर्स और विजिटर्स पहुंचे, मशीनरी अपग्रेडेशन को लेकर बढ़ा कारोबारियों का रुझान

दक्षिण गुजरात के टेक्सटाइल सेक्टर में ₹1680 करोड़ के निवेश की उम्मीद

पत्रिका न्यूज नेटवर्क
patrika.com

सूरत. सूरत के टेक्सटाइल उद्योग में मशीनरी अपग्रेडेशन को लेकर कारोबारियों का रुझान तेजी से बढ़ रहा है। रविवार से दक्षिण गुजरात चैंबर ऑफ कॉमर्स एंड इंडस्ट्री (एसजीसीसीआई) और दक्षिण गुजरात चैंबर ट्रेड एंड इंडस्ट्रीज डेवलपमेंट सेंटर के संयुक्त उपक्रम में आयोजित सीटेक्स एक्सपो-2026 में देशभर से 23,500 बायर्स की बड़ी भागीदारी और मशीनरी के लिए मिली इनक्वायरी से अगले छह महीनों में टेक्सटाइल मशीनरी सेक्टर में 1,680 करोड़ से अधिक के वैरिफिल इन्वेस्टमेंट की संभावना जताई है। इससे सूरत के साथ दक्षिण गुजरात के टेक्सटाइल उद्योग में नई मशीनरी, तकनीक और उत्पादन क्षमता बढ़ाने के लिए निवेश का रास्ता खुल सकता है। दक्षिण गुजरात के टेक्सटाइल क्लस्टर में मशीनरी की मांग बढ़ने का सीधा असर मशीनरी सप्लायर्स के साथ-साथ ग्रामीण, सीविल, लॉजिस्टिक्स और अन्य सहायक औद्योगिक गतिविधियों पर पड़ने के संभावना है। नई तकनीक अपनाने से उत्पादकता और गुणवत्ता में सुधार के साथ उद्योगों की प्रतिस्पर्धात्मक क्षमता बढ़ाने में भी मदद मिल सकती है।



एक्सपो में मशीन देखते उद्यमी

वन-टू-वन में कई ऑर्डर हुए फाइनल

बायर्स-विजिटर्स ने एक्सपो का दौर किया। तीन दिनों में कुल 23,500 से अधिक बायर्स-विजिटर्स पहुंचे। एकिजबिटर्स के मुताबिक, वन-टू-वन मीटिंग में कई ऑर्डर फाइनल हुए और कई संकेत में नई इन्क्वायरी मिलीं।

मेक इन इंडिया के साथ ग्लोबल टेक्नोलॉजी

चैंबर अध्यक्ष अमेश जोशाला ने कहा कि इस एक्सपो का मुख्य एजिबिटर्स में अच्छी प्रतिक्रिया मिली है। देश के विभिन्न राज्यों से आए सप्लायर्स के सामने अत्याधुनिक मशीनरी का प्रदर्शन किया गया। मेक इन इंडिया के तहत निर्मित मशीनरी के साथ वैश्विक स्तर की तकनीक भी प्रदर्शित की गई। लोरेन्स टेक्नोलॉजी की मशीनरी और एप्लिकेशन इक्विपमेंट के विस्तरेपण के आधार पर आगले छह महीनों में टेक्सटाइल मशीनरी सेक्टर में 1,680 करोड़ से अधिक के वैरिफिल इन्वेस्टमेंट की प्रबल संभावना है।

कश्मीर से कन्याकुमारी तक की भागीदारी

इस एक्सपो में देश के प्रमुख औद्योगिक केंद्रों से कारोबारी पहुंचे। अहमदाबाद, मुंबई, पुणे, कोल्हापुर, इचलकरंजी, नासिक, मालेगांव, औरंगाबाद, सोलापुर, भीलवाड़ा, इंदौर, वाराणसी, इटावा, गाजियाबाद, केंद्रों के प्रतिनिधियों ने एक्सपो का दौरा नई दिल्ली, अंबाला, बीकानेर, सिरोही, गुजरात से सुरेन्द्रनगर, सिद्धपुर, जोधपुर, डूंगरपुर, प्रतापगढ़, अहमदाबाद, भावनगर, पाटन, अमरेली, भुज और कोलकाता, सिलचर, वापस, सेलाकुई, वीरपुर, महिला अन्य जिलों से आए डेलिगेशन ने भी मशीनरी अपग्रेडेशन में रुचि दिखाई।

सूरत के साथ पूरे दक्षिण गुजरात को फायदा

मशीनरी में संभावित निवेश का असर केवल मशीनरी खरीद तक सीमित नहीं रहेगा। नई मशीनरी लगने से टेक्सटाइल इकाइयों में उत्पादन लागत घटेगी, गुणवत्ता उच्चकरणी को बदलने और आधुनिक तकनीक अपनाने की प्रतिस्पर्धा तेज हो सकती है। इसका लाभ सूरत से टेक्सटाइल हाथीवाद के साथ लगेता गुजरात के जूट मशीनरी, हजीरा स्थित, स्पेयर पार्ट्स, हेलोजेटेबल लॉजिस्टिक्स और अन्य सहायक उद्योगों को भी मिल सकता है। टेक्सटाइल उद्योग में नई तकनीक के इस्तेमाल से गंदगी की गुणवत्ता, उत्पादन लागत और बाजार की मांग के अनुरूप उत्पादन में सुधार की संभावना है।

राजस्थान पत्रिका, 29 सप्टे.

तमाम न्युझ क्लिपिंग्स संबंधित अखबारना सौजन्यथी

SGCCI

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

BE A PROUD MEMBER OF SGCCI

and get exclusive benefits

1. *Get connected with local buyers & sellers, 12,500+ SGCCI Members & 150+ various Trade & Industry Associations of South Gujarat (2,00,000+ Indirect Members)*
2. *Networking with leading industrialists.*
3. *Learning & skill development through various seminars, workshops & conclaves.*
4. *Participate in local, national & international level Exhibitions & Delegations.*
5. *Special Discounts in Domestic Exhibition by SGCCI.*
   Premium Member: 15%, Platinum Member & Gold Member: 10%, Chief Patron Member & Patron Member: 5%
6. *Special 10% Discounts in Educational Courses run by SGCCI Education & Skill Development Centre.*
7. *Latest updates of Government Policies.*
8. *Trade representation to local, state & central Govt. Bodies.*
9. *Exclusive offers for SGCCI members on various products and services.*

and many more....

SCAN HERE FOR ONLINE MEMBERSHIP

FOR MORE DETAILS CONTACT

SGCCI - 6th Floor, SANHATI, SIECC, Chamber of Commerce Road, Sarsana, Surat-395007, Gujarat, India.

(M) +91 90236 59280 / (M) +91 72111 73101

BUSINESS BEYOND EXCELLENCE

SPECIAL10% DISCOUNT
FOR SGCCI MEMBERS ONLY



GFRRC

SGCCI

SESDC
SGCCI EDUCATION HUB

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE
GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE

SHORT TERM COURSES FOR ENTREPRENEURS

MANAGEMENT COURSES

- Master Course In Export-import Management
- Journalism & Content Writing
- AI Business Transformation Program

TEXTILE COURSES

- Modern Weaving Technology
- Modern Yarn Preparatory
- Fabric Identification
- Garment Concept To Startup
- Fibre To Fashion Value Chain 360°
- Warp Knitting
- Technical Textile
- From Grey To Finish Fabrics
- AI for Textile Business Transformation

MORE DETAILS CONTACT

(M) +91 72111 73131 / (E) education@sgcci.in (W) www.sgcci.in
Venue: SGCCI, Samruddhi Building, Nanpura, Surat

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

SGCCI

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

We sincerely thank our Sponsors of Birthday Gifts

JOGANI REINFORCEMENT

Sihora INDUSTRIES LTD

MADHAVJI PATEL LANDMARK CORPORATION

KP GROUP www.kpgroup.cc

KHUSHALBHAI JEWELLERS

EKTA Forest CLOSE TO NATURE

Lotus MASALA Since 1963

KLM KLM LABORATORIES PVT. LTD.

MAHARANA NEVER MISS TRADITIONAL TASTE

visitorz.io

Vasudev Stuudio Pvt Ltd
Delivering Textiles Beyond Promise

GANDHI GANDHI GROUP OF INDUSTRIES

MAHADEV FABRICS
mfg. of fancy fabrics

NARMADA GROUP
EXPRESSION OF GROWTH

BRAHMANI
FURNITURE INSPIRED BY INNOVATION

amazon digital kendra

Alibaba.com
Grownext Export Solution Pvt. Ltd.

HASTEE BAKERY
LIVE CAKE SHOP & NAMKEEN MALL

Hilton Garden Inn
Surat City Centre

Natural Alkaline Water
Aava
Natural Mineral Water
ATISH OVERSEAS

KANIYARO
Occasional Ethnic

Chatni Wala

RAJ WAPERS

SWASTIK FINSOL
Financing | Debt | IPO

fortunate Pens...

COFFY-RICO
Quick Cup of Joy

dropit

LM LA MONT PERFUMES
Be Your Story

Kaadhenti

Nature Crown
"Nature's Energy, Crown's Purity"

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

BUSINESS BEYOND EXCELLENCE

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

SGCCI

EXHIBITIONS FOR THE YEAR 2026-27

5th EDITION
GLOBAL FABRIC EXPO 2026
THE COMPLETE FABRIC SHOW
26 27 28 JUNE 2026
(Formerly Known as WeaveKnitt)

શ્રાવણ BUSINESS MELA '26
24-25 JULY 2026

GLOBAL TRAVEL TRADE FAIR
EXPLORE • CONNECT • DISCOVER THE WORLD
28 29 JULY 2026

શ્રાવણ BUSINESS MELA '26
12-13 AUG 2026

8th EDITION
YARN EXPO
An International Trade Show
21 22 23 AUGUST 2026

શ્રાવણ BUSINESS MELA '26
30-31 AUGUST 2026

14th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
26-27-28 SEP 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

Nirmiti
SURAT
22nd - 25th October 2026

Diwali
SHOPPING FESTIVAL
25 to 31 October 2026

CEMS Global
www.cems.global
03 04 05 NOV 2026

NATIONAL DIVYANG EXPO 2026
INCLUSION • ACCESSIBILITY • EMPOWERMENT
03-04 DECEMBER 2026

GLOBAL BUILDTECH EXPO 2026
11-12-13 DECEMBER

GLOBAL EDUCATION & SKILL EXPO
EMPOWERING MINDS • BUILDING SKILLS • SHAPING FUTURES
11-12-13 DECEMBER 2026

GLOBAL TEXMACH EXPO
19-20-21 DEC 2026
CONNECTING TEXTILE MACHINERY WORLDWIDE

5th EDITION
GLOBAL FABRIC EXPO 2027
FINISHED FABRICS & GARMENTS
10 11 12 JAN 2027
BENGALURU

7th EDITION
SGCCI Food & Beverages EXPO
23 24 25 JANUARY 2027

AYUSH EXPO '27
23-24-25 JAN, 2027
AYURVEDA FOR HEALTH

12th EDITION
WEALTH EXPO 2027
05-06-07 FEBRUARY

SITME '27
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
12-13-14-15 FEB 2027
EMBROIDERY MACHINERY EXPO

16th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
20-21-22 FEB 2027
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

TRIBAL EXPO
7 to 11 March 2027

VINTAGE CAR EXPO 2027
19-20-21 March

GLOBAL GAU TECH 2027
गो-आधारित तकनीक निवेश शिखर सम्मेलन एवं प्रदर्शनी
26-27-28 MARCH

16th Edition
dyog 2027
07 08 09 MAY
Ideal Platform for MSME

PROPOSED EXHIBITIONS FOR THE YEAR 2026-27

SPARKLE INTERNATIONAL

STARTUP & AI INNOVATION SUMMIT

2nd Edition
संस्कृति
The Mega Art Festival
Celebrating Art, Culture & Handicraft

SURAT INTERNATIONAL SHOPPING FESTIVAL

SURAT FOOD FESTIVAL

CHEMICAL EXPO

LAB GROWN DIAMOND & JEWELLERY EXPO
A COMPLETE B2B EXPO

WEE!

GIFT EXPO
THE ULTIMATE SHOWCASE OF GR-19

BUSINESS BEYOND EXCELLENCE